بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-માર્ચ-૨૦૧૧**

રબીઉલ અવ્વલ-રબીઉઅલ આખર

હિજરી સન : ૧૪૩૨

વર્ષ : ૦૮, અંક : ૦૩, સળંગ અંક : ૮૭



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | અસીમાનંદે ત્રાસવાદની સીમામાં છુપાયેલા......... | ૦૨ |
| ૦૨ | પોતાને તથા ઘરવાળાંને જહન્નમથી બચાવો ! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૦ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૨ |
| ૦૫ | શિફા શરીફ | ૧૪ |
| ૦૬ | હ઼દાઈકે બખ્શિશ | ૧૫ |
| ૦૭ | ક઼ાનૂને શરીઅત | ૨૧ |
| ૦૮ | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین | ૨૨ |
| ૦૯ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૩ |
| ૧૦ | અવલિયા અલ્લાહની કરામતો | ૨૫ |
| ૧૧ | રસૂલુલ્લાહ ﷺના નાયબો (આલિમો)માં ખૂબીઓ કેવી હોવી જોઈએ ?! | ૨૬ |
| ૧૨ | શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તાલિબે ઈલ્મની હૈસિયતથી | ૩૩ |
| ૧૩ | ઈમામ અહમદ રઝાનો ઈબાદતથી અનોખો લગાવ | ૩૬ |
| ૧૪ | ચાર આસમાની કિતાબો પર અમલ | ૪૦ |
| ૧૫ | કરજ લેનાર તથા આપનાર અને ઈસ્લામી શરીઅત | ૪૩ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


## મનકબત : દર શાને આફ્તાબે જીલાની હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ

યા ગૌષ કર દો લુત્ફો, કરમ ગમ કે મારોં પર
ઝુલ્મો સિતમ હંય ખૂબ, સદા બે સહારોં પર
અલ્લાહ કે વલી કો, કોઈ ખૌફ હય ન ગમ
લિખા હુવા હય પઢ લો, યે કુર્આં કે પારોં પર
દોનોં જહાં તુમ્હારી, હંય નઝરોં કે સામને
જારી હય હુકમે પાક, ક઼મર, શમ્સ, તારોં પર
ફર્મા કે લા તખફ સભી, અપને મુરીદોં કો
જન્નત લૂટા દી તુમને, મુહમ્મદ કે પ્યારોં પર
પેશે નિગાહ રોઝએ, સરકારે ગૌષ હય
મૈં ક્યૂં કરું નઝર કિસી, રંગી નઝારોં પર
પાતે હંય ફયૂઝ ગૌષે ઝમાં કા વોહ બિલયકીં
જાતે હંય વલિયોં કે જો, મુક઼દ્દસ મઝારોં પર
ગભરાએ ક્યૂં ભલા કિસી, રંજો અલમ સે હમ
દસ્તે કરમ તુમ્હારા, હય જબ ગમ ગુસારોં પર
ગૌષે ઝમન કી શાન **"ગનીમત"** હો ક્યા બયાં
મુર્દે ભી ઝિંદા હોતે, હંય જિનકે ઈશારોં પર

અઝ : **શેખ અબ્દુલગની અબ્દુર્રહમાન "ગનીમત" બાલાસિનોર**

# અસીમાનંદે ત્રાસવાદની સીમામાં છુપાયેલા જાહેર કર્યા છતાં ?.......

કાર્યાલય

સમઝૌતા એક્સપ્રેસ, અજમેર દરગાહ શરીફ, હૈદ્રાબાદ મક્કા મસ્જિદ તથા માલેગાંવ કૃબ્રસ્તાન વગેરે સ્થળોએ બોમ્બ ધડાકા કરીને સેંકડો નિર્દોષ જીવોનો જીવ હણનારા અને પુષ્કળ લોકોને ઘાયલ તથા અપંગ કરનારા ત્રાસવાદીઓ ભગવા આંતકવાદીઓ હતા તેનું ચિત્ર સ્વામી અસીમાનંદની કૃબૂલાતોથી સ્પષ્ટ થઈ ગયું તો તેનાથી જરાક ક્યાંક ધમાકો થતાં મુસ્લિમ નામી અનામી સંગઠનોના નામે લચ્છેદાર સ્ટોરી બનાવીને હાહાકાર મચાવી દેતા અને મુસ્લિમ કૌમને બદ્‌નામ કરવામાં કશી જ કચાશ ન રાખનારા ચેનલોવાળા, પત્રકારો, અખ્બારો તથા ગંદી પોલીસીવાળા રાજકરણીઓ તથા હિંદુ કટ્ટરવાદી સંગઠનોની હવા નીકળી ગઈ છે ! અખ્બારોમાં ઉશ્કેરણીજનક સ્ટોરીઓ મુસ્લિમનામી સંગઠનોને બોમ્બ ધડાકાના આરોપી ઠરાવીને રજૂ કરનારાઓની ઝબાનો ગુંગી થઈ ગઈ છે અને કૃલમો પર પણ બ્રેક લાગી ગઈ છે ! એવું શા માટે ? **ત્રાસવાદી કોઈ પણ કૌમથી સંબંધ ધરાવતો હોય પણ તે દેશની શાંતિ માટે જાખમી છે અને દેશદ્રોહી છે, છતાં પહેલાં અખ્બારના પ્રથમ પાને જ મુસ્લિમનામી સંગઠનોના નામો ત્રાસવાદ ફેલાવનાર તરીકે ચમકતાં હતાં તેવું હાલ નથી થતું !** આર.એસ.એસ. તથા અન્ય હિંદુત્વવાદી સંગઠનોના અગ્રગણ્ય કર્તાહર્તા તથા સક્રિય સભ્યોનાં નામો ત્રાસવાદી તરીકે જાહેર થઈ ગયાં છતાં ક્યાંય પેપરમાં શોધ્યા સમાચારો જડતા નથી ! ન આ જીવલેણ ત્રાસવાદ સામે કોઈ હોબાળો છે ! કદી કદી ક્યાંક અખ્બારના ખૂણામાં સામાન્ય સમાચાર જેમ ત્રુટક શબ્દોમાં છાપેલું જોવા મળે છે, જાણે કે મજબૂરન્ થોડુક છાપવું પડયું હોય ! **આ નીતિ દેશની શાંતિ, એકતા અને અખંડિતતાને તોડવામાં બળરૂપ નહીં ગણાય ?!** કે પહેલાં કેવળ ધડાકો થતાં તરત જ મુસ્લિનામી સંગઠનોનાં મોટા હેડિંગો સાથે પ્રથમ પાને "ફલાણા સંગઠનનો હાથ છે." એવું છપાઈ જતુ હતું, T.V. પર શોર મચી જતો ! અને આજે કાયદેસર કૃબૂલાતો થઈ રહી છે છતાં સર્વત્ર સન્નાટો છે !

આજે સ્વામી અસીમાનંદના કૃબૂલાતનામા પછી કેટલીક હદ સુધી "ભગવા ત્રાસવાદ"નો ભયાનક ચહેરો અદાલતી સનદ સાથે સામે આવી ગયો છે, અસીમાનંદથી લઈને કર્નલ પુરોહીત, સાધ્વી પ્રજ્ઞા ઠાકુર વગેરેનાં ત્રાસવાદી કૃત્યો પબ્લિક સમક્ષ આવી ગયાં છતાં જે નિર્દોષ મુસ્લિમોને વરસોથી એ ધમાકાઓમાં જબરદસ્તી આરોપી ઠરાવી જેલમાં નાખી દીધા છે તેમના વિરુદ્ધ પુરાવાઓ ન મળવા છતાં હજી તેમને ગોંધી રખાયા છે અને તેમની, તેમની ઔલાદની તથા કુટુંબીજનોની જિંદગીઓને બર્બાદ કરી દેવામાં આવી છે, છતાં એમને હજી પણ છોડવાની કે ખોટી રીતે ગોંધી તેમનું જીવન તબાહ કરવાનું કોઈ વળતર ચૂકવવાની કોઈ તૈયારી થતી જોવા નથી મળતી.

વળી જેમ આર.એસ.એસ.એ પોતાના જ માણસો ત્રાસવાદી તરીકે પકડાઈ જતાં તેમનાથી બેઝારી જાહેર કરી અને કહી દીધું કે કોઈ ત્રાસવાદીને અમારે ત્યાં સ્થાન નથી, તો શું આ નિવેદનોથી એ સંસ્થા નિર્દોષ થઈ ગઈ?! તેમનાથી સંબંધિત જે ત્રાસવાદીઓ પકડાયા તેની નિષ્પક્ષ તપાસ કરીને સાચી હકીકત બહાર લાવવાની જરૂરત નથી ?! આશા છે કે આપણી ન્યાયપ્રિય સરકાર આ સંબંધે કાંઈક કરશે, તો હજી ભયાનક જાલિમ ચહેરા બેનકાબ થઈ શકે છે.

# પોતાને તથા ઘરવાળાંને જહન્નમથી બચાવો !

તંત્રી લેખ

**દિન લહ્વમેં ખોના તુઝે-શબ સુબ્હ તક સોના તુઝે**
**શર્મે નબી ખૌફે ખુદા-યહ ભી નહીં વહ ભી નહીં**
**રિઝ્કે ખુદા ખાયા કિયા-ફર્માને હક્ક્ ટાલા કિયા**
**શુક્રે કરમ તરસે સઝા-યહ ભી નહીં વહ ભી નહીં**

*-(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

આજે આપણા સમાજનું નિરીક્ષણ કરવામાં આવે તો જાણે ચોમેર બેશર્મી તથા બેહયાઈનું પુર ઉમટી પડયું હોય તેમ જણાય છે અને દિવસે દિવસે એ પુરના પ્રવાહમાં વધારો થઈ રહ્યો છે. અને જેમ જેમ પાણીના પુરનો ફોર્સ તથા ઊંચાઈ વધે છે તેમ તેમ મજબૂત બિલ્ડિંગો પણ જમીન દોસ્ત થઈ જાય છે, એ જ પ્રમાણે ગુનાહોના ઘોડાપુરમાં ખાનદાન કહેવાતાં કુટુંબો તથા બાઈઝ્ઝત ઘરાનાની દિવાલોમાં પણ તિરાડો પડી રહી છે અને એક સમયનાં સારાં સારાં ખાનદાન ગુનાહો તથા બેહયાઈના પુરમાં ગર્ક થતાં જણાઈ રહ્યાં છે. ઈલ્લા માશા અલ્લાહ ! કેટલાક લોકોને એ બધું પોતાની અજ્ઞાનતામાં ગમી રહ્યું છે, તો કેટલાક મનોમન અફસોસ કરી રહ્યા છે, પણ એના ઈલાજ માટે કાંઈ કરવાથી હાથ ઊંચા કરી ચૂકયા છે ! પરિસ્થિતિ ક઼ાબૂ બહાર જઈ રહી છે. બલ્કે લોકો બેહયાઈના નઝારાને તદ્દન સહજતાથી લઈ રહ્યા છે અને એમાં એમને જરાય અજુગતુ નથી જણાતુ ! જેમ કે ચામડાં પકવવાનો ધંધો કરનારનું દિમાગ ચામડાંની ગંધથી ટેવાય જાય છે કે સતત ગંધમાં રહેવા છતાં તેને કોઈ અસર નથી થતી, એ જ પ્રમાણે સર્વ લોકો બેહયાઈનાં દશ્યોથી જાણે "યુઝ ટુ" થઈ રહ્યા છે. પણ આવો ! આપણો પ્યારો દીન ઈસ્લામ એના માટે શું કહે છે અને બેહયાઈથી બચવાના શા ઉપાય દર્શાવે છે તેને જોઈએ.

## ★ શર્મો હયાવાળો જન્નતમાં અને બેહયા દોઝખમાં ★

હે લોકો ! કુર્આને પાકમાં હયાની એટલી તાકીદ છે કે "સ્ત્રી પુરૂષને નજરો પણ નીચી રાખવાનો હુકમ છે." તેમજ જો તમે નબી પાક ﷺ પર ઈમાન ધરાવો છો અને આપ ﷺની મહોબ્બત તમારા દિલમાં છવાયેલી છે તો આપનાં આ ફર્માનો પણ વાંચો અને ચેતી જાવ અને સુધરી જાવ !

હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હયા ભલાઈ જ લાવે છે." *(બુખારી તથા મુસ્લિમ)*

બીજી હદીષમાં છે, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે આલમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "શર્મો હયા ઈમાનનો હિસ્સો છે, અને ઈમાનવાળો જન્નતમાં જશે, અને બિભત્સ બોલનાર બુરાઈનો હિસ્સો છે અને બુરાઈવાળો (બેહયા) દોઝખમાં જશે." *(અહમદ, તિર્મિઝી)*

તેમજ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂરે અકરમ નૂરે મુજસ્સમ ﷺએ ફર્માવ્યું, "ઈમાન અને હયા બંને એકબીજાનાં સાથી છે, જ્યારે એમાંથી એક જતુ રહે છે તો બીજુ પણ ઉઠાવી લેવામાં આવે છે." *(બયહકી, મિશ્કાત બહવાલા ઝિયાઉલ હદીષ, અઝ : તુરાબુલ હક્ક્)*

સારાંશ કે જેઓને ફર્માને રસૂલ عليه الصلوٰة والسلام પર ઈમાન છે, અને જેઓ ભલાઈ ચાહતા હોય, અને જેઓ જન્નત ચાહતા હોય અને દોઝખથી ડરતા હોય, અને જેઓ ઈમાનની સલામતી ચાહતા હોય તેઓ જરૂર બેહયાઈનાં પ્રદર્શનોથી દૂર ભાગશે અને બાહયા બનશે, અને જેઓ દોઝખનો અઝાબ અને દુનિયાની આગથી સિત્તેર ગણી તીવ્ર આગની ગરમી વેઠવા સમર્થ હશે તેઓ બેહયા જીવન જીવશે.

### ★ બેહયાઈનાં દ્દષ્ટાંતો અને તેનો ભયાનક અંજામ ! ★

આજે બેહયાઈની સીમાઓ દિન પ્રતિ દિન તૂટી રહી છે અને ગુનાહનાં કામો કરનારા એકદમ ગર્વભેર પોતાના ગુનાહોનું એલાન પોતાની બહાદુરી દર્શાવવા લોકો સમક્ષ, મિત્રો સમક્ષ કરીને ખુશી અનુભવી રહ્યા છે, કોઈની છોકરી કે પત્ની કે બહેન સાથે કુકર્મ કરીને મિત્રોમાં તેની જાહેરાત કરીને પોતાની કાબેલિયત, હોશિયારી તથા મહાનતાનાં ગીતો ગાઈ રહ્યા છે. તાજેતરમાં જ એક મિત્રએ કોઈક પરણિત વ્યક્તિ વિશે વાત કરી કે તે ભાઈ પોતાના સર્કલમાં પોતાની બહાદુરી આ શબ્દોમાં દર્શાવી રહ્યો હતો કે, "તેણે પોતાની સગી સાળી કે **જેના નિકાહ થવામાં ફક્ત બે દિવસની વાર હતી !** તેને શોપિંગના બહાને બજારમાં લઈ જઈને પટાવી લીધી અને તેણીને હોટલમાં લઈ જઈને સુહાગ રાતનું જાણે રિહર્સલ કરી નાખ્યું !" અસ્તગ્ફિરુલ્લાહ ! મને આ સમાચારથી એટલો સખત આંચકો લાગ્યો કે આ બનેવીએ તેણીનાં મા, બાપ, ભાઈ તથા તેણીના પતિ સાથે કેટલો મોટો વિશ્વાસઘાત કર્યો ?! તેમજ એ બેસબ્ર બેહયા છોકરીએ પોતાના પતિ સાથે કેટલો મોટો વિશ્વાસઘાત તથા ધોકો કર્યો ?! તેમજ તેમને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનો જરાય ખૌફ ન નડયો ?! તેમનાં દિલો કેટલી હદે કાળાં ગંદાં કહેવાશે કે તેમને જરાય શરમ ન આવી કે એહસાસ ન થયો કે રબની બારગાહમાં પોતાનુ કાળુ મોઢું કેમ કરીને બતાવી શકશે ?!

એટલા જ માટે **ઈસ્લામનો ક઼ાનૂન છે કે કોઈ ગૈર મેહરમ સાથે મુસ્લિમ સ્ત્રીએ ન રહેવું ન એકાંતમાં મળવું, કેમ કે શૈતાન તેમની પછવાડે સક્રિય હોય જ છે, તે પળવારમાં વરસોના તક઼વાને ભસ્મીભૂત કરી આપે છે,** માટે કોઈના ભરોસે મા બાપે કે પતિએ પણ ન રહેવું, નહીં તો આવા બનાવો બનતાં વાર નથી લાગતી. **"દિયર" હોય કે "બનેવી" એ પણ ગૈર મેહરમ છે, તેમનાથી પર્દો ફર્ઝ છે અને અન્ય લોકો કરતાં તેમનાથી વધારે ખતરો છે કે તેઓ સગાઈની ઓઠમાં મેળાપ કરીને કુકર્મો આસાનીથી કરી શકે છે.** માટે **હે મુસલમાનો ! પોતે તથા પોતાની ઔલાદને જહન્નમથી બચાવવા ચાહતા હોઉ તો છૂટછાટવાળી જિંદગી ન બનાવો** બલ્કે ઈસ્લામના હુકમોને જ અનુસરો કે એમાં તમારી દુનિયા તથા આખેરતની અસંખ્ય ભલાઈઓ છુપાયેલી છે.

વળી આવી છૂટછાટોમાંથી થતાં કુકર્મોની જ્યારે પોલ ફૂટી જતી હોય છે તો પરિણામ તલાક઼માં આવે છે અને ભોળી છોકરીઓની જિંદગીઓ બર્બાદ થઈ જાય છે. જેમ કે એક નિર્દોષ છોકરીની વાત છે કે તેણી તેની બહેનની સુવાવડ માટે બહેનના ત્યાં અમુક દિવસો રહી તો તેના નાલાયક બનેવીએ રાતના અંધકારમાં તેણી સાથે બળપૂર્વક મોઢું કાળુ કર્યું ! આ વાત કોઈક રીતે શાદી બાદ તેણીના પતિની જાણમાં આવી ગઈ તો તેણે તુરત જ તલાક઼ આપી દીધી. શું આવા અધર્મી બનેવીઓ કે અન્ય ઝિનાખોરો તેમજ સ્વેચ્છાએ ઝિનામાં પડતી બેહયા સ્ત્રીઓ શું એવું સમજે છે કે એમને કાંઈ નહીં થાય ? જાણી લો ! દુનિયાની તકલીફો તથા બેઈજ્જતી તો ઠીક છે, પણ આખેરતમાં તેમની જે બુરી ગત થશે તેના વર્ણનથી જ ધ્રુજારી છૂટી જાય છે !

## ★ ઝિનાખોરોની દુનિયામાં સજા આ છે ! ★

પ્યારા દીની ભાઈઓ બહેનો ! અલ્લાહના પ્યારા હબીબ ﷺના જાંનિષાર સહાબી હઝરત વાઈલ બિન હજર رضي الله عنه કહે છે કે નબી કરીમ ﷺના સમયમાં એક સ્ત્રી નમાઝના ઈરાદાથી બહાર નીકળી તો એક પુરૂષે તેણીને પકડી લીધી અને તેના પર કપડુ નાખી પોતાની હાજત (વાસના) પૂરી કરી લીધી. તે સ્ત્રી ચિલ્લાઈ અને પુરૂષ તેણીને છોડીને ચાલ્યો ગયો. મુહાજિરોની એક જમાઅત તે સ્ત્રી પાસેથી પસાર થઈ તો સ્ત્રીએ કહ્યું કે ફલાણા શખ્સે મારી સાથે આવું આવું કર્યું છે. તેમણે તે શખ્સને પકડી લીધો અને તેને નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં લાવ્યા. આપે સ્ત્રીને ફર્માવ્યું, "તું જા ! ખુદાએ તને બખ્શી આપી." (એટલા માટે કે તેં તારી ઈચ્છાથી આ કામ નથી કર્યું) અને **જેણે ઝિના કર્યો હતો** એ પુરૂષ વિશે ફર્માવ્યું કે, **"એને લઈ જાવ ! અને સંગસાર કરી દો !"** જેથી એને લઈ જઈને સંગસાર કરી દેવામાં આવ્યો. ત્યાર બાદ આપ ﷺએ ફર્માવ્યું, એણે તૌબા કરી (એટલે સજા ભોગવીને) અને એવી તૌબા કરી કે જો સર્વ મદીનાવાળાઓ આવી તૌબા કરતા તો તેમની તૌબા કૃબૂલ કરવામાં આવત." *(તિર્મિઝી, અબૂ દાઊદ)*

**હે ઝિનાકારો ! તમે દુનિયામાં તો આ જ સજાના લાયક છો ! શું તમારામાં આ શક્તિ છે કે સંગસારી (પથ્થર વર્ષા કરી મારી નાખવું) સહન કરી શકો ?!** જો નહીં, અને ખરેખર નથી જ ! તો રબની બારગાહમાં આજથી જ તૌબા કરવા માંડો અને ઝિનાકારીની આદત ત્યજી દો.જો હાલ ઈસ્લામી બાદશાહ હોત તો ઝિનાકારને દુનિયામાં આ જ સજા થાત, તમે જો એ સજાથી બચી ગયા છો તો તેનાથી ખુશ ન થશો ! કારણ કે આખેરતમાં એની ભયાનક સજાઓ નીચે પ્રમાણે છે.

## ★ ઝિનાખોરોને આખેરતમાં થનાર અતિ ભયાનક સજાઓ ★

હે મુસલમાનો ! **નબી કરીમ ﷺની વાતનું વજન તથા મહત્વ ખરેખર તમારા દિલોમાં હોય** અને એના પર **ઈમાન** તથા **યકીન હોય** તો **ઝિના (વ્યભિચાર)થી તૌબા કરો** અને તેનાથી દૂર ભાગો. સાંભળો ! હદીષમાં આવેલ છે, **"જે શખ્સ કોઈ સ્ત્રીને વાસનાની સાથે હાથ લગાડે છે તો તેના હાથ કયામતના દિવસે તેની ડોકી સાથે બાંધેલા હશે. જો તેણે કિસ કરી હશે તો તેના બંનેવ હોઠ જહન્નમની આગથી કાપી નાખવામાં આવશે. વળી જો તેણે બદ્કારી કરી હશે તો તેની જાંગ બોલશે અને કહેશે, હું હરામમાં સપડાઈ હતી,** તો અલ્લાહનો ગઝબ જોશમાં આવશે, જ્યારે એના તરફ અલ્લાહ ગઝબની નજર ફર્માવશે તો **તે (ઝાની)ના ચહેરાનો ગોશ્ત સડીને ખરી પડશે.** પછી તે કહેશે, મેં ઝિના નથી કર્યો ! તો તેની **જીભ ગવાહી આપશે, હાથ ગવાહી આપશે** કે મેં (સ્ત્રીને) પકડી હતી. **બંને આંખો ગવાહી આપશે** કે અમે હરામ જોયું હતું. **પગો ગવાહી આપશે** કે અમે હરામની તરફ ચાલીને ગયા હતા. **ગુપ્તાંગ બોલશે** કે, મેં ઝિના કર્યો હતો. પછી મુહાફિઝ ફરિશ્તા જેમને કિરામન કાતિબીન કહેવામાં આવે છે તેઓ કહેશે, અમે સાંભળ્યું હતું, લખ્યું હતું. પછી **અલ્લાહ ખૂદ ઈર્શાદ ફર્માવશે, જાલિમ !** હું ખૂદ જાણું છું ! પણ પર્દો નાખી દીધો હતો. હુકમ થશે, હે ફરિશ્તાઓ ! આને પકડો અને મારા અઝાબની મજા ચખાડો ! એણે મારાથી પણ હયા (શરમ) ન કરી !" એનું સમર્થન કુર્આને પાકની આયત يوم تشهد عليهم السنتهم وايديهم وارجلهم (જે દિવસે એમના પગો તથા હાથ ખૂદ ગવાહી આપશે) કરે છે.

## ★ જહન્નમની આગમાં વિવિધ અતિ દર્દનાક સખત અઝાબો ★

બીજી હદીષમાં છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "ઝિના કરનારાઓ કયામતના દિવસે એ હાલતમાં આવશે કે **તેમના ચેહરા આગથી ભડકેલા હશે.** તેઓ લોકોમાં પોતાની શર્મગાહ (ગુપ્તાંગ)ની દુર્ગંધના કારણે ઓળખવામાં આવશે, તેમને મોઢાભેર ઘસેડીને આગમાં ફેંકી દેવામાં આવશે. જ્યારે તેઓ આગમાં દાખલ થશે તો માલિક (જહન્નમના દરવાનનું નામ) તેમને (વજનદાર) બખ્તર પહેરાવશે. જો ઝિના કરનારનું બખ્તર ઊંચા પહાડ પર એક પળ માટે રાખી દેવામાં આવે તો તે રાખ બની જાય ! પછી માલિક (દરવાન) કહેશે, હે અઝાબના ફરિશ્તાઓની જમાઅત ! **ઝાનીઓની આંખોને આગના ખીલાઓ વડે ડામ આપો !** જેમ કે **એમણે બદ્નઝરી કરી** અને ગૈર મહરમ (સ્ત્રીઓ)ને જોઈ હતી. અને એમના **હાથોમાં દોઝખની આગની હાથ કડીઓ** પહેરાવી દો, જેમ કે એ હાથ હરામકારીની તરફ આગળ વધ્યા હતા. અને એમના **પગોમાં આગની બેડીઓ** પહેરાવી દો જેમ કે એ હરામકારીની તરફ ચાલ્યા હતા. અઝાબ આપનાર ફરિશ્તા કહેશે, હાજર છીએ જનાબ ! હાજર છીએ જનાબ ! જેથી તે ફરિશ્તાઓ તેમના હાથોમાં હાથકડીઓ, પગોમાં બેડીઓ નાખશે અને આગના ખીલાઓ વડે તેમની આંખોને ડામવામાં આવશે. તેઓ (ઝાનીઓ) કહેશે, હે અઝાબ આપનાર ફરિશ્તાઓની જમાઅત ! અમારા પર દયા કરો ! અને થોડીકવાર માટે અમારા પરથી અઝાબ હલકો કરી આપો ! અઝાબના ફરિશ્તા તેઓને કહેશે, **અમે તમારા પર કેવી રીતે રહમ ખાઈએ જ્યારે કે રબ્બુલ આલમીન તમારાથી નારાજ છે !**

એક હદીષમાં છે કે, "જહન્નમમાં એક વાદી (પહાડો વચ્ચેનું મેદાન) છે જેનું નામ "જબ્બુલ હુઝૂન" છે એમાં સાપ તથા વિછીઓ છે. દરેક વિછી ખચ્ચર જેટલો મોટો છે. તેના સિત્તેર કાંટાઓ છે અને દરેક કાંટામાં ઝહેર ભરેલુ છે. **તે ઝાનીઓને કરડશે જેનું ઝહેર આખા શરીરમાં ફેલાઈ જશે જેની અસર એક હજાર વરસ સુધી રહેશે** ત્યાં સુધી કે તેમનો ગોશ્ત સડીને ખરી પડશે. તેમનાં ગુપ્તાંગોથી લોહી તથા પાક (રસી) વહેશે." અલ્લાહની પનાહ ! હે ઝાનીઓ ! ક્ષણભરની મજા માટે હજારો વરસોનો આવો ભયાનક અઝાબ શા માટે વહોરો છો ?! સમજો અને તૌબા કરો !

એક હદીષમાં છે, **"જે શખ્સ બદ્નઝરી કરે છે તેની આંખોને અલ્લાહ તઆલા જહન્નમના અંગારાઓથી ભરી દેશે.** અને જે શખ્સ કોઈ સ્ત્રીથી ઝિના કરશે તેને અલ્લાહ તઆલા કબ્રથી તરસ્યો, **રડતો પીટતો, ગમગીન, અંધાર્યા તથા કાળા ચહેરાવાળો ઉઠાડશે.** તેની ડોકમાં આગની સાંકળ પડેલી હશે અને ડામરની શલવાર શરીર પર પહેરેલ હશે. અલ્લાહ ﷻ ન એના તરફ મુખાતબ થશે ન તેની ચર્ચા કરશે અને તેના માટે દર્દનાક અઝાબ છે." **આજે બદ્નઝરી તો આમ જોવા મળે છે !** અને ઝિનાનું પ્રમાણ પણ વધી રહ્યું છે. તો આ હદીષથી લોકો ચેતે અને એનાથી દૂર થાય.

એક હદીષમાં છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, માણસનું દસ સ્ત્રીઓ સાથે ઝિના કરવું પોતાની પડોસણ સાથે ઝિના કરવાથી ઉતરતું છે." *(ઝવાજિર, ૨/૨૨૩)* સારાંશ કે તેને દસવાર ઝિના કરવા જેટલો અઝાબ થશે. (અલ્લાહની પનાહ !)

## ★ સાત લોકો પ્રતિ રબ રહમની નઝર કરશે નહીં ! ★

ફકીહ અબુલ લૈષ સમરકંદી પોતાની સનદની સાથે હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો કે સાત પ્રકારના લોકો હશે જેમની તરફ અલ્લાહ

તઆલાની નિગાહે કરમ થશે નહીં અને ન તેમને ગુનાહોથી પાક કરશે, અને તેઓને હુકમ થશે કે દોઝખમાં જનારાઓ સાથે દાખલ થઈ જાવ ! **એક** લવાતત (સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય) કરનાર, **બીજો** હસ્તમૈથુન કરીને વાસના સંતોષનાર, **ત્રીજો** ચોપગાં (જાનવરો) સાથે બદ્કૃત્ય કરનાર, **ચોથો** સ્ત્રી સાથે લવાતત કરનાર, **પાંચમો** એક **સ્ત્રી તથા તેની પુત્રીને (કે બહેનને) નિકાહમાં એક સાથે ભેગી રાખનાર, છટ્ઠો** પડોસીની પત્ની (કે પુત્રી) સાથે ઝિના કરનાર, **સાતમો** પડોસીઓને તકલીફ આપનાર. હા ! જો એ લોકો તૌબા કરી લે અને તેની શર્તો (તૌબાની)ને પણ પૂરી કરી લે તો અલ્લાહ તઆલા માફ ફર્માવશે.

હે લોકો ! જહન્નમનો સૌથી હલકો અઝાબ એ છે કે આગના જોડા પહેરાવવામાં આવશે જેનાથી ખોપડી હાંડલી જેમ ખદબદશે ! તો **આ સંજોગોમાં રબ રહમની નજરને બદલે ગઝબનાક હશે !** તો જહન્નમના અતિ ભયાનક અઝાબો કેવી રીતે વેઠી શક્શો ?! માટે **ખુદાથી ડરો !** અને બુરાં કામોથી આજે જ તૌબા કરી બાહયા જિંદગી જીવવા લાગો. તમારી આંખને તથા સર્વ અંગોને ઝિનાથી બચાવો.

## ★ ઝિનાનું પ્રમાણ વધવાનો સબબ અને તેનો ઈલાજ ★

એક તો એ છે કે મુસલમાન ન પોતે દીની કિતાબોથી કે ઉલમાની સોહબતથી, બયાનથી શર્મો હયા તથા અખ્લાક઼ની તા'લીમ મેળવવાની દરકાર કરે છે ન પોતાની ઔલાદ કે ઘરવાળાંને તેની તા'લીમ મળે તે વિશે સાવધાન હોય છે. બલ્કે એનાથી ઉલ્ટુ વાતાવરણ એટલે બેશરમી તથા બેહયાઈ અધિક ફેલાય તેવાં સાધનો ઘરમાં રાખે છે. જેમ કે **ટી.વી. ઘરે ઘર જેમ ફ઼રજ હોય તેમ વસી ગયું છે !** તેમજ તેના પર ઈસ્લામમાં હરામ એવાં બેપર્દા ગૈર મેહરમ સ્ત્રીઓનાં નાચગાનનાં, અર્ધનગ્ન ડાન્સ તથા ડ્રામાનાં દ્દશ્યો, ફિલ્મી એકટરો કે ક્રિકેટરો તથા ફાસિક઼, ફાજિર કલાકારોનાં સંસ્કાર વિરુદ્ધના ડ્રામા તથા ડાયલોગના પ્રોગ્રામો ચોવીસ કલાક ચાલુ રહે છે તેમજ હજારો બિભત્સ ચેનલો તથા અડધી રાત્રે બાકાયદા બેહયા તથા બદ્કાર કલાકારોનાં મસ્તીભર્યાં દ્દશ્યોવાળા ખાસ બિભત્સ પ્રોગ્રામો એ રીતે ચાલે છે કે હિંદની સંસ્કૃતિ ધરાવતી **ગૈર ક઼ૌમ પણ તેનો વિરોધ કરી રહી છે** તે મુસલમાનોના ઘરોમાં જોવામાં આવે છે ! અને તે પણ મર્દ ઔરત બાળકો સૌ નિઃસંકોચ જોતાં રહે છે. **પહેલાં ઘરની દિવાલ પર ઊંચાઈએ આયતુલ કુર્સી, નાલૈન શરીફ, બુઝુર્ગોનાં નામોવાળા તથા મઝારોના ફોટાવાળા તખ્તા બરકત માટે લગાડવામાં આવતા હતા, પણ હવે એ જ દિવાલો પર આધુનિક T.V. સ્ક્રિન લગાડી તેના પર હયાસોઝ ઝિનાકારી કરવા પ્રેરતા ગીતોના, નાચ નખરાંના પ્રોગ્રામો જોવામાં આવી રહ્યા છે** જેથી આપણી સંસ્કૃતિ યહૂદી તથા ઈસાઈ બેહયા ક઼ૌમો જેમ નાગી તથા ઉઘાડી બની વ્યભિચાર તરફ વળી રહી છે. **કોઈને કેન્સર થઈ જાય તો તેને હોસ્પિટલમાં દાખલ કરી શક્ય તે ઈલાજો કરવામાં આવે છે, પણ આપણા કલ્ચરને T.V. થકી બેહયાઈનું કેન્સર થઈ ગયું છતાં તેના નિવારણમાં સામાન્ય ટેબ્લેટ જેવા ઈલાજ પણ કોઈ કરતું જોવા નથી મળતું !** ઈલ્લા માશા અલ્લાહ ! બલ્કે હવે તો ઈન્ટરનેટ પર લાખો બિભત્સ વેબ મૂકાઈ છે જેને આજનાં યુવાન યુવતી મોબાઈલ કે કોમ્પ્યુટર થકી સરળતાથી જોઈને ઝડપભેર બેહયા બની સાંસ્કૃતિક પતનના માર્ગે વહીને પોતાની દુનિયા તથા આખેરતને બર્બાદ કરી રહ્યાં છે. આટલી મહાન આફતમાં ક઼ૌમ સપડાઈ છે છતાં કોઈ જ આયોજન સમાજના વડીલો કે ચિંતકો તરફથી અસરકારક રીતે થતું જોવા નથી મળતું, ઈલ્લા માશા અલ્લાહ ! બલ્કે એવો માહોલ બન્યો છે જાણે કે સૌ આ આફતને ઈનામ સમજીને ગળે લગાડી ગર્વ અનુભવી રહ્યા છે !

## ★ આવી ફેશનથી તમારી સ્ત્રીઓને રોકો ! ★

આજે એક ફેશન ખૂબ જ ઝડપથી યુવતીઓમાં ફુલી ફાલી રહી છે કે તદ્દન ફિટોફિટ તથા સ્તનનો ભાગ ઉપરથી બહાર ખુલ્લો ઝલકે તે રીતે ખુલ્લા ગળાવાળો અને ખભાથી હાથો તદ્દન નગ્ન અને તેના પર નેટની બાંય જે પારદર્શક હોય છે, આ રીતે સ્ત્રી **અર્ધનગ્ન** જણાય છે. વાળો ઢાંકવા માથા પર ઓઢણી તો કદાચ જ કોઈના માથે હશે અને **ચુસ્ત ટૂંકા ફ્રોક સાથે સીટ તથા જાંગો સ્પષ્ટ ઝલકે** તેવી અતિ ચુસ્ત ઈજારો તથા જિન્સ પેન્ટ, ટી શર્ટ પહેરીને સ્ત્રીઓ ફરતી થઈ ગઈ છે, બલ્કે યુવાનીના ઉંબરે પગ મૂકવાની તૈયારીમાં હોય તેવી ૧૩–૧૪ વરસની છોકરીઓ તો સર્વ તદ્દન મોડેલો જેમ સજીને બાકાયદા કાળજીપૂર્વક પોતાના પહેરવેશ તથા આવા બેહયા દેખાવનું પ્રદર્શન કરવા માંડી છે ! મા બાપો, ભાઈઓ, પતિઓ ખામોશીપૂર્વક આ બધું જોતા રહે છે બલ્કે કેટલાક તો પોતે જ પોતાની સ્ત્રીઓને આવા અર્ધનગ્ન પોશાક પહેરવા આગ્રહ કરે છે ! સાંભળો ! તેવા પુરૂષોને "દય્યૂષ" કહેવામાં આવે છે અને હદીષમાં છે કે **"દય્યૂષ" જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં**, જ્યારે કે જન્નતની ખુશ્બુ પાંચસો વરસના અંતરેથી મેહસૂસ થાય છે. *(ફતાવા રઝવિય્યહ્)* અને **શાદીઓના પ્રસંગોમાં તો તૌબા ! તૌબા ! ક્યાં ઊભા રહેવું કે આંખના કાનના ઝિનાથી બચીએ !** કોઈની પણ શાદીમાં હાજરી જ મુશ્કેલ થઈ ગઈ ! બધું તો વારંવાર શું લખું ?! મારા કરતાં વધુ નાટકો શાદીઓમાં થતાં તમો જોતા જ હશો !

## ★ જેવું ખાવામાં આવે તેવો જ ઓડકાર આવે ! ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જેવું ખાવા તેવો ઓડકાર ! જેવુ વાવો તેવુ લણો ! જેવી દવા તેવું રીએક્શન ! તમો ખૂદ તમારી ઔલાદને તથા સ્ત્રીઓને બેહયાઈ કરતી જુઓ છતાં તેને સમજાવવાની કે રોકવાની વ્યવસ્થા ન કરો તો શું તમો એવું સમજો છો કે તમે ભલાઈ પામશો ! ચૈનથી જીવશો ! નહીં ! **અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની નાફર્માની કરનાર દિલી ચૈન સુકૂન કદી પામી શક્તો નથી.** ક્યાં તો તમારી સ્ત્રીઓ આડા સંબંધો કરતી થશે, ક્યાંક તમારી ઔલાદ લફરાં કરશે અને તમો હર પલ બેચૈન બેકરાર જીવશો. ક્યાંક કાલે પરણાવેલી પુત્રી બીજા જ દહાડે ઘરે બેસી જશે, તો ક્યાંક તમારી વહૂ લફરાબાઝ પતિ એટલે કે તમારા નાલાયક પુત્રને કારણે પિયર જતી રહેશે અને સમાજમાં તમારી બેઈજ્જતીની ધજાઓ ફરકવા માંડશે ! દુનિયા તથા આખેરતનું સુકૂન જો ચાહતા હોઉ તો મહબ્બતે રસૂલમાં ડૂબી જાવ ! અને **અલ્લાહ વ રસૂલની "મહોબ્બતનો તક઼ાઝો"**એ જ છે કે **"તમે ઈસ્લામ પર ચાલો !"** કે જેમાં તમારી જ ભલાઈ છે. જો તમો ભરપુર કોશિશ આ માર્ગે પહેલેથી કરતા રહો, છતાં પણ ખુદાનખ્વાસ્તા કાંઈક અઘટીત બનાવ બનશે તો ખુદાને ત્યાં તમારી પકડ થશે નહીં, પણ તમે એ કાળજી નહીં લો તો બંને જહાનમાં યક઼ીની અઝાબ જ છે.

તમારી ઔલાદને બચપનથી જ મહબ્બતે રસૂલ ﷺથી શરસાર કરી દો ! તો મહબ્બતે રસૂલને ખાતર રસૂલે પાક ﷺનાં ફર્માનોથી મહોબ્બતને કારણે તે દુનિયામાં ક્યાંય પણ જશે છતાં કાફિર તથા બેહયા ક઼ૌમો જેમ બેહયા નહીં જ બને. તેમને દીની તા'લીમ આપો, નમાઝના પાબંદ બનાવો, ઈસ્લામના પર્દાના ક઼ાનૂનની ખૂબીઓ સમજાવો, બેહયાઈથી નફરતની તા'લીમ અપાવો તો તે બેહયા નહીં પણ જરૂર બાહયા બનશે. ઈસ્લામી પોશાક, ઈસ્લામી રહણી કરણીની હિકમતો સમજાવો, T.V. ની ખરાબીઓથી દૂર રાખો, મોબાઈલ તથા નેટ પર ગંદી વેબસાઈટોથી દૂર રહેવા ચેતવો. ઈસ્લામની પાકીઝગી શું છે અને આ જગત શું છે ? કેવું ખરાબ છે ? તેની સમજ તેના દિમાગમાં બેસાડો, પણ

ઔલાદ તથા ઘરવાળાં એ બધા અમલ ત્યારે જ કરશે જ્યારે **તમો પણ ખુદાના ડર સાથે બાહયા જીવન જીવો,** તેમને અલ્લાહના ખૌફનું મહત્વ સમજાવો, બુઝુર્ગોના ખૌફે ખુદાના કિસ્સા સંભળાવો, નેક ખાતૂનોની ખાસ કરીને બહેનોને હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا ની પવિત્ર જિંદગીનું વર્ણન વંચાવો તો જરૂર ઔલાદ સમજદાર બનશે, પત્નીઓ સમજદાર બનશે અને ગમે તેવા બેહયાઈભર્યા માહોલમાં પણ પોતાની ઈજ્જત આબરૂની રક્ષા કરશે અને બાહયા બાપર્દા રહેશે.

પણ જો તમે જ ઘરમાં T.V. પર, નેટ પર, મોબાઈલના સ્ક્રિન પર રંગ રંગીલા અને છેલ છબીલા પ્રોગ્રામો તથા રમતો જોતા રહો, ન નમાઝોની પાબંદી ન શરીઅતની વાતો કે સુન્નતો પર અમલ, ન ખુદાનો ડર અને આવારા જીવન જીવો, અને પછી આશા રાખો કે મારી પત્ની તથા મારી ઔલાદ નેક બને, તો આ ફોગટનો ખયાલ છે. જેવું વાવશો તેવું જ લણશો. ઝાડા થવાની ગોળીઓ લો તો તે જ થાય ! પછી તેનાથી ઉલ્ટુ વિચારો તો એ મૂર્ખામી છે. જેથી તમો પણ સુન્ની ઈજતેમાઓમાં, દીની જલસાઓમાં, ''સુન્ની દા'વતે ઈસ્લામી''નાં તર્બિયતી સેન્ટરોમાં ઔલાદ સાથે હાજરી આપો કે જ્યાં દીને ઈસ્લામની, અક્રીદાની, સુન્નતોની, ખૌફે ખુદાની તા'લીમ મળતી હોય, **બાઅમલ ઉલમાથી તથા શરીઅતના પાબંદ પીરોથી મહોબ્બત કરો,** દીની માહોલથી સંપર્ક રાખો, બહેનો માટે સુન્ની મુબલ્લિગાઓના બયાનના પ્રોગ્રામો ગોઠવો, સુન્ની કિતાબો, મેગેઝિન ઘરે મંગાવો, વાંચો વંચાવો, પ્યાર મહોબ્બતથી ઔલાદને ઈસ્લામનુ મહત્વ સમજાવો, તેનો બંદોબસ્ત કરો તો જરૂર માહોલ નેક બનશે કે જેમાં બંને જહાનનું ચૈન નસીબ થશે. **ઔરતોને ગૈર મર્દો સાથે એકલી કદી પણ ન ભટકવા દો,** ન મળવા દો, ન રહેવા દો, ઔલાદને રાત રાતભર ઘરથી બહાર ન ભટકવા દો, તેમની કાળજી લો કે ક્યાં જાય છે, શું કરે છે, જેથી વાત હાથ બહાર જાય તે પહેલાં તેમને ખરાબીથી બચાવી શકાય. શાદીઓમાં સ્ત્રી પુરૂષોની બેઠક વ્યવસ્થા સંપૂર્ણ અલગ તથા એકબીજાને ન જુએ એવી બાપર્દા અલગ વ્યવસ્થા રાખો. નહીં તો ડો. ઈકબાલે કહ્યું તેમ કે :–

*વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ–યહ મુસલમાં હય જિસે દેખકે શરમાયે યહૂદ !*
*યૂં તો સૈયદ ભી હો મિર્ઝા ભી હો અફઘાન ભી હો–તુમ સભી કુછ હો બતાઓ તો મુસલમાન ભી હો !*

(તમદ્દુન = રહેણીકરણી, વઝઅ = દેખાવ, હુનૂદ = હિંદુ, નસારા = ક્રિશ્ચન, યહૂદ = યહૂદી)

જો આવો હાલ હશે તો ઉપરોક્ત જહન્નમના અઝાબોની ખુશખબરીઓ તમારા માટે જ છે એ ભૂલશો નહીં ! જે કાંઈ ભરમો હોય તે કાઢી નાખશો અને હજી પણ સમય છે, દિલમાં ખુદાનો ખૌફ પેદા કરો અને ઈસ્લામી જીવન, ઈસ્લામી પહેરવેશ, ઈસ્લામી રહણી કરણી અપનાવો એમાં જ સૌની ભલાઈ છે.

## ★ બાહયા મો'મિન માટે ખુશખબરીઓ ! ★

અંતમાં બાહયા જીવન જીવનાર માટે રસૂલે અકરમ ﷺ તરફથી મહાન ખુશખબરીઓ પણ સાંભળો અને તેના હક્કદાર બનવા પ્રયત્નોમાં લાગી જાવ ! અલ્લાહના પ્યારા હબીબ ﷺએ ફર્માવ્યુ કે, ''જે શખ્સ પોતાની જીભ તથા પોતાની શર્મગાહની ઝમાનત આપે તેને હું જન્નતની ઝમાનત આપું છું.'' *(બુખારી, મુસ્લિમ)* હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફર્માવ્યું, ''દુનિયા એક મીઠી અને હરી ભરી ચીજ છે, અને અલ્લાહ તમને એના પર દુનિયાની લિજ્જતના જાનશીન બનાવનાર છે. બસ ! તમે દુનિયાની રંગરેલીઓથી દૂર રહો અને સ્ત્રીઓના ફિત્નાથી બચો. તમારા કરતાં આગલી ઉમ્મત બની ઈસ્રાઈલની પ્રથમ આઝમાઈશ સ્ત્રીના થકી જ થઈ.'' *(મુસ્લિમ, ઈબ્ને માજહ)*

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

وَ مَنْ يَّكْفُرْ
بِاٰيٰتِ اللّٰهِ فَاِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ۱۹ فَاِنْ
حَآجُّوْكَ فَقُلْ اَسْلَمْتُ وَجْهِىَ لِلّٰهِ وَمَنِ اتَّبَعَنِ ط
وَقُلْ لِّلَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ وَ الْاُمِّيّٖنَ ءَاَسْلَمْتُمْ ط
فَاِنْ اَسْلَمُوْا فَقَدِ اهْتَدَوْا ج وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا
عَلَيْكَ الْبَلٰغُ ط وَاللّٰهُ بَصِيْرٌۢ بِالْعِبَادِ ۲۰ اِنَّ
الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ
بِغَيْرِ حَقٍّ لا وَّيَقْتُلُوْنَ الَّذِيْنَ يَاْمُرُوْنَ بِالْقِسْطِ
مِنَ النَّاسِ لا فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ۲۱ اُولٰٓئِكَ
الَّذِيْنَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِى الدُّنْيَا وَ الْاٰخِرَةِ ز وَمَا
لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ۲۲ اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا
مِّنَ الْكِتٰبِ يُدْعَوْنَ اِلٰى كِتٰبِ اللّٰهِ لِيَحْكُمَ بَيْنَهُمْ
ثُمَّ يَتَوَلّٰى فَرِيْقٌ مِّنْهُمْ وَهُمْ مُّعْرِضُوْنَ ۲۳
ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا
مَّعْدُوْدٰتٍ ص وَّغَرَّهُمْ فِىْ دِيْنِهِمْ مَّا كَانُوْا
يَفْتَرُوْنَ ۲۴ فَكَيْفَ اِذَا جَمَعْنٰهُمْ لِيَوْمٍ لَّا رَيْبَ
فِيْهِ قف وَ وُفِّيَتْ كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا
يُظْلَمُوْنَ ۲۵

### ત.....ર્જુ.....મો.....

અને જે ઈન્કાર કરે છે અલ્લાહની આયતોનો તો બેશક ! અલ્લાહ તઆલા ખૂબ જ નજીકમાં હિસાબ લેનાર છે. છતાં જો (હજી પણ) ઝઘડો કરે આપનાથી તો તમે[૨૩] કહી આપો કે મેં ઝુકાવી આપ્યું છે મારું માથુ અલ્લાહની સમક્ષ, અને જેમણે મારી પયરવી (અનુસરણ) કર્યું. અને કહી આપો એ લોકોને જેમને કિતાબ આપવામાં આવી અને અનપઢોને કે શું તમે ઈસ્લામ લાવ્યા ? પછી જો તેઓ ઈસ્લામ લઈ આવે ત્યારે તો હિદાયત પામી ગયા[૨૪]. અને જો મોઢું ફેરવી લે તો એટલું જ આપના જિમ્મે હતું કે આપ પયગામ પહોંચાડી આપો (જે આપે પહોંચાડી આપ્યો) અને અલ્લાહ સારી રીતે જોનારો છે (પોતાના) બંદાઓને. બેશક ! જે લોકો ઈન્કાર કરે છે અલ્લાહની આયતોનો અને કત્લ કરે છે અંબિયાને નાહક્ક[૨૫] અને કત્લ કરે છે એ લોકોને જેઓ હુકમ કરે છે અદ્લો ઈન્સાફનો લોકોમાંથી, તો ખુશખબરી આપો તેમને દર્દનાક અઝાબની. આ છે તે (બદ્નસીબ) નિરર્થક ગયા જેમના અમલો દુનિયામાં અને આખેરતમાં, અને નથી એમના માટે કોઈ મદદગાર. શું નથી જોયું તમે એ લોકોની તરફ જેમને આપવામાં આવ્યો કેટલાક હિસ્સો કિતાબનો, (જ્યારે) બોલાવવામાં આવતા અલ્લાહની કિતાબની તરફ જેથી કરીને સમાધાન કરી આપે તેઓને આપસી ઝઘડાઓનું, તો પીઠ ફેરવી લે છે એક ગિરોહ એમનામાંથી એ હાલતમાં કે તેઓ મુખ ફેરવનારા હોય છે. એ (બેબાકી)નું કારણ એ હતું કે તેઓ કહેતા હતા કે બિલકુલ સ્પર્શશે નહીં એમને દોઝખની આગ, પણ થોડાક દિવસ ગણત્રીના, અને ધોકામાં સપડાયેલા રાખ્યા તેમને તેમના દીનના મામલામાં એ વાતોએ જે તેઓ ખૂદ ઘડયા કરતા હતા. તો શું હાલ થશે

(તેમનો) જ્યારે અમે ભેગા કરીશું તેમને એ દિવસે જેના આવવામાં કોઈ શક નથી અને પૂરેપૂરો બદલો આપવામાં આવશે દરેક શખ્સને જે કાંઈ એણે કમાયું, અને એના પર જુલ્મ કરવામાં નહીં આવે.

**તફસીર..............**

**૨૩.** જો હક્ક સમજી લીધા પછી હસદના કારણે તે હક્કનો ઈન્કાર કરે અને આપનાથી ઝઘડે તો એવા લોકોથી શાબ્દિક બહષમાં ઉલઝીને પોતાનો કિંમતી સમય શા માટે વેડફો છો ? બલ્કે તેમની પસંદ અથવા નાપસંદથી બેપરવા બનીને પોતાના તથા પોતાના ગુલામોના મજબૂત અક઼ીદાનુ ઉઘાડા શબ્દોમાં એલાન કરી દો, એની એમના પર માનસિક અસર પડશે. કેમ કે જ્યારે તેઓ જોશે કે તેમનાં હજારો બહાનાં અને લાખો પ્રપંચો અસરહિન થઈ ગયા છે અને તેમ છતાં પણ હક્કના ચાહકોના પગો નથી ડગમગ્યા, બલ્કે તેમની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે, તો તેમની હિંમતો તૂટી જશે અને ઈસ્લામના વિરોધમાં તેની ગર્મજોશી ઠંડી થઈ જશે.

**૨૪.** અહીં એક અન્ય એલાનનો હુકમ આપવામાં આવી રહ્યો છે કે આપના પર એ પણ સ્પષ્ટ કરી દઈએ કે અમે તમને ઈસ્લામની જે વારંવાર દા'વત આપી રહ્યા છીએ એનું એ કારણ નથી કે અમે તમારી સંગતથી અમારી મજબૂતીનો ઈરાદો કરી રહ્યા છીએ અને પર્દા હેઠળ અમારી મસ્લેહતના માટે પ્રયત્નશીલ છીએ, બલ્કે ઈસ્લામની દા'વત સ્વીકારી લેવામાં સરાસર તમારો જ ફાયદો છે. અને જો જીદ પર અડી રહ્યા અને એને ક઼બૂલ ન કર્યો તો તમો અમારું કાંઈ નથી બગાડી શકતા, બલ્કે પોતાની દુનિયા તથા આખેરતનો સત્યાનાશ કરી નાખશો.

**૨૫.** આયત ૨૦ થી ૨૫માં યહૂદીઓની ખરાબ વૃત્તિઓ, નાફર્માનીઓ અને હક્કથી જાણીબુજીને ઈન્કાર અને હક્કવાળાઓ પર જુલ્મો સિતમ કરવાની અને તેમને નિર્દયતાપૂર્વક ક઼ત્લ કરી દેવાની પૂરાણી આદતનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે અને એના લીધે એમને ક઼યામતના દિવસની કઠણાઈઓની યાદ અપાવીને ચેતવવામાં આવી રહ્યા છે જેથી કરીને તે પોતાની એ રવિશને ત્યજી દે. તદ્ ઉપરાંત તેમની એ ગલત ફહમીની રદ પણ કરી આપી જેમાં તેઓ બુરી રીતે સપડાયેલા હતા કે તેઓ ભલે કાંઈ પણ કરતા રહે તેમને ક્યાં તો અઝાબ થશે જ નહીં અને થશે તો પણ ગણત્રીના અમુક દિવસો જ ! તેઓને સ્પષ્ટપણે દર્શાવી આપ્યું કે આ તમારી મનઘડત વાતો છે જેની કોઈ હક઼ીક઼ત નથી, બલ્કે તમારાથી તમારી દરેક બદ્કારીની સખત પૂછતાછ થશે અને તમને તમારી કારસ્તાનીઓની પૂરેપૂરી સજા આપવામાં આવશે લગભગ આ જ વિષય પહેલાં સૂરએ બક઼રહમાં વર્ણન થઈ ચૂકેલ છે.

પેજ નં. **૨૧** નું ચાલુ...

પછી કોઈક સૂરત પઢવી વાજિબ છે.

<u>મસ્અલો</u> : સારું એ છે કે પહેલી રકઅતમાં સૂરએ આ'લા અથવા સૂરએ ક઼દર પઢવી અને બીજી રકાતમાં સૂરએ કાફિરૂન અને ત્રીજીમાં સૂરએ ઈખ્લાસ પઢવી અને કદી કદી અન્ય સૂરતો પણ પઢી લેવી.

<u>મસ્અલો</u> : વિત્રની નમાઝ બેસીને કે સવારી ઉપર કોઈ ખાસ મજબૂરીના કારણ વિના થઈ શકતી નથી. *(દુર્રે મુખ્તાર)*

<u>મસ્અલો</u> : સાહિબે તરતીબ માટે જો તેને યાદ હોય કે તેણે વિત્રની નમાઝ પઢી નથી અને પઢી શકાય એટલો સમય પણ હોય તો તેની ફજરની નમાઝ થશે નહીં, પછી ભલે ફજરની નમાઝ શરૂ કરતાં પહેલાં યાદ આવે અથવા નમાઝની હાલતમાં. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)* <u>મસ્અલો</u> : વિત્રની નમાઝ જમાઅતથી ફક્ત રમઝાન શરીફમાં જ પઢી શકાય છે. રમઝાન સિવાયના દિવસોમાં મકરૂહ છે. (હિદાયા વગેરે) બલ્કે આ મુબારક મહિનામાં જમાઅતથી પઢવી મુસ્તહબ છે. <u>મસ્અલો</u> : જેણે ઈશાની નમાઝ જમાઅતથી પઢી નથી તેણે વિત્ર પણ જમાઅતથી ન પઢતાં એકલા પઢવી પછી ભલે તરાવીહ જમાઅતથી

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, પ્રથમ જેનો ફૈસલો કયામતમાં થશે તે **શહીદ** છે[૧], તેને લાવવામાં આવશે ત્યારે રબ તેનાથી પોતાની નેઅમતોનો ઈકરાર કરાવશે. ફર્માવશે કે એના શુક્રિયામાં શું અમલ કરવામાં આવ્યો ?[૨] અર્ઝ કરશે, તારી રાહમાં જેહાદ કર્યો ત્યાં સુધી કે શહીદ થઈ ગયો. ફર્માવશે, તું જૂઠો છે ! તેં તો એટલા માટે લડાઈ કરી હતી કે તને બહાદૂર કહેવામાં આવે, તે કહેવામાં આવી ગયો[૩]. પછી હુકમ થશે તો તેને મોંઢાભેર ખેંચવામાં આવશે ત્યાં સુધી કે આગમાં ફેંકી દેવામાં આવશે[૪]. અને તે જેણે ઈલ્મ શીખ્યો શીખવાડયો અને કુર્આન પઢયું તેને લાવવામાં આવશે. પોતાની નેઅમતોનો ઈક઼રાર કરાવવામાં આવશે, તે ઈક઼રાર કરશે. ફર્માવશે, તેં શુક્રિયામાં શું અમલ કર્યો ? અર્ઝ કરશે, ઈલ્મ શીખ્યો શીખવાડયો, તારા માર્ગમાં કુર્આન પઢયો. ફર્માવ્શે, તું જૂઠો છે ! તેં એટલા માટે ઈલ્મ શીખ્યો કે તને **આલિમ** કહેવામાં આવે[૫], એટલા માટે કુર્આન પઢયો હતો કે **ક઼ારી** કહેવામાં આવે, તે કહી લેવામાં આવ્યું. પછી હુકમ થશે, ઊંધા મોઢે ખેંચવામાં આવશે ત્યાં સુધી કે આગમાં ફેંકી દેવામાં આવશે[૬]. અને તે મર્દ જેને અલ્લાહે મોકળાશ આપી અને દરેક પ્રકારનો માલ બખ્શયો તેને લાવવામાં આવશે, નેઅમતોનો ઈક઼રાર કરાવવામાં આવશે અને તે કરશે. ફર્માવશે, તેં શુક્રિયામાં શું કર્યું ? અર્ઝ કરશે કે, મેં એવો કોઈ માર્ગ નથી છોડયો જ્યાં ખર્ચ કરવાનું તને પ્રિય ન હોય, પણ ત્યાં તારા માટે ખર્ચ કર્યો. ફર્માવશે, તું જૂઠો છે ! તેં આ સખાવત એટલા માટે કરી હતી કે તને સખી કહેવામાં આવે, તે કહેવાયો ! પછી હુકમ થશે તો એને ઊંધા મોઢે ઘસેડવામાં આવશે પછી આગમાં ઝોંકી દેવામાં આવશે. *(મુસ્લિમ)*

## સ....મ....જૂ....તી....

**૧.** આ અવ્વલિયત ઈઝાફી છે ન કે હક઼ીક઼ી. રિયાકારો (દેખાડો કરનારાઓ)માં પ્રથમ રિયાકાર શહીદનો ફૈસલો થશે જેથી આ હદીષ એના વિરૂદ્ધ નથી કે પ્રથમ હિસાબ નમાઝનો થશે, અથવા પ્રથમ જુલ્મની રીતે ક઼ત્લનો હિસાબ થશે. ઈબાદતમાં નમાઝનો, મામલાઓમાં ક઼ત્લનો, રિયામાં આવા શહીદનો ફૈસલો પ્રથમ છે. શહીદથી તે મુરાદ છે જે અલ્લાહની રાહમાં માર્યો ગયો.

**૨.** એટલે કે મેં તને અંદરની બહારની કરોડો નેઅમતો આપી, તેં કઈ નેકી કરી ? જાણવા મળ્યું કે નેકીઓ રબ્બે કરીમના ઈનામોનો શુક્રિયા પણ છે.

**૩.** એટલે કે તારા જેહાદ અને શહાદતનો બદલો એ થશે કે લોકોએ તારી વાહ વાહ કરી લીધી કેમ કે તેં એ જ નિય્યતથી જેહાદ કર્યો હતો, ન કે ઈસ્લામની ખિદમતના માટે. જાણવા મળ્યું કે જો ગાઝીમાં ઈખ્લાસ હોય તો લોકોની વાહ વાહથી સવાબ ઓછો થશે નહીં. આ તો રબની તરફથી દુનિયવી ઈનામ છે. સહાબાએ કિરામ અને ખૂદ નબી કરીમ ﷺની બંને જહાનમાં વાહ વાહ થઈ રહી છે. યાદ રાખશો કે ફક્ત માલે ગનીમત કે મુલ્ક હાંસલ કરવાના માટે જેહાદ કરવાનો અંજામ પણ એ જ છે. જેહાદ કેવળ અલ્લાહ વ રસૂલની રઝામંદીના માટે હોવો જોઈએ.

**૪.** એટલે કે અતિશય બેઈજ્જતીની સાથે મરેલા કૂતરાની જેમ ટાંટીયા ઘસેડીને જહન્નમના કિનારાથી

નીચે ફેંકવામાં આવશે. જહન્નમની ઊંડાઈ આસ્માન તથા જમીનના ફાંસલાઓથી કરોડોગણી વધારે છે. અલ્લાહની પનાહ !

**૫.** તારી એ સર્વ મહેનત દીનની ખિદમતના માટે ન હતી, બલ્કે ઈલ્મના થકી ઈજ્જત તથા માલ કમાવાની હતી તે તને હાંસલ થઈ ગયાં, હવે અમારાથી શું ચાહે છે ? આ હદીષને જોતાં અમુક ઉલમાએ પોતાની કિતાબોમાં પોતાનાં નામો પણ ન લખ્યાં, અને જેમણે લખ્યાં છે તેમણે નામના માટે નહીં બલ્કે લોકોની દુઆ હાંસલ કરવા માટે.

**૬.** જાણવા મળ્યું કે જેવી રીતે ઈખ્લાસવાળી નેકી જન્નત મળવાનો ઝરીયો છે એવી જ રીતે રિયાવાળી નેકી જહન્નમ તથા ઝિલ્લત હાંસલ કરવાનો ઝરીયો છે.

**૭.** આ જગાએ ચાર મસ્અલા યાદ રાખવા જોઈએ : એક એ કે અહીં રિયાકાર શહીદ, આલિમ તથા સખીનું જ વર્ણન થયું એટલા માટે કે તેમણે બેહતરીન અમલ કર્યા હતા. જયારે એ અમલો રિયાથી બર્બાદ થઈ ગયા તો અન્ય અમલોનું તો પૂછવું જ શું ?! રિયાની હજ્જ તથા ઝકાત અને નમાઝનો પણ એ જ હાલ છે. બીજુ એ કે અમુક રિયાકારો એવા છે કે જેઓ રિયાના લીધે જ નેકીઓ કરે છે, જો એમની તારીફ ન થાય તો નેકી કરતા જ નથી. અમુક એવા છે કે રિયાના માટે સારી રીતે અમલ કરે છે અને એકાંતમાં મામૂલી રીતે. અમુક એવા છે જેઓ જાહેરમાં તથા એકાંતમાં અમલ સરખા કરે પણ નામનાથી ખુશ થાય. અહીં પ્રથમ પ્રકારનો રિયાકાર મુરાદ છે, બીજા બંને પ્રકારના રિયાકાર મૂળ નેકીનો સવાબ પામશે પણ અપૂર્ણ. ત્રીજુ એ કે આ હદીષમાં કાનૂન તથા રબના અદ્‌લનું વર્ણન છે. ફઝ્‌લ બીજી ચીજ છે. રબ ફર્માવે છે : فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنٰتٍ જેથી આ હદીષ માફીની આયતો તથા હદીષોના વિરુદ્ધ નથી.

**અદ્‌લ કરે તો થર થર કાંપેં ઉંચી શાનોંવાલે**
**ફઝ્‌લ કરે તો બખ્શે જાવેં મુઝ જૈસે મુંહ કાલે**

ચોથુ એ કે મો'મિનની આ સર્વ સજાઓ એકાંતમાં થશે, એલાનિયા નહીં. અલ્લાહ તેને ઝિલ્લત તથા રુસ્વાઈથી બચાવશે. ઝિલ્લત તથા રુસ્વાઈ કેવળ કાફિરોના માટે હશે જેમ કે કુર્આની આયતોથી સાબિત છે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે રિયાના ડરથી અમલ ન છોડી આપે, અમલ કર્યે જાય તો ક્યારેક ઈખ્લાસ પણ નસીબ થઈ જ જશે. માખીઓના ડરથી ખાવાનું ન ત્યજો.

---

પેજ નં. **૨૨** નું ચાલુ...

રસૂલલ્લાહ ! ﷺ એ ખાણાથી કઝાએ હાજત પણ થશે કે નહીં ? આપ ﷺએ ફર્માવ્યું, હા ! થશે, અને એનાથી પરસેવો મુશ્કથી પણ વધુ ખુશબોદાર નીકળશે અને એના પેટમાં કાંઈ પણ રહેશે નહીં. પછી ફર્માવ્યું, જન્નતમાં એવી જિંદગી હશે જેને મૃત્યુ નહીં હોય, અને જવાની હશે જે કદાપિ ઘડપણમાં ફેરવાશે નહીં અને હમેશાં તાજી નેઅમતોમાં રહેશે, અને દરરોજ એમના પર નેઅમતો વધતી જશે.


ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ આ નેઅમતોને હાંસલ કરવા ચાહે તે જુમ્આના દિવસે પઢી ૧૦૦ વાર સૂરએ ઈખ્લાસ પઢે અને હમેશાં પઢે એના પર નેઅમતો વધતી જાય છે. અને રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ કરી કે જન્નતમાં મા બાપ અને ઔલાદ પણ એકબીજાને મળશે ? આં હઝરત ﷺએ ફર્માવ્યું કે ખુદાવંદે તઆલા ફર્માવે છે :–

جَنّٰتُ عَدْنٍ يَّدْخُلُوْنَهَا وَمَنْ صَلَحَ مِنْ اٰبَآئِهِمْ وَاَزْوَاجِهِمْ وَذُرِّيّٰتِهِمْ وَالْمَلٰٓئِكَةُ يَدْخُلُوْنَ عَلَيْهِمْ مِنْ كُلِّ بَابٍ

"જ્યારે મા બાપ તથા ફરઝંદ એકબીજાને મળવા ચાહશે તો જન્નતી ઘોડાઓ પર સવાર થઈને તેમના મહોલ્લાઓમાં જશે."

જેવા કે ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા.

الحمد الله على ذلك



# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

વિભાગ : ૨

### ★ શફાઅત અને મકામે મહ્મૂદ ★

સહીહ હદીષમાં આવેલ છે કે દરેક નબીને એક દુઆ કરવાની પરવાનગી આપવામાં આવી છે. રહમતે દો આલમ ﷺ ફર્માવે છે કે મેં પોતાની તે દુઆ કયામત પર ઉઠાવી રાખી છે કે તે દિવસે ઉમ્મતની શફાઅત કરીશ. ઉલ્માએ કિરામ ફર્માવે છે કે તેનાથી મુરાદ તે દુઆ છે જેને કબૂલિયતના અગાઉના પહેલાં વાયદો કરવામાં આવે છે. નહીં તો અંબિયાએ કિરામની દુઆઓ હમેશાં કબૂલ થતી હોય છે. અને આપણા આકા અને મૌલા સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ ﷺની એટલી દુઆઓને કબૂલિયતની ઈજ્જત પ્રાપ્ત થઈ છે કે જેની ગણતરી મુશ્કેલ છે. બીજી દુઆઓનો મામલો ભય અને આશા વચ્ચે રહે છે, પરંતુ એક દુઆનો સમય પહેલાં વાયદો ફર્માવવામાં આવે છે કે જરૂર કબૂલ કરવામાં આવશે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની રિવાયત મુહમ્મદ બિન ઝિયાદ અને અબૂ સાલેહ رحمۃ اللہ علیہماના તરીકા પ્રમાણે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, દરેક નબીને તેમની ઉમ્મતના માટે એક દુઆ કરવાનો અધિકાર આપવામાં આવ્યો જે તેમણે કરી. દરેક નબીની દુઆ કબૂલ થઈ અને મેં મારી દુઆને પાછળ રાખી દીધી જેથી કયામતના દિવસે પોતાની ઉમ્મતની શફાઅત કરું. અબૂ સાલેહ رحمۃ اللہ علیہની રિવાયતમાં એ છે કે દરેક નબીને એક કબૂલ થનારી દુઆનો અધિકાર આપવામાં આવ્યો પરંતુ તેમણે જલ્દીથી કામ લીધું. એ જ પ્રમાણે હઝરત અબૂ ઝરઆ رضی اللہ عنہની રિવાયતમાં છે કે જે તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી કરી છે.

અંબિયાએ કિરામની ઉપર જે દુઆનો ઉલ્લેખ થયો તે ઉમ્મતના સંબંધે છે અને તેની પરવાનગીનો અલ્લાહ عزوجلએ વાયદો ફર્માવ્યો હતો. નહીં તો નબી કરીમ ﷺએ તો પોતાની ઉમ્મતની દુનિયવી અને આખેરતની બેહતરીના લીધે ઘણી બધી દુઆઓ કરી જેમાંથી ઘણી દુઆઓ કબૂલ થઈ છે અને કેટલીકથી આપને રોકી દેવામાં આવ્યા છે. અને આ દુઆ (જેની કબૂલિયતનો સમય પહેલાં વાયદો કરવામાં આવ્યો છે તેને) આપે તે દિવસ માટે બાકી રાખી છે જે સખત જરૂરત, જબરદસ્ત મુસીબત અને ખૂબ જ જરૂરિયાતના દિવસે હશે. અલ્લાહ તઆલા આપણા આકા વ મૌલા સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺને તેનાથી નેક અને વધુ પ્રમાણમાં બદલો આપે જે કોઈ નબીને તેમની ઉમ્મતના તરફથી અર્પણ કરવામાં આવેલ હોય.

### (વિભાગ : ૧૧)

### ★ ફઝીલતના દરજ્જાઓ, વસીલા, બુલંદી અને કૌષર ★

કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમારાથી કાઝી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ઈસા તમીમી رحمۃ اللہ علیہએ પોતાની સનદ સાથે હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૬૫/ઈ.સ. ૬૮૪)થી રિવાયત કરી છે. તેઓ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે જ્યારે અઝાન આપનારથી અઝાનના શબ્દો સાંભળો તો (જવાબમાં) તેવી જ રીતે કહેતા જાવ, પછી મારા પર દુરૂદ મોકલો, કેમ કે જે મને એક વખત દુરૂદ મોકલે છે અલ્લાહ તઆલા તેના પર દસ રહમતો નાઝિલ કરે છે. તેના પછી મારા માટે વસીલાની દુઆ કરે. વસીલા જન્નતમાં એક સ્થળ છે જે અલ્લાહ તઆલાના પસંદ પામેલા બંદાઓમાંથી કેવળ એકને પ્રાપ્ત થશે, મને આશા છે કે જે મર્દને આ ઈજ્જત આપવામાં આવશે તે હું છું. વધુ પેજ નં. ૪૨....પર

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

### ગ઼ૌષે આ'ઝમની ઊંચી શાન આ'લા હઝરતના કલામમાં

**તૂ હૈ વો ગ઼ૌષ કે હર ગ઼ૌષ હૈ શૈદા તેરા**
**તૂ હૈ વો ગૈષ કે હર ગૈષ હૈ પ્યાસા તેરા**
*(ગ઼ૌષ = મદદ કરનાર, શૈદા = આશિક઼, ગૈષ = વરસાદ)*

**અર્થ** : અય ગ઼ૌષે આ'ઝમ ! رحمۃ اللہ علیہ આપ એવા ગ઼ૌષ (મદદ કરનાર) છો કે તમામ અવલિયાએ કિરામ જે મદદ કરનાર છે બધા જ આપની ગ઼ૌષિય્યત પર ફિદા છે. આપના રહમો કરમનો વરસાદ એવો છે કે દરેક ફૈઝ પહોંચાડનાર કુતુબ, અબ્દાલ પણ તેના પ્યાસા છે.

''તફરીહુલ ખાતિર''માં લખેલ છે કે શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہને ગ઼ૌષે આ'ઝમનો લક઼બ અલ્લાહ તઆલા તરફથી અતા થયો છે, અમુક જાહિલ લોકો ખોટા આક્ષેપ કરીને લોકોને ગુમરાહ કરે છે. કહે છે કે મદદ કરનાર તો અલ્લાહ જ છે તો બીજા કોઈને ગ઼ૌષ કહેવું શિર્ક છે. કેવી અજ્ઞાનતા છે કે ગ઼ૌષ અલ્લાહ તઆલાનું તે સિફાતી નામ નથી જે બીજા માટે બોલવું શિર્ક હોય, પરંતુ આ બકવાસ વલીઓની દુશ્મનાવટના કારણે કરવામાં આવે છે. જ્યારે કે રોજ એવા ખુદાના સિફાતી નામો પોતાના માટે ઉચ્ચારે છે, દા.ત. ''મૌલાના'' અલ્લાહ તઆલા માટે કુર્આન શરીફમાં બે જગ્યાએ આવ્યું છે : اَنۡتَ مَوۡلٰنَا ''તું અમારો મૌલા છે.'' *(પારા–૩)* ھُوَمَوۡلٰنَا ''તે અમારો મૌલા છે.'' *(પારા–૧૦)* પરંતુ ગ઼ૌષે આ'ઝમ કહેનારને મુશરિક કહેનાર ગમે તેવા અયરૂ ગયરૂને ''મૌલાના ! મૌલાના ! કહીને પુકારે છે તો તેમને શું કહેવામાં આવે ? અહલે સુન્નત (બરેલ્વી) તો અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہને ગ઼ૌષે પાક, ગ઼ૌષ આ'ઝમ લખે છે અને કહે છે, પરંતુ દેવબંદી વહાબીઓના પેશ્વાઓએ પણ પોતાની કિતાબમાં ગ઼ૌષ આ'ઝમ લખ્યું છે. ઉદાહરણ રૂપે, ''સિરાતે મુસ્તકીમ'', ફારસી, પેજ–૫૬, ૧૩૨, ૧૪૭, લેખક–ઈસ્માઈલ દહેલ્વી, ફતાવાએ નઝીરિય્યા, લેખક : નઝીરહુસૈન દહેલ્વી, ફતાવાએ અશ્રફિયા, ભાગ–૩, પેજ–૯, અત્તઝકીર, ભાગ–૩, પેજ–૧૦૪, દા'વાતે અબ્દિય્યત, ભાગ–૫, પેજ–૧૭, લેખક : અશ્રફ અલી થાનવી, ઉયૂને ઝમઝમ, લેખક : ઈનાયતુલ્લાહ ગુજરાતી વગેરે.

**સૂરજ અગલોં કે ચમકતે થે ચમક કર ડૂબે**
**ઉફુકે નૂર પે હૈ મેહર હમેશા તેરા**
*(સૂરજ = સૂર્ય, ઉફુક = આકાશના કિનારા, મેહર = સૂરજ)*

**અર્થ** : અય ગ઼ૌષ પાક ! رحمۃ اللہ علیہ આપથી પહેલાં જેટલા વલીઓ થયા તેમનો સૂરજ ચમક્યો અને ડૂબી ગયો પરંતુ નૂરના કિનારાઓ પર આપનો સૂરજ ચમકતો જ રહેશે કારણ કે આપ ક઼યામત સુધી આવનાર દરેક વલીના સરદાર છો. આ શેઅરમાં ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہના ફર્માન તરફ ઈશારો કરવામાં આવ્યો છે. આપ ફર્માવે છે : ''આગલાઓના સૂરજ ડૂબી ગયા અને અમારો સૂરજ ઊંચાઈના કિનારા પર હમેશાં ચમકતો રહેશે, ડૂબશે નહીં !''

**મુર્ગ સબ બોલતે હૈં બોલ કે ચૂપ રહતે હૈં**
**હાં ! અસીલ એક નવાસંજ રહેગા તેરા**

*(મુર્ગ = મરઘો, અસીલ = ઊંચી નસલવાળો, નવા સંજ = ગીત ગાનાર)*

**અર્થ :** આખી દુનિયાના મરઘાઓ બોલે છે પરંતુ દરેક વખતે નથી બોલતા, બલ્કે બાંગ આપીને પછી એક મુદ્દત સુધી ચૂપ થઈ જાય છે, પરંતુ ગૌષે પાક رحمۃ اللہ علیہનાં ગીત ગાનાર મરઘો ઊંચી નસલવાળો છે જે હમેશાં આપની અઝમતોનાં ગીત ગાતો જ રહેશે, કદી ચૂપ નહીં થાય.

**જો વલી ક઼બ્લ થે યા બાદ હુએ યા હોંગે**
**સબ અદબ રખતે હૈં દિલ મેં મેરે આક઼ા તેરા**

**અર્થ :** જે વલીઓ હુઝૂર ગૌષ પાક رحمۃ اللہ علیہ પહેલાં થઈ ગયા અને જે આપના પછી થયા અને જે ક઼યામત સુધી થશે, તે બધા જ ઔલિયા અલ્લાહ હુઝૂર ગૌષ પાક رحمۃ اللہ علیہનો અદબ દિલમાં રાખે છે.

મુહમ્મદ બિન અહમદ સઈદ બિન ઝરીગ, رحمۃ اللہ علیہ પોતાની કિતાબ "રૌઝતુન્નવાઝિર વ નુઝહતુલ ખવાતિર"ના છટ્ઠા પ્રકરણમાં જે બુઝુર્ગોએ હુઝૂર ગૌષ પાક رحمۃ اللہ علیہની કુતબિયતના મર્તબાની ગવાહી આપી છે તેઓનું વિગતવાર વર્ણન કરતાં લખે છે, "ગૌષે પાક رحمۃ اللہ علیہથી પહેલાં અવલિયા અલ્લાહમાંથી કોઈ પણ હઝરતનો મુન્કિર ન હતો, બલ્કે તેઓએ આપની આમદ (આગમન)ની બશારત તથા ખુશખબરી આપી. હઝરત હસન બસરી رحمۃ اللہ علیہએ પોતાના જમાનાથી લઈને હઝરત શૈખ મુહયુદ્દીન કુતુબ સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہના મુબારક જમાના સુધી વિગતવાર આગાહી આપી દીધી છે કે જેટલા પણ અવલિયા અલ્લાહ થાય છે સૌએ જ ગૌષ પાક رحمۃ اللہ علیہના આગમનની ખબર આપી છે બલ્કે તમામ અવલિયાએ કિરામ કિરામ આપની અદબ કરતા હતા અને કરતા રહેશે.

**બક઼સમ કહતે હૈં શાહાને શરીફૈનો હરીમ**
**કે હુવા હૈ ન વલી હો કોઈ હમ્તા તેરા**

*(બક઼સમ = ક઼સમ ખાઈને, શાહાન = બાદશાહો, શરીફૈન, હરીમ = બે જગ્યાઓનાં નામ છે, હમ્તા = બરાબર)*

**અર્થ :** શાહાને શરીફૈનનો હરીમ એટલે કે શરીફૈન અને હરીમના બાદશાહો તેનાથી મુરાદ બે રૂહાની બાદશાહ એટલે કે વલીઓ છે જે ગૌષે પાક رحمۃ اللہ علیہના દૌરના જ હતા : (૧) શૈખ અબૂ અમ્ર ઉષ્માન હરીફૈની رحمۃ اللہ علیہ (૨) અબૂ મુહમ્મદ અબ્દુલહક્ક઼ બિન અબૂબક્ર હરીમી رحمۃ اللہ علیہ. આ બંનેવ ક઼સમ ખાઈને કહે છે કે ન ગૌષ પાક رحمۃ اللہ علیہના બરાબર પહેલાં કોઈ વલી થયો છે ન કદી થશે.

**તુઝસે ઔર દહ્ર કે અક્તાબસે નિસ્બત કૈસી**
**કુતુબ ખૂદ કૌન હૈ ખાદિમ તેરા ચેલા તેરા**

*(દહ્ર = જમાનો, અક્તાબ = કુતુબનું બહુવચન, કુતુબો, કુતુબ = તે વલી જેને ખુદા તરફથી કોઈ ઈલાકાની હુકૂમત આપવામાં આવી હોય)*

**અર્થ :** અય ગૌષે આ'ઝમ ! رحمۃ اللہ علیہ આપને જમાનામાં કુતુબ સાથે કોઈ નિસ્બત નથી આપ કોઈ કુતુબની હુકૂમત હેઠળ નથી બલ્કે બધા કુતુબો આપના ખાદિમ અને ચેલા છે.

**સારે અક્તાબે જહાં કરતે હૈં કા'બે કા તવાફ**
**કા'બા કરતા હૈ તવાફે દરેવાલા તેરા**

દુનિયાના બધા જ કુતુબો વલીઓ ખાનએ કા'બાનો તવાફ કરે છે પરંતુ તારા દરેવાલા–ઊંચી શાનવાળા દરબારનો તવાફ ખાનએ કા'બા કરે છે. (સમજૂતી આગળ આવે છે.)

**ઔર પરવાનેં હૈં જો હોતે હૈં કા'બે પે નિષાર**
**શમ્અ એક તૂ હૈ કે પરવાના હૈ કા'બા તેરા**

*(પરવાના = પંતગિયા જે મીણબત્તીની ચારેબાજુ ચક્કર મારે છે, શમ્અ = મીણબત્તી, નિષાર = કુર્બાન)*

**અર્થ :** પંતગિયાં મીણબત્તીની આજુબાજુ ફરીને સળગી ઉઠે છે અને શમ્અ પર કુર્બાન થઈ જાય છે એવી જ રીતે તે બીજા આશિક઼ો જે ખાનએ કા'બાની ચોતરફ તવાફ કરે છે અને કા'બા પર જાનો દિલથી કુર્બાન થાય છે. પરંતુ અય ગૌષે પાક ! رحمۃ اللہ علیہ આપ વિલાયતની એવી જ શમ્અ છો કે કા'બા ખૂદ આપનો પરવાનો છે અને આપનો તવાફ કરે છે. ઉપરોક્ત

બંનેવ શેઅરોનો અર્થ એક જ છે કે બધા કા'બાનો તવાફ કરે છે અને કા'બા ગૌષે પાક رحمۃاللہ علیہ નો તવાફ કરે છે. વાત આશ્ચર્યજનક છે કે તવાફ કા'બાનો કરવામાં આવે છે અહીંયાં તેનાથી વિરુદ્ધ છે. પરંતુ આશ્ચર્ય તેના માટે છે જે વલીના મર્તબાથી બેખબર છે. નહીં તો હદીષથી સાબિત છે કે વલી કા'બા શરીફથી અફઝલ છે. હદીષે પાકમાં છે : ખુદા ફર્માવે છે, ન હૂં અર્શમાં સમાય શકુ છું ન કુર્સી, ન લોહ, ન પૃથ્વી, ન આકાશમાં. હા ! હું સમાય શકુ તો મો'મિન (વલી)ના દિલમાં, અને એ જ મારો અર્શ છે.'' (અલ્ કૌલુલ જલી) મૌલાએ રૂમ رحمۃاللہ علیہ એટલા માટે ફર્માવે છે :–

*દિલ બદસ્ત આરદ કે હજ્જે અકબર અસ્ત*
*અઝ હઝાર કા'બા યક દિલ બેહતર અસ્ત*

''વલીને ખુશ રાખ એ જ હજ્જે અકબર છે. હજાર કા'બાથી એક વલીનું દિલ અફઝલ છે.''

હદીષ શરીફમાં છે કે ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ એક દિવસ કા'બા શરીફ તરફ જોયું અને ફર્માવ્યું, ''તારી શાન ઊંચી છે અને તારી ઈજ્જત મોટી છે, અને મો'મિન અલ્લાહની પાસે તારા કરતાં ઈજ્જતમાં વધારે છે.'' *(તિર્મિઝી)*

મૌલ્વી અશ્રરફ અલી થાનવી આ હદીષને બયાન કર્યા પછી લખે છે કે, ''હજાર કા'બાથી એક વલી અફઝલ છે એ વાત આ હદીષથી સાબિત થાય છે.'' *(હવાલો : અત્તકશ્શફ અન મુહિમ્માતિત્તસર્રુફ, પેજ : ૭૪, પ્રકાશક : કાસિમી દેવબંદ)*

હવે સવાલ એ છે કે શું કા'બા વલીની ઝિયારત માટે જાય છે, અને જો કા'બા જાય તો લોકોની નમાઝનું શું જે તેની સામે મોઢુ કરીને પઢી રહ્યા છે ?

જવાબ છે કે ''કા'બા વલીની ઝિયારત માટે જાય છે.'' તફસીરે રૂહુલ બયાન, પેજ–૮૯૯, પર અલ્લામા ઈસ્માઈલ હક્કી સાહબ લખે છે કે, ''ખાનએ કા'બાનું પોતાની જગ્યાએ જવું વલીની કરામત અને નબીનો મો'જિઝો છે.'' એ જ કિતાબના ભાગ–૪, પેજ–૪૭૬ પર ફર્માવે છે, ''કા'બા શરીફ કેટલાક વલીઓની ઝિયારત માટે જાય છે.''

બહુરુર્રાઈક શરહે કન્ઝુદ્દકાઈકમાં અલ્લામા ઈબ્ને નજમ ફર્માવે છે, જ્યારે કા'બા શરીફ કરામતવાળા વલીઓની ઝિયારત માટે જાય તો એવી હાલતમાં તેની ફઝા (જગ્યા) સામે નમાઝ પઢવી જાઈઝ છે. હનફી મસ્લકની મશ્હૂર કિતાબ રદ્દુલ મુહતાર, ભાગ–રમાં અલ્લામા ઈબ્ને આબેદીન શામી ઈમામ નસફીના હવાલાથી ફર્માવે છે, ''આ વાત સાચી છે કે અહલે સુન્નતના નજીક વલીની ઝિયારત માટે જવું કરામતના તૌર પર સાબિત છે.''

રહી વાત નમાઝની કે જ્યારે કા'બા શરીફ વલીની ઝિયારત માટે જતો રહે તો જે લોકો તેની સામે મોઢું કરીને નમાઝ પઢી રહ્યા હતા તેમની નમાઝ થશે કે નહીં ? જવાબ છે કે કા'બા ફક્ત તે મકાનનું નામ નથી બલ્કે અર્શે આ'ઝમથી લઈને સાતમી જમીનની નીચે તહતુષ્ષરા સુધી કા'બા છે. જો તે મકાન બીજી જગ્યાએ લઈ જવામાં આવે તો પણ જે લોકો તેની ફઝા સામે (તેની ખાલી જગ્યા સામે) મોઢું કરીને નમાઝ પઢશે તો નમાઝ થઈ જશે જેવી રીતે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ ના જમાનામાં નવી તા'મીર માટે કા'બા શરીફ બિલકુલ શહીદ કરી દેવામાં આવ્યો તો સહાબાએ તેની ફઝા (ખાલી જગ્યા) સામે નમાઝ અદા કરી. આ મસ્અલો રદ્દુલ મુહ્તાર, શામી, તહતાવી, મરાકીયુલ ફલાહ, જેવી મહાન કિતાબોમાં વિગતવાર બયાન કરવામાં આવ્યો છે જેનાથી સાબિત થાય છે કે કા'બા વલીની ઝિયારત માટે જઈ શકે અને જો તે જાય તો તેની સામે નમાઝ પઢનારાઓની નમાઝ પણ થઈ જશે. વધુ વિગત માટે અલ્લામા ફૈઝ અહમદ ઓવૈસીની કિતાબ ''અલ્ કૌલુલ જલી ફી અન્નલ કાબત તઝહબો ઈલા ઝિયારતિલ વલી''નો અભ્યાસ કરો.

**શજરે સર્વે સહી કિસ કે ઉગાએ તેરે**
**મઅરેફત ફૂલ સહી કિસકા ખિલાયા તેરા**

*(શજરા = વૃક્ષ, સર્વે સહી = ચીડનાં સીધાં વૃક્ષ, શાઈરો મહબૂબથી સરખાવે છે, કિસકે ઉગાએ = કોના ઉગાવેલ, મઅરેફત = ખુદાની ઓળખ માટેનો રસ્તો, કિસકા ખિલાયા = કોનો ખિલાવેલ)*

**અર્થ :** તરીક઼ત, શરીઅત અને હિદાયતના સીધા વૃક્ષો કોણે રોપ્યાં અને ખુદાની ઓળખના રસ્તા કોણે બતાવ્યા ? માઅરેફતના ફૂલ કોણે ખિલવ્યાં ? અય ગ઼ૌષે પાક ! رحمۃ اللہ علیہ આપે જ ! તે કારણે આપનું નામ મુહયુદ્દીન પડયું, આપે જ દીનને જીવન આપ્યું.

**તૂ હૈ નૌશાહ બરાતી હૈ યે સારા ગુલઝાર**
**લાઈ હૈ ફ઼સ્લે સમન ગુંધ કે સેહરા તેરા**

*(નૌશાહ = વરરાજા, ગુલઝાર = બાગ, ફ઼સ્લ = ઋતુ, સમન = ચમેલી, ગુંધ કે = ગુંથીને, સેહરા = દુલ્હાને પહેરાવવામાં આવતો ફૂલોનો હાર)*

**અર્થ :** અય ગ઼ૌષે આ'ઝમ ! رحمۃ اللہ علیہ આપ જન્નતી દુલ્હા છો અને આખુ જગત આપનાં બરાતી છે, અને ફૂલોની ઋતુ ખૂદ આપના માટે હાર ગુંથીને લાવી છે.

**ડાલિયાં ઝુમતી હૈં રક઼્સે ખુશી જોશ પે હૈ**
**બુલબુલે ઝુલતી હૈં ગાતી હૈં સેહરા તેરા**

*(ડાલિયાં = ડાળીઓ, ઝુમતી હૈં = ઝુમે છે, રક઼્શ ખુશી = જોશ પે હૈ = ખુશીની મસ્તીઓ જોશ પર છે. સેહરા = શાદી વખતે પઢવામાં આવતુ ગીત)*

**અર્થ :** અય ગ઼ૌષે આ'ઝમ ! رحمۃ اللہ علیہ આપના દુલ્હા બનવાની ખુશી અને મસ્તીમાં ડાળીઓ ઝુમી રહી છે અને બુલબુલો ડાળીઓ પર ઝુલી ઝુલીને આપની શાદીના તરાનાં ગાઈ રહી છે.

**ગીત કલિયોં કી ચટક ગઝલેં હઝારોં કી ચહક**
**બાગ કે સાઝોં મેં બજતા હૈ તરાના તેરા**

*(કલિયોં = ફૂલની ડાળીઓ, ચટક = કળીના ખીલવાનો અવાજ, ચહક = મધુર કંઠે ગાવુ, સાઝ = વાજુ, તરાના = સૂર)*

**અર્થ :** દુનિયાના બાગમાં કળીઓના ખીલવાનો અવાજ, ગીત અને હજારોનું મધૂર કંઠ સાથે ગાવુ, ગઝલ અને બંને વસ્તુઓ બાગના વાજાં છે અને એ જ વાજાંથી અય મહબૂબ ! અનોખા સૂર સાથે આપની મહોબ્બતના તરાનાં ગાય રહ્યા છે.

**સફ઼ે હર શજરા મેં હોતી હૈ સલામી તેરી**
**શાખેં ઝુક ઝુક કે બજા લાતી હૈં મુજરા તેરા**

(સફ઼ = લાઈન, શજરા = વૃક્ષ, શાખેં = ડાળીઓ, મુજરા = અદબ કરવું)

**અર્થ :** અય ગ઼ૌષે આ'ઝમ ! رحمۃ اللہ علیہ દુનિયાના વૃક્ષો લાઈનમાં ઊભા રહી આપને સલામી આપતાં દેખાય છે અને ડાળીઓ ઝુકી ઝુકીને આપનો અદબ બજાવી રહી છે.

**કિસ ગુલિસ્તાં કો નહીં ફ઼સ્લે બહારી સે નિયાઝ**
**કૌન સે સિલસિલામેં ફ઼ૈઝ ન આયા તેરા**

*(ગુલિસ્તાં = બાગ, ફ઼સ્લે બહારી = વસંત ઋતુ સંબંધી, નિયાઝ = જરૂરત, ફ઼ૈઝ = ફાયદો)*

**અર્થ :** તરીક઼તના કયા બાગને વસંત ઋતુની જરૂરત નથી, ક્યો એવો વલી છે જેને અય ગ઼ૌષ પાક ! رحمۃ اللہ علیہ આપના કરમની જરૂરત નથી ?! બધા જ સિલસિલામાં આપનો ફ઼ૈઝ જારી છે. આપ પીરોના પીર છે ! અને કોઈપણ આપની નઝરે કરમ વગર વલી બની શકતો નથી.

**નહીં કિસ ચાંદ કી મંઝિલ મેં તેરા જલ્વએ નૂર**
**નહીં કિસ આઈને કે ઘરમેં ઉજાલા તેરા**

**અર્થ :** વિલાયતના આકાશમાં ક્યો એવો ચાંદ (વલી) છે જેમાં આપનું નૂર ન દેખાય રહ્યું હોય ! અને ક્યો શીશ મહેલ (રોશન ઝમીર વલી) છે જેમાં આપનો ઉજાલો ન હોય. અય ગ઼ૌષ પાક ! رحمۃ اللہ علیہ આપના નૂરે વિલાયતથી દરેક વલી રોશન છે અને બીજાઓને રોશની આપી રહ્યા છે.

**રાજ કિસ શહર મેં કરતે નહીં તેરે ખુદ્દામ**
**બાજ કિસ નહ્ર સે લેતા નહીં દરયા તેરા**

(રાજ = હુકૂમત, ખુદ્દામ = ખાદિમો, બાજ = મેહસૂલ)

**અર્થ :** અય વલીઓના સરદાર ! કયુ એવું શહેર છે જ્યાં આપના ગુલામો હુકૂમત ન કરતા હોય, અને કઈ એવી નહેર છે જેનાથી આપનો દરિયો મેહસૂલ વસૂલ ન કરતો હોય !

આપ વિલાયતના દરિયા છો, દરેક નહેર (સિલસિલો, વલી) આપથી નીકળી છે, ફ઼ૈઝ પામે

છે, તેના બદલામાં દરેક વલી આપને એહસાનમંદી અને શુક્રિયાનો મેહસૂલ આપે છે.)

**મઝરએ ચિશ્તો બુખારા વ ઈરાકો અજમેર**
**કૌન સી કિશ્ત પે બરસા નહીં ઝાલા તેરા**

*(મઝરઅ = ખેતર, ચિશ્ત = એક ગામનું નામ જ્યાંથી ચિશ્તી સિલસિલો શરૂ થયો, બુખારા : તુર્કસ્તાનના એક મશ્હૂર શહેરનું નામ, કિશ્ત = ખેતી, ઝાલ = ભારે વરસાદ)*

**અર્થ :** બુખારી શરીફના સંપાદક ઈમામ બુખારી પણ ત્યાંના જ રહેવાસી છે. અહીંયાં બુખારીથી મુરાદ ચાર સિલસિલાઓમાંથી એક નક્શબંદી સિલસિલાના સ્થાપક હઝરત ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદી છે જેઓ બુખારાના રહેવાસી છે. ઈરાક = મશ્હૂર દેશ. અહીંયાં તેનાથી મુરાદ સોહરવર્દી સિલસિલાના સ્થાપક હઝરત ખ્વાજા શહાબુદ્દીન સોહરવર્દી رحمۃاللہعلیہ છે જે ઈરાકના શહેર સોહરવર્દિયહ્‌ના વતની છે, અજમેર : ભારતના રાજસ્થાનનું મશ્હૂર શહેર, એનાથી મુરાદ વાલીએ હિંદુસ્તાન હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃاللہعلیہ છે જે અજમેર શરીફમાં આરામ ફર્માવી રહ્યા છે.

ચિશ્તી, નક્શબંદી, સોહરવર્દી સિલસિલા અને અજમેર શરીફ જ્યાંથી આખી દુનિયામાં રૂહાની ફૈઝ પહોંચે છે, આ બધી જ રૂહાની ખેતીઓ પર અય ગૌષ પાક ! رحمۃاللہعلیہ આપના કરમનો ભારે વરસાદ થાય છે. આ શેઅરમાં આ'લા હઝરતે દરેક સિલસિલા પ્રતિ પોતાની અક઼ીદત દર્શાવી છે.

**ઔર મહબૂબ હૈં, હાં, પર સભી યક્સા તો નહીં**
**યૂં તો મહબૂબ હૈ હર ચાહનેવાલા તેરા**

*(ઔર = બીજા, મહબૂબ = પ્યારા, દોસ્ત, યક્સાં = બરાબર)*

**અર્થ :** અલ્લાહ તઆલાના બીજા પણ દોસ્ત અને મહબૂબ છે પણ આપની શાન સર્વોત્તમ છે. એમ તો આપનો દરેક ચાહક અલ્લાહની બારગાહમાં મહબૂબ છે.

**ઉસકો સો ફ઼ર્દ સરાપા બફ઼રાગત ઓળ્હેં**
**તંગ હો કર જો ઉતરને કો હો નિમા તેરા**

*(સો ફ઼ર્દ = સો માણસો, સરાપા = માથાથી પગ સુધી, બફ઼રાગત = આસાનીથી, ઓળ્હેં = ઓઢે, તંગ, સાંકડુ, ઉતરને કો હો = કાઢી નાખવાનાના લાયક હોય, નિમા = નાનુ કપડુ)*

**અર્થ :** અય ગૌષે આ'ઝમ ! رحمۃاللہعلیہ આપના મુબારક કપડાં જે નાનાં થઈ ગયાં હોય અને ઉતારી મૂકવાના લાયક હોય જો આપ તેને ઉતારી દો તો આપની બરકતથી તે નાનું કપડુ સેંકડો લોકો માથાથી પગ સુધી આરામથી ઓઢી શક્શે. અર્થ એ છે કે આપ જે ઊંચા મક઼ામથી પસાર થયા છે અને જે આપની ઊંચી શાનની આગળ નાનુ ગણાય તેવા મક઼ામમાં સો વલીઓ આરામથી રહી શક્શે.

**ગરદને ઝુક ગઇં સર બિછ ગએ દિલ લૂટ ગએ**
**કશ્ફ઼ે સાક઼ આજ કહાં યે તો ક઼દમ થા તેરા**

*(ગરદને ઝુક ગઈ = ગરદનો ઝુકી ગઈ, સર બિછ ગએ = માથા જમીન પર મૂકી દીધાં, દિલ લૂટ ગએ = આશિક઼ થઈ ગયા, કશ્ફ઼ે સાક = પિંડલી ખોલવી, ખુદાની તજલ્લી છે.)*

**અર્થ :** કુર્આન શરીફમાં છે :–

يوم يكشف عن ساق ''જે દિવસ પિંડલી ખોલશે.'' *(સૂરએ નૂન, પારા : ૯)* મુરાદ જ્યારે ખુદા તજલ્લી દેખાડશે તો બધા જ મો'મિનો સજદામાં જતા રહેશે.

આ'લા હઝરત رحمۃاللہعلیہ ફર્માવે છે, ''અય ગૌષ પાક ! رحمۃاللہعلیہ આપના ક઼દમ મુબારકને જોઈ શીશ નમી ગયાં, દિલ કુર્બાન થઈ ગયાં, કશ્ફ઼ે સાક઼નો નઝારો હમણા ક્યાં ? આ તો આપના ક઼દમ મુબારકના નૂરની તજલ્લી છે.''

**તાજે ફ઼ર્ક઼ે ઉરફ઼ા કિસકે ક઼દમ કો કહીએ**
**સર જિસે બાજ દેં વો પાઉં હૈ કિસકા ? તેરા**

*(તાજે ફ઼ર્ક઼ે ઉરફ઼ા = આરિફ઼ોના માથાનો તાજ, બાજ = ટેક્ષ, પાઉં = પગ)*

**અર્થ :** આરિફ઼ો (વલીઓ)ના માથાનો તાજ કોના પગને કહીએ ? માથાં અદબનો મેહસૂલ ખિરાજ

જે પગને આપે છે તે પગ કોનો છે. અય વલીઓના સરદાર ! તે મુબારક કદમ આપનો છે કે આપે ફર્માવ્યું, ''મારો આ કદમ તમામ વલીઓની ગરદન પર છે.'' *(બેહજતુલ અસરાર)*

**સુકર કે જોશ મેં જો હૈં વો તુઝે ક્યા જાનેં**
**ખિઝર કે હોશ સે પૂછે કોઈ રૂત્બા તેરા**

*(સુકર = નશો, ખિઝર = મશહૂર પૈગંબર અથવા વલી, રૂતબા = મર્તબો)*

**અર્થ** : જે લોકો જાહેરી ઈલ્મના નશામાં બેહોશ હોય તે આપની શાનને શું સમજી શકે ! હઝરત ખિઝર عليه السلام જેવા બાહોશને કોઈ પૂછે કે આપનો મકામ અને મર્તબો શું છે ?

**આદમી અપને હી અહવાલ પે કરતા હૈ ક્યાસ**
**નશેવાલોંને ભલા સુકર નિકાલા તેરા**

*(અહવાલ = હાલત, ક્યાસ = ગુમાન, ભલા = સારું)*

**અર્થ** : માણસ બીજાઓને પણ પોતાના જેવા જ ગુમાન કરે છે. જે લોકો જાહેરી ઈલ્મના નશામાં ચૂર છે તેમણે આપ માટે સારો નશો બતાવ્યો છે. અર્થ જે લોકો ઘમંડના નશામાં ચૂર છે તે આપને પોતાના જેવા જ સમજે છે ! આપ માટે નશાનું સારું બહાનું શોધી કાઢ યું. સચ્ચાઈ એ છે કે આપે પોતાના હોશો હવાસ સાથે ફર્માવ્યું છે કે મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે અને તે આપની શાન પ્રમાણે જ છે.

**વો તો છોટા હી કહા ચાહેં કે હૈં ઝેરે હઝીઝ**
**ઔર હર ઔજ સે ઉંચા હૈ સિતારા તેરા**

*(વો તો છોટા હી કહા ચાહેં = તે તો નાના જ બતાવવા ઈચ્છે છે, હઝીઝ = નીચાઈ, ઔજ = ઊંચાઈ)*

**અર્થ** : અય ગૌષે આ'ઝમ ! رحمة الله عليه જે લોકો આપના વિરોધીઓ છે તે તો આપને કમ દરજાના બતાવવા ઈચ્છે છે ત્યાં સુધી કે એ કદમ નીચે કહેવા માંગે છે. પરંતુ આપની શાન એ છે કે આપની અઝમતનો તારો દરેક ઊંચાઈથી ઉપર ચમકી રહ્યો છે. બીજી જગ્યાએ આ'લા હઝરત ફર્માવે છે :–

*તૂ ઘટાએ સે કિસી કે ન ઘટા હૈ ન ઘટે*
*જબ બઢાએ તુઝે અલ્લાહ તઆલા તેરા*

**અર્થ** : આપની શાન તો એ છે કે આપના વાલિદ સાહબના ખ્વાબમાં સહાબા સાથે હુઝૂર صلى الله عليه وسلم તશરીફ લાવીને આપની પૈદાઈશની ખુશ ખબરી આ રીતે આપે છે : ''અય અબૂ સાલેહ ! તમને ખુદાએ એવો બેટો અતા ફર્માવ્યો છે જે મારા બેટા સમાન છે, અને મારો અને ખુદાનો મહબૂબ છે, અને અવલિયા અને કુતુબોમાં તેની ઊંચી શાન એવી છે જેવી કે મારી ઊંચી શાન નબીઓ અને રસૂલોમાં છે.'' *(તફરીહુલ્ ખાતિર, મનાકિબે ગૌષિય્યહ્, તર્ગીબુન્નાઝિર)*

**દિલે અઅ્દા કો ''રઝા'' તેઝ નમક કી ધુન હૈ**
**ઈક ઝરા ઔર છિળકતા રહે ખામા તેરા**

*(દિલે અઅ્દા = દુશ્મનોના દિલ, તેઝ = ધારદાર, ધુન = આદત, જરૂરત, ઈકઝરા ઔર = થોડુ હજુ, છિળકતા રહે = છંટકાવ કરતો રહે, ખામા = કલમ)*

**અર્થ** : અય રઝા ! (ઈમામ અહમદ રઝા) ઔલિયા અલ્લાહના દુશ્મનોને ધારદાર નમક (મીઠા)ની જરૂરત છે, તારી કલમ અવલિયાની તારીફ લખી લખીને તેમના ઝખ્મી દિલ પર વધુ નમકનું છંટકાવ કરતી રહે જેથી તે પીડાતા રહે અને મરતા રહે !


**નૂરી તર્બિયતી સેન્ટરમાં આવો !**

સુન્ની મુસલમાનોની ઈલ્મી, દીની, અખ્લાકી, ઈમાની, રૂહાની તર્બિયત માટે ભરૂચ મુકામે **''સુન્ની દાવતે ઈસ્લામી''** થકી કાબેલ બાઅમલ આલિમ, મુબલ્લિગો થકી ''નૂરી તર્બિયતી સેન્ટર''માં તાલીમો તર્બિયત ચાલે છે તો આપ પોતે તથા આપની ઔલાદને દીનદાર બનાવવા, દીન શીખવા, સુન્નતો શીખવા, નેક મોમિન બની ઈશ્કે નબી صلى الله عليه وسلمમાં બાઅખ્લાક, જીવન જીવવા, મુબલ્લિગે દીન બનવા દાખલો મેળવો. અઠવાડીયા, છ મહિના, વરસ, બે વરસ, દિવસ, બે દિવસ જેટલો સમય આપશો એટલો તમને જ ફાયદો છે. આજે જ સંપર્ક કરો : નૂરી તર્બિયતી સેન્ટર, દાણા ગલી, કતોપોર બજાર, ચબૂતરા સામે ભરૂચ. મો. : ૯૪૨૬૮ ૪૦૨૭૭, ૯૪૨૭૪ ૬૪૪૧૧

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી હુક્મ

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## ★ વિત્રની નમાઝ ★

વિત્રની નમાઝ વાજિબ છે. કોઈક કારણે વિત્ર સમયસર ન પઢી શક્યા હોય અને સમય જતો રહે તો કઝા પઢવા વાજિબ છે. *(આલમગીરી, હિદાયા)*

વિત્રની નમાઝ ત્રણ રકાતો છે એક જ સલામ સાથે, જેવી રીતે કે મગરિબમાં ત્રણ રકાત પઢવામાં આવે છે. એમાં પહેલો કાયદો વાજિબ છે એટલે કે બે રકાત પછી બેસી ફક્ત અત્તહિય્યાત પઢી ઉભા થઈ જવું. અને ત્રીજી રકાતમાં સૂરત પઢયા પછી બંનેવ હાથો ઊંચા કરી કાનોની ટીસીઓ સુધી લઈ જઈ અલ્લાહુ અકબર કહી ફરીથી બાંધી લેવા અને દુઆએ કુનૂત પઢવી. જ્યારે દુઆએ કુનૂત પઢી લે તો અલ્લાહુ અકબર કહી રુકૂઅ કરવો અને બાકીની નમાઝ પૂરી કરવી.

<u>મસ્અલો</u> : દુઆએ કુનૂત પઢવી વાજિબ છે અને એમાં કોઈ અમુક જ દુઆ પઢવી વાજિબ નથી પરંતુ બેહતર તે દુઆઓ છે કે જે હદીષમાં આવી છે. સૌથી વધુ જાણીતી દુઆએ કુનૂત આ છે :–

اَللّٰھُمَّ اِنَّا نَسْتَعِیْنُكَ وَنَسْتَغْفِرُكَ وَنُؤْمِنُ
بِكَ وَنَتَوَكَّلُ عَلَیْكَ وَنُثْنِیْ عَلَیْكَ الْخَیْرَ ط
وَنَشْكُرُكَ وَلَا نَكْفُرُكَ وَنَخْلَعُ وَنَتْرُكُ مَنْ
یَّفْجُرُكَ ط اَللّٰھُمَّ اِیَّاكَ نَعْبُدُ وَلَكَ نُصَلِّیْ
وَنَسْجُدُ وَاِلَیْكَ نَسْعٰی وَنَحْفِدُ وَنَرْجُوْ رَحْمَتَكَ
وَنَخْشٰی عَذَابَكَ اِنَّ عَذَابَكَ بِالْكُفَّارِ مُلْحِقٌ

***અલ્લાહુમ્મ ઇન્ના નસ્તઇનુ–ક વ નસ્તગફિરુ–ક વ–નુઅ્મિનુ બિ–ક વ ન–તવક્કલુ અલય્ક વ નુષ્ની અલય્કલ્ ખય્ર વ નશ્કુરુ–ક વલા નક્ફુરુ–ક વનખ્લઉ વ નત્રુકુ મંય્ય્ફજુરુ–ક, અલ્લાહુમ્મ ઇય્યા–ક નઅ્બુદુ વ લ–ક નુસલ્લી વ નસ્જુદુ વ ઇલય્ક નસ્આ વ નહ્ફિદુ વ નર્જૂ રહ્મત–ક વ નખ્શા અઝાબ–ક ઇન્ન અઝાબ–ક બિલ્કુફ્ફારિ મુલ્હિક.***

<u>મસ્અલો</u> : જે દુઆએ કુનૂત ન પઢી શકતો હોય તેણે આ દુઆ પઢવી :–

رَبَّنَآ اٰتِنَا فِی الدُّنْیَا حَسَنَةً وَّفِی الْاٰخِرَةِ
حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ۔

**રબ્બના આતિના ફિદ્દુન્યા હસનતંવ્ વફિલ્ આખિરતિ હસનતંવ્ વકિ઼ના અઝાબન્નાર.**

અને જે એ પણ ન પઢી શકતો હોય તેણે ત્રણ વખત "અલ્લાહુમ્મગ્ ફિર્લી" પઢવું. *(આલમગીરી)*

<u>મસ્અલો</u> : દુઆએ કુનૂત દરેક નમાઝીએ આહિસ્તા પઢવું પછી તે ઈમામ હોય કે મુક્તદી કે એકલો પઢનાર, કઝા હોય કે અદા, રમઝાનમાં હોય કે બીજા દિવસોમાં. *(રદ્દુલ મુહતાર)*

<u>મસ્અલો</u> : વિત્ર સિવાય કોઈપણ નમાઝમાં દુઆએ કુનૂત ન પઢવી. હા, કોઈ ભયંકર આફતમાં સપડાયા હોય તો ફજરમાં પણ પઢી શકે છે, અને એમાં પણ રુકૂઅથી પહેલાં પઢવી જેમ કે વિત્રમાં પઢવામાં આવે છે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

<u>મસ્અલો</u> : જો પહેલા કાયદામાં બેસવાને બદલે ભૂલથી ઉભા થઈ ગયા હોય તો હવે પાછા બેસી જવાની છૂટ નથી પરંતુ છેવટે સહ્વનો સિજદો કરવો. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

<u>મસ્અલો</u> : દુઆએ કુનૂત પઢવાનું ભૂલી ગયા અને રુકૂઅમાં ગયા પછી યાદ આવ્યું તો ન તો રુકૂઅમાં પઢવી કે ન તો રુકૂઅમાંથી પાછા વળવું બલ્કે છોડી દેવી અને છેવટમાં સહ્વનો સિજદો કરી લેવો તો નમાઝ થઈ જશે.

<u>મસ્અલો</u> : વિત્રની ત્રણે રકાતોમાં કિ઼ર્અત એટલે કે કુર્આન શરીફમાંથી કાંઈ પઢવું ફર્ઝ છે અને દરેક રકઅતમાં સૂરએ ફાતેહા વધુ પેજ નં. ૧૧....પર



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃ اللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ)*

### (મજલિસ : ૧૪)

### ★ સૂરએ ફાતિહા તથા સૂરએ ઈખ્લાસની ફઝીલત ★

સૂરએ ફાતિહા (અલ્હમ્દ શરીફ) તથા સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહ)ના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ખ્વાજા યૂસુફ હસન ચિશ્તી رحمۃ اللہ علیہ પોતાની પુસ્તિકામાં લખે છે કે પયગંબરે ખુદા ﷺથી હદીષ છે કે જે શખ્સ સૂતી વખતે સૂરએ ફાતિહા તથા સૂરએ ઈખ્લાસ પઢે છે તે કયામતના દિવસે અમીનોમાંથી હશે અને પયગંબરોના પછી સૌ પ્રથમ તે જન્નતમાં જશે. અને જન્નતમાં જતી વખતે હઝરત ઈસા علیہ السلامની નજીક હશે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા મુહમ્મદ અર્શીથી નકલ છે કે જે શખ્સ સૂતી વખતે એકવાર સૂરએ ફાતિહા અને ત્રણવાર સૂરએ ઈખ્લાસ પઢે છે તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે કે માના પેટથી પેદા થયો છે.

પછી ફર્માવ્યું કે હદીકામાં લખ્યું છે, મેં જોયું છે કે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ તથા ઈબ્ને ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે જે શખ્સ સૂતી વખતે સૂરએ કાફિરૂન પઢે હજાર માણસ જન્નતમાં તેની ગવાહી આપશે.

પછી ફર્માવ્યું કે એકવાર હું બદખ્શામાં મારા પીર હાજી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર હતો. બદખ્શાંની એક મસ્જિદમાં એક બુઝુર્ગને જોયા કે તેને ખ્વાજા મુહમ્મદ બદખ્શાં કહેતા હતા અને જે યાદે ઈલાહીમાં અતિશય મશગૂલ હતા. તેમનાથી મેં સાંભળ્યું કે જે શખ્સ સૂર્ય નીકળતી વખતે બે રકાત નમાઝ અદા કરે કે ચાર રકાત, તો હજ્જ તથા ઉમરાનો સવાબ ફરિશ્તા તેના આમાલનામામાં લખે છે. અને હદીષમાં આવ્યું છે કે જે શખ્સ સૂર્ય નીકળતી વખતે બે અથવા ચાર રકાત નમાઝ અદા કરે છે એ એના કરતાં ખૂબ જ અફઝલ હોય છે જે દુનિયાનો તમામ માલ સદકો કરે.

જેવા કે ખ્વાજા (ઉષ્માન હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. الحمد للہ علی ذٰلک

### (મજલિસ : ૧૫)

### ★ જન્નતીઓ વિશે વર્ણન ★

જન્નત તથા અહલે બહિશ્ત (જન્નતવાળાઓ) વિશે ચર્ચા થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની તફસીરમાં જન્નતના બયાનમાં લખેલુ જોયું છે કે રસૂલુલ્લાહ ﷺથી લોકોએ અર્ઝ કરી કે અમને જન્નતવાસીઓના ખોરાક વિશે આપ ખબર આપો. પયગંબર ﷺએ ફર્માવ્યું, મને એ જ ખુદાની કસમ છે જેણે મને પયગંબર બનાવ્યો કે મર્દ જન્નતમાં સો મર્દોની સાથે ખાવા ખાશે અને પોતાનાં બીવી બચ્ચાં સાથે મળીને રહેશે. લોકોએ અર્ઝ કરી કે યા વધુ પેજ નં. ૧૩....પર

(કાયદાહ)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ઼ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી બરકાતે ખ્વાજા*

## નાનોત્વીના શાગિર્દને છોકરા સાથે ઈશ્ક઼ અને નાનોત્વીના ઈખ્તિયારની ઝલક !

"અરવાહે ષલાષા" કિતાબમાં મૌલ્વી ક઼ાસિમ નાનોત્વીના એક સાગરિત મૌલ્વી મન્સૂર અલીખાન મુરાદાબાદીની એક જુનૂન અંગેઝ (ઘેલછાભરી) આપવીતી લખી છે, ખૂદ મૌલ્વી મન્સૂરઅલીખાન સાહેબની જબાની આ દિલચશ્પ અને રહસ્યમય કહાની સાંભળો. તેઓ બયાન કરે છે કે :–

મને એક છોકરા સાથે પ્રેમ થઈ ગયો ને તેનો પ્રેમ મારી તબિયત પર એટલી હદે છવાઈ ગયો કે દિવસ રાત તેના વિચારોમાં પસાર થવા લાગ્યા, મારી વિચિત્ર હાલત થઈ ગઈ, બધા કામોમાં આડખીલી થવા લાગી, હઝરત (મૌલાના ક઼ાસિમ નાનોત્વી)ની દીર્ઘદષ્ટિ તેને ઓળખી ગઈ, પરંતુ સુબ્હાનલ્લાહ ! ભરણપોષણ અને દેખરેખ તેને કહે છે કે, ખૂબ જ છૂટતી હઝરતે (નાનોત્વી) મારી સાથે મિત્રતાભર્યો વર્તાવ શરૂ કર્યો, અને તે સંબંધને એટલી હદે વધાર્યો જેવી રીતે બે યાર આપસમાં ભળી જાય છે, એટલે સુધી કે, તેમણે જ એ પ્રેમની વાત છેડી ફર્માવ્યું કે, હા ભાઈ ! એ તમારી પાસે આવે છે કે નહીં ?!

*"હું શરમનો માર્યો ચૂપ રહ્યો તો તેમણે કહ્યું કે, નહીં ભાઈ ! આ સ્થિતિ તો ઈન્સાન પર જ આવતી હોય છે તેમાં છુપાવવાનું શું છે ? મતલબ કે આ પ્રકારે મારી જીભથી એ* **(છોકરા)ના પ્રેમનો** *એકરાર કરાવી જ લીધો અને કોઈ નારાજી પણ જાહેર ન કરી બલ્કે મને સાંત્વન આપ્યું." (અરવાહે ષલાષા, પેજ–૨૪૬)*

ત્યાર પછી લખ્યું છે કે, જ્યારે મારી બેચૈની વધી ગઈ અને ઈશ્ક઼ના હાથોમાં બિલકુલ મજબૂર બની ગયો ને લાચારીએ એક દિવસ મૌલાના નાનોત્વીની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી કે :–

*"હઝરત ! ખુદાને ખાતર મારી સહાય કરો, હું તંગ આવી ગયો છું, અને લાચાર થઈ ગયો છું !* ***એવી દુઆ ફર્માવી દો કે એ છોકરાનો વિચાર મારા દિલથી ભૂલાઈ જાય !*** *ત્યારે હસીને ફર્માવ્યું કે, બસ ! મૌલ્વી સાહબ ! શું થાકી ગયા ? જોશ ખતમ થઈ ગયો ? મેં વિનંતિ કરી કે હઝરત ! હું બધા કામોથી બેકાર થઈ ગયો, નકામો બની ગયો. હવે મારાથી સહન થઈ શકતું નથી, ખુદાને ખાતર મારી મદદ કરો ! તો ફર્માવ્યું કે, વારુ ! તમે મગરિબ પછી જ્યારે હું નમાઝથી ફારેગ થઈ જાઉં ત્યાં હાજર રહેશો." (અરવાહે ષલાષા, પેજ–૨૪૭)*

ત્યાર બાદ નમાઝ પછી શું બન્યું ? તે પણ વાંચી લો. ''મુબ્તિલાએ ગમે જાનાં'' બયાન કરે છે કે :–

*''હું મગરિબની નમાઝ પઢીને છત્તાની મસ્જિદમાં બેસી રહ્યો. જ્યારે હઝરત (નાનોત્વી) અવ્વાબીનની નમાઝ પઢીને ફારેગ થયા અને મને બોલાવ્યો, ને ફર્માવ્યું કે, હાથ લાવો ! તો મેં હાથ લંબાવ્યો. મારો હાથ તેમના જમણા હાથની હથેલી પર રાખીને મારી હથેલીને હથેલી ઉપર રાખીને હથેલીને એવી રીતે ઘસી કે જાણે તાણા વણવામાં આવે છે.* ***ખુદાની કસમ ! મેં મારી સગી આંખોથી જોયું કે, હું અર્શની નીચે છું અને ચારે તરફ નૂર અને રોશનીએ મને ઘેરી રાખેલ છે જાણે હું દરબારે ઈલાહીમાં હાજર છું !''*** *(અરવાહે ષલાષા, પેજ–૨૪૭)*

ગયબની દુનિયાના રહસ્યના ઘટસ્ફોટની આ શાન પણ જોઈ લો કે પારસ પથ્થરની જેમ હથેલી ઉપર હથેલીને ઘસતાં જ આંખો પ્રકાશિત થઈ ગઈ અને **અર્શ સુધીના તમામ પડદાઓ એક પલમાં ઉઠી ગયા, અને માત્ર પડદાઓ જ ઉઠી ગયા નહીં. બલ્કે પોતાના રંગીન મિજાઝ સાગરીતને મૌલ્વી કાસિમ નાનોત્વીએ પલકારવામાં ત્યાં પહોંચાડી દીધો જ્યાં માત્ર ''સૈયદુલ અંબિયા'' સિવાય કોઈ ઈન્સાન આ જ સુધી પહોંચી શક્યો નથી !**

ગયબ ઉપર પોતાના વર્ચસ્વની વાત આ રીતે બયાન કરવામાં આવે છે કે, બસ ! ઈચ્છા થઈને ગયબદાન બનાવી દીધું પરંતુ ''મહબૂબે કિબ્રિયા''ના સંબંધે આ (દેવબંદી) વર્તુળ બિલકુલ એક મત છે કે, આપ ગયબની વાત જાણતા નથી અને અર્શની વાત તો બહુ દૂર રહી, તેમને ફર્શ પરની પણ ખબર ન હતી !

આશ્ચર્યની વાત છે કે **દેવબંદી મૌલ્વી કાસિમ નાનોત્વીના શાગિર્દને પ્રેમ થયો તે પણ છોકરાથી !** અને તેમાં કેવો બેબાકળો તે બની જાય છે તે પણ ફરી વાંચીને સમજી લો ! કેટલી શરમજનક વાત છે ! છતાં ગુરૂ તેને સાંત્વન આપે છે થપકો નહીં ! વળી પછી વાત ક્યાંથી ક્યાંથી પહોંચે છે કે ગૈરુલ્લાહની મદદને શિર્ક કહેનારા દેવબંદી મૌલ્વીના એ શાગિર્દ તેમને મદદ માટે આજીજી કરે છે કે તે છોકરાનો પ્રેમ દિલથી નીકળી જાય માટે કાંઈ દિલને ફેરવી દો ! તો તેને એ ઈનામ મળ્યું કે **જાગતી આંખોએ અર્શ સુધી પહોંચાડી આપ્યો !** આ કેવો બોગસ ધર્મ છે દેવબંદીઓનો ! જરા વિચારો !

અને દેવબંદી મૌલ્વી કાસિમ નાનોત્વીનો ઈખ્તિયાર પણ જોઈ લો ! કે તેમણે ચાહ્યું તો પળવારમાં શાગિર્દને અર્શ સુધી પહોંચાડી દીધો ! જ્યારે કે નબી વલી માટે તેમનો અકીદો છે કે :–

''જે લોકો બુઝુર્ગોને દૂર દૂરથી પોકારે છે અને એમને પુકારીને માત્ર આટલુ જ કહે છે કે, યા હઝરત ! આપ દુઆ ફર્માવો કે અલ્લાહ તઆલા અમારી હાજત પૂરી કરી દે, તો આ પણ **શિર્ક** ગણાશે.

*–(દારુલ ઉલૂમ કંથારીયા–ભરૂચની તકવિયતુલ ઈમાન, પેજ–૭૩)*

પણ અહીં દુઆ કરાવનારો બેશરમ શાગિર્દ મુશ્રિક ન થયો ! વળી એ જ કિતાબમાં છે કે :–

''હવે વિચારો કે મુશ્રિકો અલ્લાહ તઆલાને છોડી મદદ માટે જે બુઝુર્ગોને પુકારે છે અને જેમની પાસે પોતાની મુરાદો માંગે છે તેઓ સૃષ્ટિમાં મચ્છરના એક પર (પાંખ) બરાબરના ય માલિક નથી.......''

*–(ગુજરાતી તકવિયતુલ ઈમાન, દારુલ ઉલૂમ કંથારીયા–ભરૂચ, પેજ નં. : ૮૭)*

તૌહીદની તા'લીમની આડ હેઠળ એક ઠેકાણે લખે છે :–

''જેનું નામ મુહમ્મદ (ﷺ) કે અલી (کرم اللہ وجہہ الکریم) છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી.''

*–(હવાલો : ઉપર મુજબ, પેજ–૧૨૩)*

પોતાના મૌલ્વીની પ્રશંસા કરવા બેસે તો તેના ઈખ્તિયારો કેવા દર્શાવે છે ! જ્યારે નબી વલીની શાનમાં બોલે છે તો તેમની બોલી કેવી બદલાય જાય છે ! શું આ કોઈ મુસલમાનની બોલી જણાય છે ?! જાતે જ ફેંસલો કરી લેશો.

# ઔલિયા અલ્લાહની કરામતો

અઝ : **અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી** رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**★ ખાધા વિના બાર દિવસ સતત ચાલતા રહ્યા ! ★**

અબૂ સઈદ ખરાઝે રિવાયત કરી. ફર્માવે છે કે એક વાર હું સફરમાં હતો અને દર ત્રણ દિવસ બાદ કોઈ ને કોઈ ચીજ મને મળી જતી અને હું તે ખાઈ લીધા કરતો અને કાંઈક શક્તિ મેળવી લેતો. એકવાર ત્રણ દિવસ પસાર થઈ ગયા અને કોઈ ચીજ જાહેર ન થઈ જેના કારણે હું કમજોર થઈ ગયો અને બેસી ગયો. એના પર ગયબથી અવાજ આવ્યો, શું પસંદ કરો છો ? અસબાબ કે શક્તિ ? મેં કહ્યું, શક્તિ ચાહું છું. પછી હું એ જ વખતે ઉઠયો અને બાર દિવસ સતત ચાલતો રહ્યો ! ન કોઈ ચીજ ખાધી ન કમજોર થયો.

**★ સફરમાં ન ભૂખ લાગી ન તરસ ! ★**

મરતઅશથી રિવાયત છે કે તેમણે ખવાસને ફર્માવતાં સાંભળ્યા કે હું કેટલાય દિવસ જંગલમાં હેરાન પરેશાન ભટક્તો રહ્યો. પછી એક શખ્સે આવીને સલામ કરી અને કહ્યું, શું તમે રસ્તો ભૂલી ગયો છો ?! મેં કહ્યું, હા ! તેણે ફરી કહ્યું, શું હું તમને રસ્તો બતાવું ? આમ કહીને તે મારી આગળ થોડાક ડગલાં ચાલીને નજરોથી અદશ્ય થઈ ગયો. મેં જોયું તો હું મુખ્ય માર્ગ પર હતો. ત્યાર બાદ ન તો હું માર્ગેથી ભટક્યો અને ન મને સફરમાં ભૂખ કે તરસ લાગી.

**★ મૃત્યુ બાદ તખ્તા પર હસતા રહ્યા ! ★**

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીથી સાંભળ્યું કે ઉમર બિન યહ્યા અર્દબીલીએ તેમને કહ્યું અર્ક઼ા કહેતા હતા કે ઈબ્ને જિલાઅ્ કહેતા હતા કે જ્યારે મારા વાલિદ મૃત્યુ પામ્યા તો તખ્તા પર પડયા પડયા મુસ્કુરાયા, જેથી કોઈની તેમને ગુસ્લ આપવાની હિંમત ન થઈ અને તે કહેતા કે એ તો જીવે છે ! ત્યાં સુધી કે તેમના સમાન મર્તબાવાળા લોકોમાંથી એક શખ્સે આવીને તેમને ગુસ્લ આપ્યું.

**★ ૭૦ દિવસો સુધી ખાધા વિના રહેતા ! ★**

મેં મુહમ્મદ બિન અહમદ તમીમીથી સાંભળ્યું, તેમણે અબ્દુલ્લાહ બિન અલીથી સાંભળ્યું કે તલ્બા કસાઈરી કહેતા હતા કે અલ મફતાહ સાહબ સહલ બિન અબ્દુલ્લાહ ફર્માવતા હતા કે સહલ બિન અબ્દુલ્લાહ સિત્તેર દિવસો સુધી ખાધા વિના રહી શક્તા હતા અને એમની એ હાલત હતી કે જ્યારે ખાવા ખાતા તો કમજોર થઈ જતા અને જ્યારે ભૂખ્યા રહેતા તો શક્તિવાન થઈ જતા !

**★ સદંતર ખાધા પીધા વિના રમઝાન ગુજાર્યો ! ★**

અબૂ ઓબૈદ બુસ્રીનો એ તરીક઼ો હતો કે જ્યારે રમઝાન શરીફ શરૂ થતો તો એક રૂમમાં પૂરાય જતા અને પોતાની પત્નીને કહેતા કે દરવાજા પર પ્લાસ્ટર કરી આપ, અને દર રાત્રે બારીમાંથી એક રોટી મૂકી આપ્યા કર. જ્યારે ઈદનો દિવસ થતો તો દરવાજો ખોલતા અને તેમનાં પત્ની રૂમમાં જતાં તો જોતાં કે ત્રીસે ત્રીસ રોટીઓ તેવી ને તેવી જ એક ખૂણામાં પડેલી છે, તેમણે ન ખાધુ હોતુ ન પીધુ હોતુ અને ન સૂતેલા રહ્યા, અને ન કોઈ રકાત છૂટેલી હોતી. ........*(ક્રમશઃ)*

**નિકાહ રજીસ્ટર 3 કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ ગ્લેઝ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# રસૂલુલ્લાહ ﷺના નાયબો (આલિમો)માં ખૂબીઓ કેવી હોવી જોઈએ ?!

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર અલી નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી )*

અનુવાદક : મુહમ્મદ ઈરફાનભાઈ MR *(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભાવનગર)*

*૧૩–૪–૨૦૧૦ શનિવારે તેહરીકે* **"સુન્ની દાવતે ઈસ્લામી"** *ના મર્કઝી ઈદારા "જામિઆ ગૌષિયા"ના ફારિગ થયેલાઓની એક મહત્વની મિટિંગમાં* **અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત અલ્લામા વ મૌલાના મુહમ્મદ શાકિર અલી નૂરી** *એ એ મિટિંગમાં અબ્નાએ ગૌષિયાને જે નસીહતો કરી તેના પર અમલ કરવો ખરેખર કામયાબીની રાહ પર આગેકૂચ સમાન છે. "બરકાતે ખ્વાજા" મંથલીના વાંચકોના લાભાર્થે, ખાસ કરીને દરેક આલિમ થનારા ખુશનસીબોની હિદાયત માટે અત્રે રજૂ કરીએ છીએ. –તંત્રી*

અઝીઝ તલબા ! આપ જાણો છો કે આપના સરો પર નયાબતે રસૂલ ﷺ નો તાજ રાખી દેવામાં આવ્યો છે એટલે એક આલિમ અને એક નાઈબે રસૂલ ﷺ હોવાની હૈસિયતથી આપનામાં જે ખૂબી દેખીતી રીતે હોવી જોઈએ તે કુર્આને પાકના ફર્માન પ્રમાણે ખશિય્યતે રબ્બાની (ખૌફે ખુદા) છે. એટલા માટે કે અલ્લાહ પાકથી ડરવાવાળો તે જ બંદો હોય છે જે ઈલ્મવાળો હોય છે. આ સિલસિલામાં હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે : "અલ્લાહની કસમ ! હું અલ્લાહ પાકથી સૌથી વધારે ડરવાવાળો છું અને સૌથી વધારે તેનો ખૌફ રાખવાવાળો છું." *(બુખારી શરીફ)*

## ★ આલિમ ખૌફે ખુદાવાળો હોય છે ★

કારણ એ છે કે જે આલિમ હશે તે રબ તઆલાને સૌથી વધુ જાણવાવાળો હશે, અને જે જેટલો અધિક અલ્લાહ પાકને જાણવાવાળો હશે તે તેટલો જ એનાથી ડરવાવાળો હશે. એથી આપણે આપણું આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે તાલીમ દરમ્યાન આપણને અલ્લાહ પાકની ઝાત અને તેની સિફતોની જે જાણકારી હાંસલ થઈ એ પ્રમાણે આપણા દિલોમાં ખુદાનો ખૌફ છે ? જો નથી, તો કુર્આનના ફર્માન પ્રમાણે આલિમ કહેવડાવવાને લાયક નથી.

કુર્આનની જે આયતે કરીમામાં વર્ણન કરવામાં આવ્યું છે કે આલિમો સૌથી વધારે (ખુદાથી) ડરે છે, તેનો સાફ મતલબ એ થયો કે આલિમો તે જ છે જે હક તઆલા સિફત (ખૂબી), બુઝુર્ગી, જલાલ અને કુદરત અને કમાલને સૌથી વધુ જાણે છે. અને વળીએ જાણવામાં પણ બધા એક સરખા નથી બલ્કે જેની અંદર અલ્લાહની સિફતની ઓળખાણ વધુ હશે તે તેટલો વધુ અલ્લાહથી ડરતો હશે અને તે તેટલો મોટો આલિમ છે. અહીંથી એ વાત સમજમાં આવી કે બહુ જ મોટો આલિમ એ નથી કે જે કીલોકાલ (સ્પીચમાં પાવરધો) કરતો હોય, જે ઈલ્મ વિખેરતો હોય બલ્કે સૌથી મોટા આલિમ એ છે કે જે અલ્લાહથી સૌથી વધુ ડરતો હોય જે જેટલો અલ્લાહથી ડરશે અલ્લાહ તેને એટલી જ ઈજ્જત આપશે.

એટલા માટે કે જ્યારે એ જાણતો હશે કે તે "જાણે છે ચોરી છુપીની નિગાહ અને જે કાંઈ સીનામાં છુપાયેલું છે." *(પારા ૨૪, સૂરએ મુઅ્મિન, આયત–૧૯)*

તો એ વાતનો પણ ખ્યાલ રાખશે કે દિલમાં

ગુનાહના વસવસા પણ ન આવે, ગુનાહ વિશે વિચારવાથી પણ પરહેઝ કરશે, કારણ કે એને ખબર હશે કે અલ્લાહ પાક દિલોમાં છુપાયેલી ચીજોનો પણ જાણકાર છે, અને કોઈ ચીજ તેનાથી છુપાયેલી નથી. એવી જ રીતે બીજી એક જગ્યાએ ફર્માવ્યું "અલ્લાહ ખૂબ જાણે છે દિલોની વાત." *(પા.૪ આલિ ઈમરાન, આયત –૧૧૯)*

આ વાત સારી પેઠે દિમાગમાં બેસાડી લો કે તમારો એ ખયાલ બિલકુલ ખોટો છે કે કિતાબો લખી લેવાથી, દુર્લભ તહક઼ીક઼ કરી લેવાથી, મુદલ્લલ અને મુફસ્સલ તક઼રીર કરી લેવાથી કે દુનિયાભરમાં તબ્લીગ માટે ફરી લેવાથી કોઈ મોટો આલિમ થઈ જશે, આલિમ તો તે જ છે જે ખુદાથી ડરતો હોય. પછી એમ નહીં કે લોકોની વચ્ચે ખુદાથી ડરતો હોય, ના ! આલિમ ક્યાંય પણ હશે અલ્લાહ પાકથી ડરતો હશે અને જો અલ્લાહથી નથી ડરતો તો એ આલિમ નથી.

### ★ લચ્છેદાર તક઼રીર જ મહાનતાની દલીલ નથી ! ★

આપણે જો આપણા પૂર્વજોના કથનોને જોઈએ તો એ વાત સમજમાં આવે છે કે આપણા પૂર્વજ બુઝુર્ગોએ આલિમની જે ખૂબીઓ વર્ણવી છે તેમાં સૌથી અગ્રેસર સૌથી વધારે તાકીદ તક઼્વો અને ખૌફે ખુદાના સંબંધે વર્ણવી છે. જેવું કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું, "અલ્લાહ પાકને સૌથી વધુ જાણવાવાળો એ છે જે અલ્લાહથી સૌથી વધુ ડરવાવાળો અને સૌથી વધુ તેની ઈબાદત કરવાવાળો હોય." *(તફસીરે હક્કી, ૩/૧૫૨)*

અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ એ સાફ સાફ ફર્માવ્યું કે "કષરતે ગોયાઈ" (વધુ બયાન કે વાએઝ કરવું) કે કષરતે રિવાયત (વધુને વધુ હદીષોની સનદ વર્ણવવી)એ ઈલ્મ નથી બલ્કે ખૌફે ખુદાનું નૂર જે દિલમાં જેટલું વધુ હશે તે એટલો જ મોટો સાહિબે ઈલ્મ (ઈલ્મવાળો) છે." *(તફસીરે ઈબ્ને કષીર, ૬/૫૪૫)*

આજે તો એ વિચારધારા બની ગઈ છે કે અવામમાં ઈજ્જતદાર બનવું હોય તો લચ્છેદાર તક઼રીર કરો, પોતાના ઈલ્મને વધુને વધુ જાહેર કરો. જ્યારે કે આવું વિચારવું બિલકુલ ગલત છે. હું તમને એક દ્રષ્ટાંતથી બતાવું કે એક મસ્જિદનો ઈમામ કે જે જુમ્આની તક઼રીર મુશ્કેલીથી થોડી મિનિટો માટે કરી શકતો હોય પણ અઝાન પછી તરત જ મુસલ્લા પર બેસી જતો હોય, તિલાવતે કુર્આનમાં મશગૂલ રહેતો હોય, એવી જ રીતે નમાઝ બાદ વિર્દો વઝાઈફ અને તિલાવતે કુર્આનમાં વ્યસ્ત રહેતો હોય, તો દરેક એ વાતને સારી પેઠે જાણે છે કે લોકોની નજરોમાં એની ઈજ્જત બીજા ઈમામો કરતાં વધુ હશે. કારણ કે એ કહે છે તેના કરતાં વધુ કરી બતાવે છે. પણ આપણે એ આદત બનાવી લીધી છે કે આપણે બોલીએ છીએ ખૂબ જ પણ અમલ ખૂબ જ ઓછો કરીએ છીએ. આ જ કારણે આપણને ઈજ્જત નથી મળતી. આપણે જ્યારે આપણા માથે નાઈબે રસૂલનો તાજ પહેરી લીધો (આલિમ બની ગયા) તો હવે આપણા પૂરા વજૂદમાં ખૌફે ખુદાનો અસર દેખાવો જોઈએ અને આપણે દરેક હાલતમાં લોકોમાં તેમજ એકાંતમાં અલ્લાહથી ડરવું જોઈએ.

ખૌફે ખુદા અલ્લાહ તઆલાની એક મોટી નેઅમત છે, જે તેના ખાસ બંદાઓને મળે છે. ખુદાની આ નેઅમત જેને મળી તે મોટો આલિમ થઈ ગયો. એટલે જ કુર્આને મુકદસમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : "અલ્લાહ તઆલા હિકમત આપે છે જેને ચાહે, અને જેને હિકમત મળી તેને મોટી ભલાઈ મળી." *(પા. ૩, સૂરએ બકરહ, આ. ૨૬૯)*

આ આયતની તફસીરમાં સાહિબે જલાલૈન ફર્માવે છે કે, "આ આયતમાં હિકમતની મુરાદ ઈલ્મે નાફેઅ (નફાકારક ઈલ્મ) છે જે અમલ પર ઉભારે." *(પેજ–૪૫)*

ખુલાસો એ કે ઈલ્મ બે પ્રકારના હોય છે : એક નફો પહોંચાડનાર ઈલ્મ અને નુકશાન પહોંચાડનાર ઈલ્મ. આ આયતમાં મુરાદ નફાવાળો ઈલ્મ છે કે જેને આ દૌલત મળી ગઈ તેને ઘણુ બધું મળી ગયું,

ઘણી જ ભલાઈ પ્રાપ્ત થઈ ગઈ.

### ★ ખુદા વ રસૂલનો કુર્બ તક્વામાં છે ★

આજે આપણી કૌમ પોતાના આલિમો અને ઈમામોને મુત્તકી અને પરહેઝગાર જોવા ઈચ્છે છે. એટલે કુર્બે ખુદા અને ઈજ્જત જોઈતી હોય તો ખૌફે ખુદાને અપનાવી લો, તમને ખુદાનો કુર્બ પણ મળી જશે અને ઈજ્જત પણ મળી જશે. ખૂદ જયારે રસૂલ ﷺ એ હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ ને યમનના ગર્વનર બનાવીને મોકલ્યા ત્યારે ઈર્શાદ ફર્માવ્યું, "હે મઆઝ ! رضی اللہ عنہ જયારે તમે યમનથી પાછા ફરશો ત્યારે મારાથી મુલાકાત નહીં કરી શકો." તો એ ગભરાઈ ગયા કે હુઝૂર ! હું આપની જુદાઈ કેવી રીતે સહન કરી શકીશ ?! રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શું તમારે મારી નઝદીકી જોઈએ છે ? અર્ઝ કરી, હા ! તો ફર્માવ્યું, "મારાથી સૌથી વધુ નજીક તક્વાવાળાઓ છે." *(મુસ્નદે ઈમામ અહમદ, ૪૮/૧૫૧)*

મતલબ એ કે તક્વો (ખૌફે ખુદા) એટલી મોટી નેઅમત છે કે જેને એ પ્રાપ્ત થઈ જાય છે તેને રસૂલુલ્લાહ ﷺ ની નિકટતા પ્રાપ્ત થઈ જાય છે. જો આ ખૂબી ન હોય તો ઈલ્મ પ્રાપ્તિનો કોઈ જ મતલબ નથી.

હે મારા અઝીઝો ! જરૂરત છે કે ખૌફે ખુદા દિલમાં પૈદા કરો ! દરેક હાલતમાં ખુદાથી ડરતા રહો અને દરેક હાલતમાં પોતાની જાતને ખૌફે ખુદાનો આઈનો બનાવી રાખો.

તમોએ ઈલ્મે દીન પ્રાપ્ત કરેલ છે, બેશક ! આ અલ્લાહ તરફથી એક મોટી નેઅમત તમોને મળી છે પણ આ ઈલ્મથી તમો પોતાની ઝાતને કેવી રીતે નફો પહોંચાડશો, લોકોને કેવી રીતે નફો પહોંચાડશો એ પણ જાણવું જરૂરી છે.

### ★ દુનિયા પ્રાપ્તિ માટે ઈલ્મે દીન મેળવનારને ચેતવણી ★

એવી જ રીતે અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, "જેણે એવું ઈલ્મ પ્રાપ્ત કર્યું જેનાથી અલ્લાહની રઝામંદી હાંસલ થઈ શકે પણ તેણે આ ઈલ્મ એટલા માટે મેળવ્યું કે તેના દ્વારા દુનિયાનો સામાન મેળવે તો તે શખ્સ જન્નતની ખુશ્બુ સુધ્ધાં નહીં મેળવી શકે. *(સુનને અબૂ દાઊદ)*

આ હદીષથી તમો અંદાજો લગાડો કે ઈલ્મ પ્રાપ્તિનો ધ્યેય શો હોવો જોઈએ ? અને જો કોઈ એમ સમજતું હોય કે ઈલ્મે દીન પ્રાપ્ત કરવાથી દુનિયા તેને મળશે નહીં, તો આ વિચાર બિલકુલ ખોટો છે. કેમ કે જે ઈલ્મથી ખુદા મળી જતો હોય તો તેને પ્રાપ્તિ કરવા પછી ખુદાઈ કેમ ન સમેટાઈને તમારા ચરણો સુધી આવે ?! પણ તેના માટે ઈખ્લાસ શરત છે, જેવું કે તમોએ વર્ણવેલ હદીષથી જાણ્યુ.

એવી જ રીતે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે "જેને કોઈ એવી વાત પૂછવામાં આવી જેના વિશે તે જાણતો હતો છતાં તેણે એ વાતને છુપાવી તો કયામતના દિવસે તેને આગની લગામ પહેરાવવામાં આવશે." *(તિર્મિઝી શરીફ)*

એને એવી રીતે સમજો કે તમોએ ઈલ્મ એટલા માટે તો નથી પ્રાપ્ત કર્યો કે તેને તમે પોતાની પાસે રાખી મૂકો અને ન તો કોઈને બતાવી દેવાથી તમારો ઈલ્મ ઓછો થઈ જશે. તમો તમારા બુઝુર્ગોના ચરિત્રો પર એક નજર નાખીને જોશો તો એ વાત જાણી લેશો કે તેઓએ ઈલ્મની ખિદમતમાં પોતાની આખી જિંદગી વિતાવી દીધી. સેંકડો લોકોના દિલોમાં પોતાના ઈલ્મને પરિવર્તિત કર્યો. ખાસ કરીને તમે આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામે ઈશ્કો મહબ્બત رحمۃ اللہ علیہ ની ઝાતને જુઓ, તેઓ દિવસ રાત કિતાબો લખતા, ફતવાઓ આપતા અને ખુદાની મખ્લૂકને પોતાના ઈલ્મથી ફાયદો પહોંચાડતા. આ લોકો (પૂર્વજ બુઝુર્ગો) આવું શા કારણે કરતા ? એટલા માટે કે તેઓ જાણતા હતા કે અલ્લાહ પાકે તેમને ઈલ્મ એટલા માટે અર્પણ કર્યું છે કે જેથી કરીને મખ્લૂકે ખુદા તેનાથી ફાયદો ઉઠાવી શકે અને તેઓ ફાયદો પહોંચાડી શકે.

### ★ આલિમ દુનિયાની લાલચથી બચે ! ★

અહીં એક વાત સારી રીતે મગજમાં બેસાડી લો કે કયારે પણ દુનિયાની લાલચ તમારા દિલોમાં ન આવે કારણ કે દુનિયાની લાલચ એટલી ખતરનાક વસ્તુ છે કે અલ્લાહ પાક તેના કારણે ઈલ્મની બરકતો અને ઈલ્મના નૂરને ઉઠાવી લે છે. આજે તો દુનિયાવાળાઓનો એ મિજાઝ બની ગયો છે કે તમે તેમની સામે ઈલ્મ પેશ કરો તો તેઓ વિચારશે કે લાગે છે આ ઈલ્મ પહોંચાડનારને જરૂર કોઈ કામ હશે ! દઅવતની ક્યારેક ક્યારેક આવી વાતો પણ તમારી સામે આવશે. કારણ કે આ માનવ પ્રકૃત્તિ છે. ફક્ત આજના જ યુગમાં આવી વાતો સામે નવી આવતી, આવી વાતો તો અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના જમાનામાં પણ થતી હતી, આ જ કારણે તેમણે વારંવાર લોકોને આવું કહીને યક઼ીન અપાવતા કે "હે ક઼ૌમ ! આના પર (હિદાયત) પર હું તમારાથી કોઈ અજર (બદલો) નથી માંગતો, મારો અજર મારી મજદૂરી તો તેની જવાબદારી છે જેણે મને પેદા કર્યો" (પા.૧૨, સૂરએ હૂદ, આયત ૫૧)

એનાથી આપણને એ બોધ મળે છે કે જ્યારે આપણે નાઈબે રસૂલ બનીને દઅવતના કામ માટે નીકળી પડયા છીએ તો આપણે પણ લોકોને એ યક઼ીન અપાવવું પડશે કે અમોને તમારાથી કોઈ બદલો નથી જોઈતો, અમોને તો બદલો ફકત રબ્બ કરીમથી જ જોઈએ છીએ. જો કોઈ આ પ્રમાણે દઅવતના કામમાં લાગી જશે તો મૌલા તઆલા તેને દૌલત પણ આપશે, ઈજ્જત પણ આપશે અને તેના દિલને ઈલ્મના નૂરથી રોશન પણ કરી આપશે. પણ શરત એ છે કે દિલથી દુનિયાની લાલચને કાઢીને ઈખ્લાસની દૌલત દિલમાં વસાવી લેવામાં આવે.

એક બુઝુર્ગ ફર્માવે છે કે ત્રણ ચીજો ધારણ કરો : (૧) લાલચ ન કરો (૨) મનાઈ ન કરો (૩) જમા ન કરો. એટલે કે કોઈથી કોઈ વસ્તુની લાલચ ન કરો. હા ! જો કોઈ વસ્તુ આપી રહ્યો હોય તો મના ન કરો (કબૂલ કરો) પણ લીધા પછી તેને જમા પણ ન કરો. અલ્લાહની રાહમાં તેને લૂટાવતા રહો, ખર્ચ કરતા રહો. જો તમોએ આ ખૂબી અપનાવી લીધી તો અલ્લાહ પાક તમને દુનિયા અને આખેરતમાં ઈજ્જત આપશે.

તમે ભૂતકાળ ઉઠાવીને જોઈલો કે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالَى عَلَيْهِمْ أَجْمَعِيْنَ અને અવલિયાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالَى عَلَيْهِمْ أَجْمَعِيْنَ ની બારગાહથી હમેશાં ખલ્કે ખુદાને મળતું જ રહ્યું છે અને આજે પણ મળે છે. તેઓએ ક્યારે ય પણ કોઈ પાસે માંગ્યું નથી, કોઈની સામે હાથ નથી ફેલાવ્યા, કોઈ પાસેથી કયારેય લાલચ નથી રાખી.

એ વાત યાદ રાખો કે દુનિયાની લાલચ માણસને એવી રીતે બર્બાદ કરી દે છે કે જે દિલમાં લાલચ વસી જાય છે તેની હાલત એવી થઈ જાય છે કે તે દરેક અદના અને આલા પાસે કરગરે છે, દરેક દરવાજાને ખટખટાવે છે, અને પછી એક દિવસ એવો આવે છે કે તે કોઈક બજારમાં વેચાઈ જાય છે. આ છે દુનિયાની લાલચ જે તેને ત્યાં સુધી લઈ જાય છે, એટલે દુનિયાની લાલચને દિલમાં જરા પણ ન આવવા દો.

### ★ ગલત હેતુઓ માટે ઈલ્મ રાખનાર આગમાં જશે ★

હઝરત કઅબ બિન માલિકથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યું કે, "જે ઈલ્મ દીન એટલા માટે મેળવે છે કે બીજા આલિમોનો સમકક્ષ થઈ જાય અથવા બેવકૂફોથી બહષ તથા મુનાઝરો કરતો ફરે અથવા લોકોના ધ્યાનને પોતાની તરફ આકર્ષિત કરે, તો અલ્લાહ પાક તેને જહન્નમાં દાખલ કરશે." *(તિર્મિઝી શરીફ)*

આ હદીષ શરીફમાં ત્રણ ચીજો વિશે ફર્માવ્યુ કે જો ઈલ્મે દીનની પ્રાપ્તિમાં કોઈ પોતાનો (દુનિયવી) ધ્યેય હશે તો તે ઈલ્મ અર્થહીન સાબિત થશે બલ્કે એવા ઈલ્મ હાંસલ કરવાવાળાને અલ્લાહ જહન્નમના અંગારાઓમાં નાખી દેશે : (૧) બીજા (આલિમોની) બરાબરીના જઝબા સાથે ઈલ્મ મેળવવું (૨) જાહિલો અને ઓછા ઈલ્મવાળાઓ સાથે બહષ કરીને તેઓના

દિલોમાં પોતાની મોટાઈ બેસાડવાની નિય્યતથી ઈલ્મ હાંસલ કરવું (૩) લોકોના ધ્યાનને પોતાની તરફ કેન્દ્રિત કરવા માટે ઈલ્મ મેળવવું કે લોકો આપણને મોટો ગણશે અને ઈજ્જત આપશે. ખુલાસો એ કે ઈલ્મે દીન મેળવવાનો ધ્યેય ફક્ત અને ફક્ત એ જ હોવો જોઈએ કે તેનાથી ઈસ્લામનો ફેલાવો થાય અને ખુદાની મખ્લૂક઼ને ફાયદો પહોંચે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે "મારી ઉમ્મતમાંથી કેટલાક લોકો દીનની સમજણ મેળવશે અને કુર્આન પઢશે, પઢાવશે અને સાથોસાથ એ પણ કહેશે કે અમે હાકિમો પાસે જઈએ છીએ એટલા માટે કે તેમની દુનિયામાંથી અમને પણ કંઈક મળી જાય અને અમે અમારો દીન તેમનાથી અલગ રાખીશું (એટલે કે અમારા દીનમાં કંઈ જ ફર્ક નહીં આવે). પણ એ અશક્ય છે, જેમ કે કાંટાવાળા ઝાડમાંથી કાંટાઓ સિવાય બીજુ શું મળી શકે ? એવી જ રીતે સત્તાધીશો પાસેથી ગુનાહોના તોક઼ સિવાય બીજુ શું મળી શકે ?" *(ઈબ્ને માજહ)*

આજે આ બધુ થઈ રહ્યું છે, માણસ એમ વિચારે છે કે એમની પાસેથી અમો કંઈક મેળવી લઈશું, પણ એમની પાસેથી શું મળે છે ? ન ઈજ્જત રહે છે ન વક઼ાર બાકી રહે છે. આ'લા હઝરતે કેટલી સરસ વાત બતાવી કે"

**ઠોકરેં ખાતે ફિરોગે ઉનકે દર પર પળ રહો**
**કાફ્લા તો અય 'રઝા' અવ્વલ ગયા આખિર ગયા**
*—(હદાઈક઼ે બખ્શિશ)*

જો કાંઈક જોઈતું હોય તો સરકાર ﷺ ના દરે અકદસ પર આવી જાવ ! ખુદાની ક઼સમ ! દુનિયા અને આખેરત બંનેની ભલાઈઓ મળી જશે.

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે એમણે ફર્માવ્યું કે જો ઈલ્મવાળાઓ પોતાના ઈલ્મની હિફાઝત કરવા અને પછી તે ઈલ્મને (નેઅમતને) તેના લાયક સુધી પહોંચાડતા તો તે પોતાના જમાનાના પેશવા બની જતા. પણ તેઓએ તેને (ઈલ્મને) દુનિયાવાળાઓ પર લૂટાવી દીધો કે જેથી દુનિયાવાળાઓની નજરોમાં ઝલીલ થઈ ગયા. મેં તમારા નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા છે કે, "જો દરેક પ્રકારની ફિકર ચિંતાને ભૂલાવીને આખેરતની ફિકરને પોતાની સામે રાખી લે તો અલ્લાહ તઆલા તેને દુનિયાની ફિકરથી બચાવી લેશે અને જેનું દિલ દુનિયાની ફિકરમાં બગડી જાય તો ખુદાએ પાકને કોઈ પરવા નથી કે તે દુનિયાની કઈ ખીણમાં (વાદીમાં) હલાક થઈ જાય." *(ઈબ્ને માજહ)* અહીંથી માલૂમ પડયું કે ઈલ્મે દીનને હાંસલ કરવાનો શો મક઼સદ હોવો જોઈએ અને દુનિયાની લાલચનું શું નુકશાન છે ?

## ★ રિયાકારીના ભયાનક પરિણામો ! ★

એવી જ રીતે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું : "જુબ્બુલ હુઝનથી અલ્લાહની પનાહ માંગો." લોકોએ પૂછયું, "યા રસૂલુલ્લાહ ﷺ જુબ્બુલ હુઝન શું છે ? "હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "આ જહન્નમની એક વાદી છે જેનાથી ખૂદ જહન્નમ દિવસમાં ચારસો વખત પનાહ માંગે છે !" પૂછવામાં આવ્યું, તેમાં કોણ જશે ? હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "એવા આલિમો જે પોતાના અમલોનો દેખાડો કરતા ફરે છે." આ તિર્મિઝીની રિવાયત છે. ઈબ્ને માજહની રિવાયતમાં આટલો વધારો છે, "અલ્લાહને ત્યાં નાપસંદીદા આલિમો તે છે જે પોતાના સમયના સત્તાધિશોની બારગાહમાં તવાફ કરતા રહે છે." *(ઈબ્ને માજહ, પેજ-૩૧૧, તિર્મિઝી શરીફ, ૯/૨૦૫)*

તમે પોતે જ અંદાજો લગાડો કે ઈલ્મવાળાઓનો મક઼ામ અને મર્તબો શો છે ? તેમણે કેવી રીતે પોતાની જિંદગી પસાર કરવી જોઈએ ? એક નાઈબે રસૂલ પર કેટલી જવાબદારીઓ છે ? તેમણે પોતાનો મોભો, પોતાનો કિંમત કેવી બનાવવી જોઈએ ? જો તમો આ વાતોનો ખયાલ રાખશો તો ઈન્શાઅલ્લાહ ! દુનિયા અને આખિરત બંનેવ સુધરી જશે.

## ★ માંગો તો આક઼ા ﷺ થી માંગો ! ★

અહીંયા એક જરૂરી વાત એ પણ બતાવી દઉં કે

આપણે દા'વતના કામમાં નીકળ્યા છીએ, કયારેક દુનિયવી જરૂરીયાતો પણ ઉભી થાય છે, એવામાં આપણે શું કરીએ ? કોનાથી માંગીએ ? તો એના વિશે ઈબ્ને ફરાશી બયાન ફર્માવે છે કે મારા વાલિદે સરકાર ﷺ ની બારગાહમાં અર્ઝ કરી, "શું હું લોકો પાસેથી માંગી શકું છું ?" હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "ના ! હા, જો છૂટકો જ ન હોય તો નેક લોકો પાસે માંગી શકે છે.)" *(નિસાઈ શરીફ)*

આ હદીષથી માલૂમ પડયુ કે જરૂરત વખતે સવાલ કરવાની (માંગવાની) ઈજાઝત પણ આપવામાં આવી તો નેક લોકો પાસેથી ! નેક લોકો પાસે માંગવાની ઈજાઝત એટલા માટે આપવામાં આવી કે નેક લોકો માંગવાવાળા પાસેથી ન કોઈ બદલાની આશા રાખે છે ન (આપ્યા પછી) એહ્સાન જતાવી માંગવાવાળાની ખુદ્દારીને ઠેસ પહોંચાડે છે. અલ્લાહની બારગાહમાં દુઆ છે કે જરૂરત સમયે પોતાની અને પોતાના મહબૂબ ﷺ ની બારગાહમાં હાથ ફેલાવવાની તૌફીક્ આપે અને આપણને બીજા કોઈના મોહતાજ ન રાખે.

યાદ રાખો ! તમારી શાન એ હોવી જોઈએ કે તમે તમારો ગમ રબ તઆલા અને હુઝૂર ﷺ સિવાય કોઈને ન બતાવો, અને મખ્લૂક્ તમને પોતાનો મસીહા (દર્દ દૂર કરનાર) સમજે કે પોતાના દિલોની વાતો લોકો તમને બતાવી દે, એવું વિચારીને કે આપની તસલ્લીથી તેમને સાંત્વન મળી જશે. મહાન મહાન અગ્રેસર ઉલમા તથા બુઝુર્ગાને દીન થઈ ગયા છે, શું તમે કદી તેમના વિશે ક્યાંક વાંચ્યું છે કે તેમણે કોઈની પાસે જઈને કાંઈ માંગ્યું હોય ? પરંતુ તેમના દરવાજા પર દરેક ટકોરા મારતુ જોવા મળશે. એટલા માટે કે તે નાઈબે રસૂલ બનીને પોતાની જિંદગીના રાત દિવસ પસાર કરે છે જેથી તેઓ પોતાની મુસીબતોનો ઉલ્લેખ હુઝૂર ﷺની બારગાહમાં કરે છે અને હુઝૂર ﷺના સદકામાં અલ્લાહ તબારક વ તઆલા તેમને દુનિયાના રંજોગમથી નજાત અતા કરે છે.

હઝરત મિર્ઝા અબ્દુશ્શકૂર બેગ ઘણા જ મહાન આશિકે રસૂલ હતા. આપના સમકાલિનોમાં આપના જેવા આશિકે રસૂલ ખૂબ જ ઓછા જોવા મળે છે. કમજોરી તથા ઝઈફીના આલમમાં પણ સુન્નતે ગૈર મોઅક્કદા ન છૂટતી હતી. મદીના મુનવ્વરામાં મોટા ભાગે મારી મુલાકાત થતી રહેતી હતી. આપ મસ્જિદે નબવી શરીફની અંદર જતાં ગભરાતા હતા. એકવાર મેં આપને પૂછયું કે હુઝૂર ! આપ મસ્જિદે નબવી શરીફની અંદર કેમ નથી જતા ? આપે ફર્માવ્યું, મૌલાના ! કૂતરાની જગા દરવાજા પર હોય છે, ઘરની અંદર નહીં !

આપનો જ એક બનાવ છે કે મદીના શરીફમાં હોટલોના જે રૂમો હોય છે તે તદ્દન પેક હોય છે કેમ કે ત્યાં રાત દિવસ AC ચાલતુ રહે છે. એક દિવસે સખત ગરમીની ઋતુમાં બપોરના સમયે વીજળી ચાલી ગઈ. મિર્ઝા સાહબ સાથે અન્ય કેટલાક લોકો પણ કમરામાં હતા. ત્યાં હાજર સર્વ લોકોએ ગરમીથી બેચેન થઈને શોર મચાવવાનું શરૂ કરી આપ્યું. મિર્ઝા સાહબ કશાય ટેન્શન વિના તદ્દન આરામપૂર્વક બેઠેલા હતા. આપને પૂછવામાં આવ્યું કે, હઝરત ! આપ ગરમી મેહસૂસ નથી કરતા ?! ફર્માવ્યું, બિલકુલ નહીં ! લોકોએ કહ્યું, હુઝૂર ! આટલી સખત ગરમી છે અને વીજળી પણ જતી રહી છે છતાં આપને ગરમી નથી લાગતી ?! એવું શાથી ? આપે ફર્માવ્યું કે જ્યારે વીજળી ગઈ તો લોકોએ શિકાયત તથા શોરબકોર શરૂ કરી આપ્યો, પણ મેં ગરદન ઝુકાવીને હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી કે હુઝૂર ! હું આપનો મહેમાન છું ! ત્યારબાદથી મને એવું મેહસૂસ થઈ રહ્યું છે કે રોઝએ અન્વરથી ઠંડી ઠંડી હવાઓ આવી રહી છે અને મને ગરમીનો એહસાસ તદ્દન નથી થતો.

આપે આપણને એ નિર્દેશ આપ્યો કે જેઓ નાઈબે રસૂલ હોય છે તેઓ પોતાનું દુઃખ દર્દ કેવળ પોતાના આકાને બતાવે છે અને તેમની શાન એ હોય છે કે રંજ તથા ગમમાં ડૂબેલા લોકો તેમની પાસે આવે છે, અને તે હુઝૂર રહમતે આલમ ﷺની બારગાહમાં પેશ કરી આપે છે તો તેમના સર્વ મસાઈલ હલ થઈ જાય છે.

તમોએ એ વાતનો પણ ખાસ ખયાલ રાખવાનો

છે, ઈમામતની ફરજોથી જોડાયેલા હોઉ, તદરીસી (પઢાવવાની) ખિદમતો અંજામ આપી રહ્યા હોઉ કે જે ખિદમતો પર આપ નિયુક્ત થયેલ હોઉ, પણ દરેક વખતે ક઼નાઅત (જે મળે તેમાં રાજી)ની સાથે ગુજારો કરે. અમુક દિવસો ક઼નાઅત સાથે ગુજરશે પછી અલ્લાહ તઆલા આપના માટે નેઅમતોના એટલા દરવાજા ખોલી આપશે કે ખૂદ આશ્ચર્યમાં પડી જશો.

તમારું કોઈ કામ દેખાડવાના (પ્રદર્શન) માટે ન હોવું જોઈએ. હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક઼યામતના દિવસે સૌ પ્રથમ ત્રણ શખ્સોનો મુક઼દમો રજૂ કરવામાં આવશે : (૧) **આલિમ** : તેને રબ પૂછશે કે બંદા ! મારા માટે તેં શુ કર્યું ? તે કહેશે, મૌલા ! મેં ઈલ્મ પ્રાપ્ત કર્યો અને અન્ય લોકો સુધી ઈલ્મ પહોંચાડવાની કોશિશ કરી. રબ ફર્માવશે, નહીં ! તેં એ કામ એટલા માટે કર્યું હતું કે દુનિયા તને ઘણો જ મોટો આલિમ કહે. ફરિશ્તાઓ ! લઈ જાવ ! એને જહન્નમમાં નાખી દો ! આ જ મામલો **સખી** તથા **શહીદ**ની સાથે પણ થશે. *(મુસ્લિમ શરીફ, ૧૨/૪૫૧)*

એ વાત પણ ધ્યાનમાં રાખી લો કે એક આલિમની અંદર ખુદાનો ખૌફ તથા અમલ પબ્લિક કરતાં અધિક હોવો જોઈએ. અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને ફર્માવ્યું, **ومن الليل فتهجد به نافلة لك** "અને રાતના અમુક હિસ્સા તહજ્જુદ કરો, એ ખાસ તમારા માટે અધિક છે." *(પારા–૫, સૂ. અસ્રા, આ. ૭૯)*

સૌના ઉપર પાંચ સમયની નમાઝો ફર્ઝ છે, પરંતુ રસૂલ ﷺના માટે એક સમયનો વધારો કરવામાં આવ્યો. એનાથી નિર્દેશ મળે છે કે ક઼ાઈદે (લીડરે) પબ્લિક કરતાં વધુ મુત્તક઼ી, પરહેઝગાર તથા ઈબાદતગુઝાર હોવું જોઈએ, કેમ કે જ્યાં સુધી પબ્લિકનો લીડર (રહબર) પબ્લિક કરતાં અધિક બાઅમલ નહીં હોય ત્યાં સુધી પબ્લિક પર તેના વઅઝ તથા નસીહતની અસર નહીં પડે.

આ થોડીક નસીહતો જે મેં આપની સમક્ષ રજૂ કરી. મને ઉમ્મીદ છે કે આપ આ નસીહતોને તમારા દિલોના ઊંડાણમાં જગા આપશો અને એના પર અમલ કરતા રહેશો. સારાંશ એ કે આ અમુક વાતોના પાબંદ બની જાવ, દિલમાં ખુદાનો ખૌફ કરો, દિલમાંથી દુનિયાની લાલચ તદ્દન ન કરો, દરેક હાલતમાં અલ્લાહ ﷻનો શુક્ર અદા કરતા રહો અને દરેક મોક઼ા પર અલ્લાહ ﷻને યાદ કરતા રહો, ઈન્શાઅલ્લાહ ! તે દુનિયા તથા આખેરતની નેઅમતોથી તમને માલમાલ ફર્માવશે. *(સુન્ની દા'વતે ઈસ્લામી, ત્રિમાસિક, જુલાઈથી સપ્ટે.–૨૦૧૦)*

પેજ નં. **૩૫** નું ચાલુ...

૧૦૫૨માં ઈલ્મ તથા વિદ્યાકલા અને મારેફતની આ ચમકતો સૂરજ ડૂબી ગયો. પરંતુ ૯૪ વર્ષની જિંદગીના બેશુમાર હિસ્સાઓમાં વિખરાએલા અનમોલ મોતીઓની ચમક આજે પણ બાકી છે, અને કેમ ન હોય કે તેમના ઈલ્મમાં ખુલૂસ હતું. તેમની દીની ખિદમતોમાં સાચો જઝબો મૌજૂદ હતો. એ જ કારણે આપ ત્રણેય પુત્રો શૈખ નુરૂલહક્ક઼, શૈખ અલી મુહમ્મદ અને શૈખ મુહમ્મદ હાશિમ ક઼િબ્લા, આ બધા જ ઈલ્મના માહિર અને કિતાબો લખનાર હતા, અને તેઓએ પિતાનું મિશન ખૂબ આગળ વધાર્યું અને ઈલ્મેદીનની ઘણી જ ખિદમતો અંજામ આપી.

ઈલ્મ પ્રાપ્તિનો રસ્તો યક઼ીનન મુસીબતોથી ભરપૂર હોય છે, ક઼દમ ક઼દમ પર શૈતાન પોતાના ફંદા નાખે છે, બહાનાં બનાવવાનો વિચાર અપાવે છે કે તાલિબે ઈલ્મ કોઈ રીતે ઈલ્મની પ્રાપ્તિથી દૂર થાય અને દીની ફન હાંસલ કરવાથી તેના ક઼દમ રોકાઈ જાય, તે આલિમે દીન ન બની શકે. નહીં તો જો તેણે સાચો ઈલ્મેદીન પ્રાપ્ત કરી લીધો તો અમારા કર્યા પર પાણી ફરી જશે, મારા દાવ બેકાર થઈ જશે. અલ્લાહ ﷻ તાલિબે ઈલ્મોને શૈતાનના ખતરનાક ફરેબથી મેહફૂઝ તથા સુરક્ષિત રાખે અને એમને દીનનો સાચો ઈલ્મ હાંસલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. શેખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليهનો તાલિબે ઈલ્મીનો જમાનો આપણા માટે આ રસ્તાની જ્યોત સમાન છે. *(સુન્ની દા'વતે ઈસ્લામી, ત્રિમાસિક, ઓકટો. થી ડિસે. ૨૦૧૦)*

# શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ

## તાલિબે ઈલ્મની હૈસિયતથી

અબુલ્મજ્દ હઝરત શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ (જન્મ : હિ.સ. : ૯૫૮ મુહર્રમ એટલે ઈ.સ. : ૧૫૫૧, વિસાલ : ૨૧ રબીઉલ અવ્વલ હિ.સ. : ૧૦૫૨, ઈ.સ. : ૧૬૪૨) પોતાના જમાનાના ફક઼ીહ, મુહક્ક઼િક, મુદક્ક઼િક, મુહદ્દિષ, બક઼ીયતુસ્સલ્ફ, શૈખે તરીક઼ત અને ઝાહિરી તથા બાતિની વિદ્યાઓના ભંડાર હતા. આપનો જમાનો ૧૦ મી સદી હિજરીનો છેલ્લો અને ૧૧ મી સદી હિજરીનો પહેલો જમાનો હતો, આપને અગીયારમી સદી હિજરીના મુજદ્દિદ માનવામાં આવ્યા છે. આ સદીમાં બીજા બે મુજદ્દિદો ગુજર્યા, એક મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ અને બીજા અમીર અબ્દુલવાહિદ બેલ્ગ્રામી, સબ્એ સનાબિલ શરીફનાં લેખક رحمۃ اللہ علیہ. આપને હિંદુસ્તાની આલિમોના શૈખ (પીર), ફક઼ીહે ઈસ્લામ અને ઈમામે એહલે સુન્નત માનવામાં આવે છે. આપ જ તે જલીલુલકદ્ર મુહદ્દિષ છે જેમણે અરબથી ''ઈલ્મે હદીષ'' લાવી હિંદુસ્તાનને માલમાલ કર્યું. હદીષના વિષય પર આપની તેહક઼ીક઼ તથા લખાણો આજે પણ મુહદ્દિષો તથા ફિલોસોફરો વચ્ચે વિશ્વસનીય મનાય છે. આપ દરેક ઈલ્મ અને વિદ્યાકલાના ઈમામ હતા. આપની દરેક રગમાં નબીએ કરીમ ﷺ અને હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہની મહોબ્બત સમાયેલી હતી. જ્યારે મદીના શરીફ જવાનો ઈરાદો કરતા તો ખુલ્લા પગે થઈ જતા હતા અને મૌલુદ શરીફમાં બહુ જ અદબ તથા એહતેરામ અને શોખ તથા મહોબ્બતથી ઊભા રહી સલાતો સલામ પઢયા કરતા. આપના પિતા શૈખ સૈફુદ્દીન (જન્મ : ૯૪૦ હિજરી એટલે ઈ.સ. ૧૫૧૪, વિસાલ : હિજરી ૯૯૦ એટલે ઈ.સ. ૧૫૮૨) એક બુઝુર્ગ અને ઈલ્મોમાં માહિર હતા, જેમના વિશે શૈખ અબ્દુલહક્ક઼ رحمۃ اللہ علیہએ ''અખ્બારૂલ અખ્યાર''માં લખ્યું છે : ''શાઈરી, ઈલ્મ, મક઼બૂલિયત, શોખ અને અભિલાષા, તક઼વો, દિલની સફાઈમાં અનુપમ તથા લાજવાબ હતા. *(અખ્બારૂલ અખ્યાર, પેજ : ૨૯૨)*

શૈખ અબ્દુલહક્ક઼ رحمۃ اللہ علیہની પ્રારંભિક તાલીમ તથા તર્બિયત અને ફિક્ર તથા ખ્યાલ અને પાકીઝગીમાં પોતાના પિતા رحمۃ اللہ علیہનો મોટો ફાળો હતો. પિતાના ખોળાએ શૈખના બાળપણના દિવસો ઉજ્જવળ કરી દીધા. શૈખ અબ્દુલહક્ક઼ رحمۃ اللہ علیہ પોતાની પ્રારંભિક તાલીમ વિશે પોતે લખે છે કે, ''સૌ પ્રથમ કુર્આન મજીદની બે ત્રણ લીટી તાલીમ ફર્માવતા. તેઓ (તેમના પિતા) સબક લખતા અને હું પઢતો હતો. પ્રથમ તો કુર્આન આટલા પ્રમાણમાં જ પઢયું. ત્યાર બાદ તેમની તર્બિયત અને પ્રેમભાવની અસરથી એની કુવ્વત પેદા થઈ ગઈ કે દરરોજ થોડુક કુર્આન મજીદ પઢવા લાગ્યો અને જેટલું પઢ તો હતો એટલું સંભળાવી દેતો હતો. આમ **બે ત્રણ માસમાં કુર્આન શરીફ ખતમ** કરી લીધું.'' આગળ વધુમાં લખે છે કે ''થોડા જ સમયમાં, જો એક મહીનો કહું તો જૂઠ ન થાય,'' લખાણ તથા કિતાબનો ઢંગ પણ આવડી ગયો.'' *(અખ્બારૂલ અખ્યાર , પેજ : ૩૦૧)*

આટલી ઓછી મુદતમાં પઢતાં, લખતાં શીખી લેવું શૈખની શ્રેષ્ઠ બુધ્ધિની કરામત હતી. તેમની બૌધ્ધિક શ્રેષ્ઠતા જાણવા શૈખનો આ ખયાલ આશ્ચર્યજનક નહીં થાય. ફર્માવે છે : ''અને આશ્ચર્યજનક તર્બિયત એ છે કે જ્યારે મારું દૂધ છોડાવાયું હતું ત્યારે મારી ઉંમર બે અઢી વર્ષની હતી, તે વખતની વાત એવી યાદ છે કે જાણે કાલની જ વાત છે !''

રજૂકર્તા : **અબ્દુર્રહમાન હાફિઝ દાઉદ પટેલ** (મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

બાર કે તેર વર્ષની વયે ''શરહે શમ્સિયા'' અને શરહે અક઼ાઈદ'' જેવી મુશ્કેલ કિતાબો પઢી લીધી હતી. પંદર સોળ વર્ષની ઉંમરે સંક્ષિપ્ત અને લાંબી તાલીમથી ફારિગ થઈ ગયા અને અઢાર વર્ષની વયે બધા જ ઈલ્મો પર મહારત હાંસલ કરી લીધી. ડૉ ઈકબાલે કહ્યું છે :–

*યક઼ીં મોહકમ, અમલ પયહમ, મહબ્બત ફાતેહે આલમ,*
*જેહાદે ઝિંદગાની મેં હૈં યે મર્દોં કી શમશીરેં,*

*ઈલ્મકા મક઼સૂદ હૈ પાકીએ અક઼લો ખિરદ*
*ફિક્ર કા મક઼સૂદ હૈ ઈફ્ફતે ક઼લ્બો નિગાહ*

શૈખ અબ્દુલહક્ક઼ આ બંને શેઅરોની અમલી તફસીર હતા. સાચો જઝબો, લગન તથા મહોબ્બત, શોખ અને આકર્ષણ, ઈલ્મથી મોહબ્બત અને પિતાની મહોબ્બતે શૈખ અબ્દુલહક્ક઼ મોહદ્દિષ દહેલ્વીને ઈલ્મ તથા વિદ્યાના સમુદ્ર બનાવી દીધા. ઈલ્મ હાંસલ કરવા માટે કેટલા બેકરાર હતા કે ફર્માવે છે :–

''બધા જ ઈલ્મો હાંસલ કરવા એટલી બેચેની હતી કે જો કોઈ નાની મોટી કિતાબનો હાશિયો (સમજૂતી) મળી જતો તો તેને જાતે પઢી લેતા, ઉસ્તાદથી પઢવા અથવા પૂછવાની હાજત ન રહેતી.''

એટલે કે મતન (અસલ લખાણ) સાથે હાશિયા (સમજૂતી)વાળી કિતાબ મળી જતી તો પોતે જ તેને હલ કરી લેતા હતા, ઉસ્તાદ પાસે જવાની જરૂરત ન પડતી. આપનો તાલિબે ઈલ્મીનો જમાનો ઈબ્રતની નજરથી જોવા લાયક છે જેનો નમૂનો આ જમાનામાં મળવો મુશ્કેલ છે. આપે ઈલ્મ હાંસલ કરવામાં મશ્ગૂલ તથા લાગેલા રહેવાને લીધે ખાવાનું કદી ટાઈમ પર નથી ખાધું અને ક્યારેય ભરપુર નથી ઊંઘ્યા. બાળપણની તમામ આઝાદીઓ, ખેલકૂદ, હરવું ફરવું, તથા દોસ્તીનું તો કોઈ નિશાન જ નથી ! ફક્ત અને ફક્ત ઈલ્મની તલબ, ઈલ્મ હાંસલ કરવો અને કિતાબો પઢવી એ જ કામ હતું. તેમનો સવાર સાંજનો વ્યવહાર તેમની જ ઝબાનથી સાંભળો, આશ્ચર્ય તથા તઅજ્જુબના સમુદ્રમાં ડૂબી જશો. ફર્માવે છે :–

''હું શિયાળાની ઠંડી હવાઓ અને ઉનાળાના કંટાળાજનક પવનમાં દરરોજ બે વખત દિલ્હીના મદ્રસામાં જતો હતો, જે અમારા ઘરથી લગભગ બે માઈલ દૂર હતો. બપોરે થોડીવાર રોકાઈને થોડો ખોરાક જરૂર ખાઈ લેતો. મારા માતા પિતા બહુ વખત કહેતાં હતાં કે થોડીવાર મહોલ્લામાં બાળકો સાથે રમી લો, અને સમયસર સૂઈ જાવ. હું કહેતો હતો કે આખરે રમવાનો મક઼સદ દિલને ખુશ કરવું જ છે. અને મને એનાથી ખુશી થાય છે કે કાંઈ પઢું અથવા લખુ ! સામાન્ય રીતે મા બાપ બાળકોને પઢવા અને મક્તબે જવા માટે કહ્યા કરે છે, પરંતુ તેનાથી ઉલટુ મને ખેલકૂદની તાકીદ કરતાં હતાં. ક્યારેક વાંચન દરમિયાન એવું પણ થયું કે અડધી રાત વીતી ગઈ છે, મારા પિતાએ મારાથી ફરિયાદ કરી છે, બાબા ! શું કરો છો ? ! હું સાંભળતાં જ સૂઈ જતો (મરજએ સાબિક) કે જૂઠ ન બોલાય અને કહે તો કે હું સૂતો છું, તમે શું કહી રહ્યા છો ? જ્યારે પિતાને સુકૂન થઈ જતું તો હું ઉઠી ફરી અભ્યાસમાં મશ્ગૂલ થઈ જતો !''

ઈલ્મ પ્રાપ્ત કરવા માટે આવા જઝબાનો નમૂનો (આજે) મુશ્કેલીથી જ મળી શકશે જાણે કિતાબો વાંચવા માટે બહાનુ શોધવામાં આવી રહ્યું છે. આજના મા બાપ પોતાનાં બાળકો પર પઢવા માટે બહુ જોર નાખે છે, રમવાથી રોકે છે, તાલીમના ફાયદાઓ અને રમત ગમતના નુકશાન વિશે કહે છે અને શેખ અબ્દુલહક્ક઼નો હાલ એ હતો કે તેમને દિલનું ચૈન તાલીમ તથા ઈલ્મ હાંસલ કરવાથી મળતું !

શૈખ અબ્દુલહક્ક઼ رحمۃ اللہ علیہ ફક્ત પઢવા પર બસ ન કરતા, બલ્કે બહષ તથા તકરારમાં પણ આગળ વધીને ભાગ લેતા, અને તેમના માટે લખવાની પ્રેક્ટિસ પણ જરૂરી હતી. એટલે કે મુતાલા (વાંચન)ની સાથે સાથે લેખન માટે પણ સમય કાઢયા કરતા હતા. ફર્માવે છે : ''અને વધુ આશ્ચર્યની વાત એ છે કે પઢવા, લખવા, વાંચવા અને તકરાર તથા બહષમાં મશ્ગૂલ રહેવા છતાં જે કિતાબો પઢતો હતો તેના માટે પણ લખવાને સમયની જરૂરત સમજતો. રાતનો વધુ ભાગ અને દિવસનો થોડો ભાગ વાંચનમાં વિતતો હતો અને થોડો ભાગ રાતનો અને વધારે ભાગ

દિવસનો લખવામાં ગુજરતો હતો ? *(અખ્બારૂલ અખ્યાર, પેજ નં. ૩૦૨)*

આ હતી આ અઝીમ શખ્સિયતની ઈલ્મ હાંસલ કરવા માટે મશ્ગૂલ રહેવાની એક ઝલક અને તેમની ખોજ તથા લખાણ અને વાંચનનો હાલ, ત્યારે જ તો તેમની દીની, તદરીસી તથા લખાણની ખિદમતોનું વર્તુળ એટલું મોટુ છે કે દૂર દૂર સુધી તેની કોઈ સરખામણી જોવા નથી મળતી. ઈલ્મ હાંસલ કરવાનો રસ્તો ખુદાનો રસ્તો કહેવાય છે, જ્યાં ડગલે ને પગલે મુસીબતો, આફતો અને તોફાનોથી સામનો થાય છે. જો માણસના દિલમાં દઢ નિશ્ચય ન હોય તો આ મેદાનમાં કામયાબી મેળવવી બહુ મુશ્કેલ છે. શૈખ અબ્દુલહક્ક઼ મોહદ્દિષ દહેલ્વીને જુનૂનની હદ સુધી ઈલ્મથી મહોબ્બત હતી અને તેઓ ઈલ્મનો કોઈ ભાગ છોડવા ઈચ્છતા ન હતા, આ જ કારણે જ્યારે કુર્આન મજીદ હિફ્ઝ કરવા પર આવ્યા તો વર્ષ સવા વર્ષમાં આ મુશ્કેલ કામ પૂર્ણ કરી લીધું. તેઓ પોતે ઈર્શાદ ફર્માવે છે :

"ત્યાર બાદ અલ્લાહ તઆલાએ કુર્આન મજીદ હિફ્ઝ કરવાની તૌફીક઼ અતા ફર્માવી અને મેં એક વર્ષ અને થોડાક દિવસોમાં આ નેઅ્મતને મેળવી લીધી." *(મર્જએ સાબિક, ૩૦૧)*

શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફક્ત ઈલ્મે શરીઅતની બાબતે બેચેન અને બેક઼રાર ન રહેતા હતા બલ્કે તરીક઼તનો ઈલ્મ મેળવવાનો જઝબો પણ તેમના દિલમાં ભરપૂર હતો. પિતાએ શરૂઆતમાં જ આપનામાં સાચી મહોબ્બતનો જઝબો ફૂંકી દીધો હતો. તેમને ઈલ્મની સાથે સાથે મુશાહેદાની મંઝિલ પણ મેળવવાની હતી એટલા માટે તેઓ શરૂઆતથી જ ઈબાદત અને રિયાઝતમાં પોતાનો બાકી સમય ગાળતા હતા અને વિર્દ તથા વઝાઈફમાં બહુ જ મશ્ગૂલ રહ્યા કરતા હતા. જેમ કે તેઓ લખે છે :

ઈલ્મ હાંસલ કરવામાં આટલી બધી મશ્ગૂલિયત છતાં તે બાળપણના જમાનામાં નમાઝ, વિર્દો, મુનાજાતનો સિલસિલો પણ શરૂ જ હતો." *(મર્જએ સાબિક : પેજ નં. ૩૦૩)*

સિલસિલએ સોહરવર્દિયાના મશ્હૂર બુઝુર્ગ શૈખ કર્યું હતું શૈખ ઈસ્હાક઼ (વિસાલ : હિ.સ. ૯૮૯) જેમણે મુલતાન છોડી દિલ્હીમાં રહેઠાણ કર્યું હતું. શૈખ અબ્દુલહક્ક઼ તેમની બારગાહમાં હાજર થયા કરતા હતા અને તેમનાથી રૂહાની તર્બિયત મેળવતા હતા.

હિજરી સન ૯૯૫માં શૈખ અબ્દુલહક્ક઼ માલવા થઈ ગુજરાત પહોંચી ગયા. અમદાવાદમાં શૈખ વજીહુદ્દીન رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થયા અને તેમની સોહબતથી ફૈઝ હાંસલ કર્યો. ત્યાં એક સાલ વિતાવ્યા બાદ હિ.સ. ૯૯૬માં માહે રમઝાનથી બહુ પહેલાં મક્કા મુઅઝ્ઝમા પહોંચી ગયા. ત્યાં આપે મક્કા મુકર્રમાના મોહદ્દિષોથી સહીહ મુસ્લિમ અને બુખારીનું જ્ઞાન મેળવ્યું પછી અબ્દુલવહહાબ મુત્તક઼ીની ખિદમતમાં હાજર થયા અને મિશ્કાતનું જ્ઞાન મેળવવું શરૂ કરી દીધું. હિ.સ. ૯૯૭ માં શૈખ મુત્તક઼ીની ઈજાઝત લઈ મદીના મુનવ્વરાની હાજરી આપી પછી મક્કા મુકર્રમા આવી મિશ્કાતનું પૂર્ણ જ્ઞાન મેળવી લીધું. શૈખે ઈલ્મે હદીષ અને ઉસૂલની પૂર્ણતા કરાવી અને એહસાન તથા સુલૂકની રાહો દેખાડી અને હરમશરીફના એક હુજરા (રૂમ)માં ઈબાદત અને રિયાઝત માટે બેસાડી દીધો અને આપ ત્યાં મારેફતની મંઝિલો સર કરતા રહ્યા. આ રીતે શૈખ મુત્તક઼ીએ આપને ઈલ્મે હદીષનો અણમોલ હિસ્સો અતા કર્યો અને તસવ્વુફના રહસ્યોથી માહિતગાર કર્યા. જાહેરી ઈલ્મ સાથે બાતિની ઈલ્મની પણ તાલીમ આપી. જ્યારે શૈખ અબ્દુલહક્ક઼ કામિલ બની ગયા ત્યારે હુકમ ફર્માવ્યો કે હિંદુસ્તાન પરત જાવ અને ઈલ્મે હદીષ, તસવ્વુફ તથા સુલૂકની તાલીમ તથા તદરીસમાં લાગી જાવ. શૈખના હુકમ પર આપને હિંદુસ્તાન (ભારત) આવવું પડયું અને અહીં આપે ક઼ાયદેસર મદ્રસો શરૂ કરી પઢાવવાનો સિલસિલો શરૂ કરી દીધો અને તાલિબે ઈલ્મોની ઈલ્મી તરસ બુઝાવી. ઈલ્મે હદીષને હિંદુસ્તાન અને પાકિસ્તાનમાં ખૂબ ફેલાવ્યો. હદીષ વિદ્યાની કિતાબો લખી. ઈસ્લામ તથા ઈલ્મનો ફેલાવો કરવા જિંદગીની આખરી ક્ષણ સુધી ઝઝુમતા રહ્યા અને આખરે ૨૧ રબીઉલ અવ્વલ હિ.સ. વધુ પેજ નં.૩૨....પર

# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો ઈબાદતથી અનોખો લગાવ

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના જીવન ચરિત્રનું બીજુ નામ "ઈશ્કે રસૂલ" ﷺ તથા "ઈતાઅતે મુસ્તફા" છે. મેં (મૂળ લેખકે) આ'લા હઝરતના લખાણો તથા પત્રોની રોશનીમાં આપની વાસ્તવિક સુંદરતાને નિહારી છે, અને એવા રંગબેરંગી પ્રતિબિંબો જોયાં છે જેમાં આપની જાહેરી સ્થિતિ પણ છે અને એકાંતવાસ પણ, જાહેર પણ છે અને બાતિન પણ, સફર પણ છે અને મુકામ પણ, આઘાત તથા દુઃખના કષ્ટદાયક પ્રસંગો પણ છે અને ખુશી તથા આનંદના મનમોહક દ્રશ્યો પણ, જવાનીની સદાચારીઓ તથા રીતભાતો પણ છે તથા વૃધ્ધાવસ્થાના નમૂનાઓ પણ છે. આ સર્વ તે મહાન હસ્તીની સુંદરતાની ઝલકો તથા તેમનું આંત્રિક સ્વરૂપ છે. અધિક આગળ વધીને તે ઝલકોની ઉંડાઈમાં ઉતરીને જુઓ તો તે ઈત્તિબાએ સુન્નત (સુન્નતની પૈરવી)નાં ચમકદાર કિરણો તેમજ ઈમાનને તાજગી પ્રદાન કરનાર મોહક અદાઓ પણ છે એક એક પ્રતિબિંબ પોતાની જગ્યાએ અલ્લાહની મહોબ્બતના ચમકતાં મોતી અને ઈશ્કે રિસાલત ﷺ ની ઉજ્જળ ઝલકો છે.

આ'લા હઝરત જાતે ફર્માવે છે :-

**જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા**
**જિસ્કો હો દર્દકા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં**

અમે આ છબીઓની રોશનીમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہના પવિત્ર જીવનના રાત દિવસોનું જ્યાં સુધી નિરીક્ષણ કર્યું છે તેના આધારે તેમના પવિત્ર જીવનની દરેકે દરેક ઘડી ઈત્તિબાએ રસૂલ ﷺ નો જીવંત નમૂનો જોવા મળે છે. અહિંયા ઉદાહરણરૂપે આપની ઈબાદત પ્રત્યેના ઉમંગ તથા શોખ અંગેના અમુક નમૂનાઓ રજૂ કરવામાં આવે છે જેના દ્વારા એ સ્પષ્ટ થઈ જશે કે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ પોતાના જીવનને શરીઅતના સાયામાં કઈ રીતે ઢાળ્યું હતું.



## નમાઝની પાંબદી વિશે હદીષોમાં તાકીદ

નમાઝ એવી અઝીમ ઈબાદત છે જે સર્વ ઈબાદતોમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. અલ્લાહના પ્યારા રસૂલ ﷺ એ તેને પોતાની આંખોની ઠંડક બતાવી છે. ઈર્શાદ ફર્માવે છે : "મારી આંખોની ઠંડક નમાઝમાં રાખવામાં આવી છે." *(મિશ્કાત શરીફ)*

સફર કે મુકામ પર દરેક સ્થિતિમાં સમય પર નમાઝ અદા કરવાને જરૂરી કરી દેવામાં આવ્યું છે, અને તેનાથી ગફલત તથા લાપરવાહી અંગે જહન્નમના અઝાબની ધમકી પણ આપવામાં આવી છે.

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہનું બયાન છે કે એક વ્યક્તિએ અલ્લાહના રસૂલ ﷺની બારગાહમાં અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ! ﷺ ઈસ્લામમાં અલ્લાહ તઆલાને સૌથી વધુ કઈ વસ્તુ પ્યારી છે ? આપ ﷺ એ ફર્માવ્યું, "સમય પર નમાઝ અદા કરવી. જેણે નમાઝ છોડી તેના માટે દીન ન રહ્યો અને નમાઝ દીનનો સુતૂન (આધાર) છે." *(ફતાવા રઝવિય્યહ-૨, શુઅબુલ ઈમાન તથા બયહકીના હવાલાથી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક દિવસ હુઝૂરે અક્દસ ﷺ એ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن થી પૂછયું કે તમને ખબર છે કે તમારો રબ શું ફર્માવે છે? (સરકાર ﷺ એ ત્રણવાર પૂછયું અને દરેક વાર સહાબાએ) અર્ઝ કરી, " અલ્લાહ તથા તેના રસૂલ ﷺ સારી રીતે જાણે છે." તો આપ ﷺ એ ફર્માવ્યું, "તમારો પરવરદિગાર ફર્માવે છે કે મને મારી ઈજ્જત તથા જલાલ (શાનો શૌકત)ની કસમ ! જે વ્યક્તિ નમાઝ વખત પર પઢશે તેને જન્નતમાં દાખલ ફર્માવીશ, અને જે વ્યક્તિ વખત સિવાય પઢશે (નમાઝનો સમય પસાર થઈ ગયા પછી) તો (હું) ચાહું તો તેના ઉપર મહેરબાની કરું અને ચાહું તો તેને અઝાબ આપું." *(તિબ્રાની સાલેહની સનદથી)*

હઝરત સઅદ ઈબ્ને વક્કાસ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺ થી પૂછયું કે તે કોણ લોકો છે જેમના વિશે કુર્આને પાકમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

**فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ**

"ખરાબી છે તેવા નમાઝીઓ માટે જેઓ પોતાની નમાઝથી બેખબર છે. *(સૂ. માઊન–૪,૫)*

આપ ﷺ એ ફર્માવ્યું "આ (આ આયત તેવા લોકોના વિશે છે જેઓ નમાઝને તેના સમયથી હટાવીને (બીજા સમયમાં) પઢે છે. *(બઝ્ઝાર, મુહુસ્સુન્નાહ)*

(ઉપરોક્ત બંને હદીષો ફતાવા રઝવિય્યહ ભાગ–૨, "હાજિઝુલ્ બહરૈન"માં આ'લા હઝરતે નક્લ કરી છે.)

આ તમામ અલ્લાહના મહબૂબ સૈયદે આલમ ﷺ ના પવિત્ર ઈર્શાદો છે. જેમણે એક તરફ તો પોતાની ઉમ્મતને નમાઝની પાંબદીનો હુકમ આપ્યો છે અને બીજી તરફ તેના ઉપર અમલ કરીને દુનિયાને દેખાડી પણ આપ્યું. આપ ﷺ દરેક નમાઝ સહાબાએ કિરામની સાથે તેના સમય પર જ અદા કરતા હતા.

ઈમામ અહમદ રઝા, રસૂલે આઝમ ﷺ ના સાચા પેરોકાર (અનુયાયી) હતા જેથી પોતાના પ્યારા રસૂલ ﷺ ને જે કહેતાં સાંભળ્યા તે જ કહેવા લાગ્યા અને જે કરતાં જોયા તેના ઉપર અમલ કરવા લાગ્યા. આપની ઝાત રસૂલુલ્લાહ ﷺ ની હદીષ **صلوا كما رأيتموني اصلي**નું ખૂબસૂરત અક્સ (પ્રતિબિંબ) છે, સફર તથા મુકામ દરેક જગ્યાએ આપ નમાઝના સમયે રસૂલુલ્લાહ ﷺ ના ઉસ્વા (નમૂના) મુજબ અલ્લાહની બારગાહમાં સજદા રેઝ થઈ જતા. જેમ કે નિમ્ન વાક્યાઓ ગવાહ છે :–

**નમાઝની પાબંદીના ઈમાન અફરોઝ વાક્આિ**

**(૧)** હિ.સ. ૧૩૩૭, ઈ.સ. ૧૯૧૯માં આ'લા હઝરતે ઈદુલ ઈસ્લામ હઝરત મૌલાના અબ્દુસ્સલામ સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના આમંત્રણ પર નવલપૂરનો સફર બીમારીની હાલતમાં કર્યો. સફરના પ્રારંભનું વર્ણન હુઝૂર બુરહાને મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ આ પ્રમાણે કરે છે :–

"સવારે ૪ વાગ્યે આ'લા હઝરત હઝરત, મૌલાના હામિદ રઝાખાં (હુજ્જતુલ ઈસ્લામ), હાજી કિફાયતુલ્લાહ સાહબ તેમજ ખાદિમ બુરહાન, ગાડી ઉપર (બરેલી રેલ્વે સ્ટેશન) જવા માટે રવાના થયા. મેં અરજ કરી કે હુઝૂર ! બરાબર નમાઝના સમયે ગાડી રવાના થશે, ફજરની નમાઝ કયાં અદા કરીશું ? આ'લા હઝરતે મુસ્કુરાઈને જવાબ આપ્યો, ઈન્શાઅલ્લાહ ! પ્લેટફોર્મ ઉપર !

સ્ટેશન પર પહોંચ્યા તો જાણવા મળ્યું કે ગાડી ચાલીસ મિનિટ લેટ છે. પ્લેટફોર્મ પર મુસલ્લો, ચાદરો તેમજ રૂમાલ બિછાવી દેવામાં આવ્યાં અને અલ્લાહના કરમથી ઘણા બધા લોકોએ આ'લા હઝરતની પાછળ નમાઝે ફજર અદા કરી. આ આ'લા હઝરતની કરામત હતી કે ઈત્મિનાનથી નમાઝથી ફારિગ થઈ ગયા." *(ઈકરામે ઈમામ અહમદ રઝા–૮૬, ૮૭)*

**(૨)** હઝરત મૌલાના અબ્દુસ્સલામ સાહબ પોતાના સાથીઓ સાથે આ'લા હઝરતના સ્વાગત માટે કટની

સુધી ચાલી આવ્યા હતા. આગળનો પ્રારંભ બુરહાને મિલ્લત આ પ્રમાણે રજૂ કરે છે.

''ટ્રેન ચાર વાગ્યે કટની (સ્ટેશન) પર પહોંચી આ'લા હઝરત માટે વુઝૂની વ્યવસ્થા કરવામાં આવી. ફર્માવ્યું, ફજરની નમાઝ ક્યાં થશે ? અરજ કરી, સુલેમાનાબાદમાં, પરંતુ માત્ર ત્રણ મિનિટ ગાડી થોભે છે, હુઝૂર વુઝૂ ફર્માવી લો. ખાદિમ (હમણા) હાજર થાય છે. હું ઈન્જીન તરફ આગળ વધ્યો, જોયું કે ડ્રાઈવર મુસલમાન છે અને તે પણ આ'લા હઝરતની કદમ બોસી કરીને જઈ રહ્યો છે. મારાથી મુસાફો કર્યો તો મેં કહ્યું, સુલેમાનાબાદમાં ફજરની નમાઝ અદા કરવાની છે. તેણે પુછયું, કેટલો સમય લાગશે ? મેં કહ્યું, ૧૨/૧૫ મિનિટ. તેણે કહ્યું, હું લેટ કરી દઈશ. ગાર્ડ પણ મળી ગયો, તેણે પણ સંતુષ્ઠ કરી આપ્યા. ગાડી સમય પર સુલેમાનાબાદ પહોંચી. પ્લેટફોર્મ ઉપર જા નમાઝ, ચાદરો તથા રૂમાલો બિછાવીને લગભગ ૩૦૦ લોકોની જમાઅત થઈ. આખી ટ્રેનના મુસાફરો જોઈ રહ્યા હતા, આ'લા હઝરત ઈત્મિનાનની સાથે વઝીફાથી ફારિગ થઈને ગાડીમાં તશરીફ લાવ્યા. *(ઈકરામે ઈમામ અહમદ રઝા–૮૮)*

**(૩)** જબલપૂરના આખા સફર દરમિયાન આ'લા હઝરતના મામૂલાતમાંથી હઝરત બુરહાને મિલ્લતે એક આ પણ જણાવ્યું છે કે, ''નમાઝ માટે પાંચેવ સમયે મસ્જિદમાં પગપાળા તશરીફ લાવતા.'' *(ઈકરામે ઈમામ અહમદ રઝા–૮૯)*

તે દિવસોમાં હઝરત મૌલાના અબ્દુસ્સલામ તે મસ્જિદમાં નમાઝ અદા કરવા માટે જતા હતા જે જૂની કોતવાલી તરફ છે. જેની દૂરી આપના દૌલતખાના (ઘર)થી પાંચસો કદમથી પણ વધુ છે. એક કમજોર તથા વૃધ્ધ વ્યક્તિ માટે આટલી દૂરી પણ ઘણી છે, બલ્કે આ દૂરી (તેની) શક્તિથી પણ વધુ કહેવાય.

**(૪)** જબલપૂરથી પરત થઈને ૨૨ રજબ ૧૩૩૭ હિ.સ.માં આ'લા હઝરતે બરેલીથી હઝરત ઈદુલ ઈસ્લામને આ પત્ર લખી મોકલ્યો :–

''સોમવારની રાત્રે ૮ વાગ્યે ખૈરિયતની સાથે બરેલી સ્ટેશન પર આવ્યો, રસ્તામાં અલ્લાહના ફઝ્લથી મોટી નેઅમત એ પામી કે મગરિબની નમાઝની ચિંતા હતી. શાહજહાંપૂરમાં ૬:૩૩ (ટ્રેનનું) આગમન હતું જ્યારે કે મગરિબનો સમય ન હોત અને માત્ર ૮ મિનિટનું રોકાણ પરંતુ ગાડી અલ્લાહના ફઝલથી ૧૫ મિનિટ લેટ થઈને શાહજહાંપૂર પહોંચી અને ૧૦ મિનિટ સુધી થોભી. જેથી સંપૂર્ણ સુકૂનની સાથે નમાઝ સારા સમય પર અદા થઈ ગઈ. અલ્હમ્દુલિલ્લાહ ! મોટર ગાડી જે સાથીઓની સાથે હતી (જેઓ સ્વાગત માટે સ્ટેશન ઉપર ઘણી સંખ્યામાં આવ્યા હતા) ધીરે ધીરે મોડેથી મકાન પર પહોંચ્યા. ફકીરે (આ'લા હઝરતે) મસ્જિદથી શરૂઆત કરી, ઈશાની નમાઝ થઈ.'' (ઈકરામે ઈમામ અહમદ રઝા–૯૯)

**(૫)** આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ૫૨ (બાવન) વર્ષની ઉમરમાં બીજી હજ માટે સફર કર્યો. હજ્જના અરકાનની અદાયગી પછી આપ એટલા બીમાર થઈ ગયા કે બે મહીનાથી વધુ આપ બિસ્તર પર રહ્યા. જ્યારે થોડાક સ્વસ્થ થયા તો ૨૪, સફર હિ.સ. ૧૩૨૪માં રોઝએ અન્વરની ઝિયારત માટે મક્કા મોઅઝ્ઝમાથી રવાના થઈને જિદ્દાથી કશ્તી (બોટ) દ્વારા ''રાબેગ'' (જગ્યાનું નામ) પહોંચ્યા અને ત્યાંથી મદીનતુર્રસૂલ જવા માટે ઊંટની સવારી કરી. હવે આગળની ઘટના ખૂદ આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઝબાની સાંભળો :–

''રસ્તામાં જ્યારે ''બીરે શૈખ'' ઉપર પહોંચ્યાં તો મંઝિલ થોડાક માઈલ દૂર હતી અને ફજરનો સમય થોડોક બાકી રહ્યો હતો. જમ્માલો (ઊંટવાળાઓ)એ મંઝિલ પર પહોંચીને જ થોભવાનું વિચાર્યું પણ ત્યાં સુધી નમાઝનો સમય (બાકી) ન રહેત. હું (આ'લા હઝરત) અને મારા સાથીઓ ઉતરી પડયા. કાફલો (આગળ) ચાલી નીકળ્યો પાણી ભરવાની ડોલ પાસે હતી પરંતુ રસ્સી ન હતી અને કૂવો પણ ઊંડો હતો. અમામા બાંધીને પાણી ભર્યું અને વુઝૂ કર્યું. બિહમ્દિલ્લાહ નમાઝ અદા થઈ ગઈ. હવે ચિંતા એ થવા લાગી કે લાંબી માંદગીના કારણે સખત કમજોરી

આવી ગઈ છે, આટલા માઈલ પગપાળા કઈ રીતે ચાલી શકાશે ?! મોઢું ફેરવીને જોયું તો એક અજનબી જમ્માલ (ઊંટવાળો) પોતાનું ઊંટ લઈને મારી પ્રતિક્ષામાં ઉભો છે. અલ્લાહનો શુક્ર અદા કર્યો તેના ઉપર સવાર થયો. લોકોએ જ પૂછયું, તું આ ઊંટ ક્યાંથી લાવ્યો ? તેણે કહ્યું, અમને શૈખ હુસૈને તાકીદ કરી હતી કે શેખ (આ'લા હઝરત)ની ખિદમતમાં કમી ન કરતો. થોડુક અંતર ત્યાંથી આગળ ચાલ્યા તો જોયું કે મારો પોતાનો (આ'લા હઝરતનો) જમ્માલ (ઊંટવાળો) ઊંટ લઈને ઉભો હતો. તેને પૂછયું, ઊંટને આગળ લઈ જવાનું કારણ તથા ત્યાં ઉભા રહેવાનું કારણ ? તો તેણે કહ્યું કે જ્યારે કાફલાના ઊંટોવાળા જ ન રોકાયા તો તેમની સાથે થઈ ગયો, પણ પછી મેં દિલમાં વિચાર્યું કે શૈખને (આ'લા હઝરતને) તકલીફ થશે, (જેથી) કાફલામાંથી ઊંટ ખોલીને પાછુ લઈ આવ્યો.

આ સર્વ મારા સરકારે કરમની મહેરબાનીઓ હતી, નહીં તો ક્યાં આ ફકીર અને ક્યાં સરદાર રાબેઅ શૈખ હુસૈન કે જેમનાથી ન કોઈ જાણ ન પહેચાન અને કયાં જંગલી સ્વભાવનો જમ્માલ (ઊંટવાળો) અને તેનું આ સ્વભાવ વિરૂધ્ધ વર્તન ! *(અલ્ મલ્ફૂઝ–૨, પેજ–૩૨, ૩૩)*

સુબ્હાનલ્લાહ ! આ છે નમાઝનો શોખ તથા ઈબાદતોમાં રૂચી ! કે નમાઝ છૂટી જવાના અંદેશાથી દિલ બેકરાર તથા બેચેન થઈ ઉઠયું, સમય પર નમાઝ અદા થઈ ગઈ તો દિલને કરાર તથા ચેન મળી ગયું અને જાનમાં જાન આવી ગઈ. મહીનાઓની લાંબી માંદગી તથા સખત કમજોરી છતાં દરેક પ્રકારની તકલીફ તથા પરેશાનીથી બિલકુલ બેપરવા થઈને કાફલાનો સાથ છોડી આપ્યો. પરંતુ "અહબ્બુલ ઈબાદાત" (સૌથી પ્રિય ઈબાદત) નમાઝને છોડવાનું ગવારા ન કર્યું. આ આશિકે રસૂલ ﷺ (આ'લા હઝરત) તેને સૌથી મહાન નેઅ્મત સમજે છે અને અલ્લાહ તઆલાની આ નવાઝિશ પર તેનો શુક્ર પણ અદા કરે છે. નિશ્ચિત રીતે જે વસ્તુ અલ્લાહના નજીક સૌથી વધુ પ્રિય હોય તે એક કામિલ મોમિન માટે નેઅ્મતે ઉઝમા (મહાન નેઅ્મત) જરૂર હશે.

અને કુર્બાન થઈ જાવ ઈત્તેબાએ રસૂલ ﷺ પ્રત્યેના આવા પરિપૂર્ણ જઝબા ઉપર કે આપ (આ'લા હઝરત) સવા મહીના પછી બહારથી પોતાના પ્યારા વતનમાં પહોંચ્યા હતા પરંતુ ઓલાદ તથા બીવી બચ્ચાંઓની મુલાકાત કરતા પહેલાં કશાં કશાં (મસ્તીની સ્થિતિમાં) અલ્લાહના ઘરમાં હાજરી આપી રહ્યા છે કે કાંઈ એવુ ન બને કે ઔલાદથી મુલાકાત કરવામાં જમાઅત ન છૂટી જાય. આને કહેવાય નમાઝની પાબંદી અને સજદાનો શોખ !

### ★ હાજત પૂરી કરવા માટે : તોશો મુબારક હુઝૂર ગૌષપાક رحمۃ اللہ علیہ ★

હાજત પૂર્ણ કરવા અને મુશ્કેલીઓને હલ કરવા માટે આ તોશો લાજવાબ છે. અલ્લાહ તૌફીક આપે તો મક્સદ પ્રાપ્તિ માટે આ તોશો પહેલાં કરે, અથવા અડધો પહેલાં અને અડધો મક્સદ પૂરો થયા બાદ કરે અને નીચે દર્શાવેલ મટીરિયલનો અડધો ભાગ કે ચોથાઈ કે દસમો ભાગ જે શક્તિ હોય તે પ્રમાણે તોશો કરી શકાય છે.

સવા પાંચ કિલો સોજી, સવા પાંચ કિલો દેશી ઘી, સવા પાંચ કિલો ખાંડ, અને બદામ, કાજુ, પીસ્તાં, કોપરૂ અને સૂકી દ્રાક્ષ દરેક સવા સવા કિલો તથા લવિંગ, તજ તથા એલાયચી દરેક સવાસો સવાસો ગ્રામ. (તજ, લવિંગ, એલાયચીને દળીને નાખવી) આ બધાનો હલવો બાવુઝૂ બનાવવામાં આવે અને કોઈ સાદાત કે આલિમ કે નેક માણસ પાસે ફાતિહા પઢાવવામાં આવે. અને નેક લોકોને કે મદ્રસાના તલ્બા તેમજ મિસ્કીનોને ખવડાવવામાં આવે.

**ફાતિહાની તરકીબ** : પ્રથમ સાતવાર દુરૂદે ગૌષિયા, એકવાર અલ્હમ્દ શરીફ, એકવાર આયતુલ કુર્સી, સાતવાર કુલ્હુવલ્લાહ શરીફ, પછી ત્રણવાર દુરૂદે ગૌષિયા પઢીને હુઝૂરે અક્દસ ﷺની રૂહ મુબારકને નઝર પેશ કરે. પછી તમામ નબીઓ, પછી સહાબાએ કિરામ, પછી અહલે બયત તથા ચારેવ ઈમામો પછી સૈયદના ગૌષે આ'ઝમ, સર્વ મશાઈખે કિરામ પછી હુઝૂર આ'લા હઝરત તથા સર્વ બુઝુર્ગાને દીનની પાક રૂહોને નઝર કરે. અને ખાસ ગૌષ પાક رحمۃ اللہ علیہની રૂહને નઝર કરી, દુઆ કરે કરાવે. ઈન્શાઅલ્લાહ ! મક્સદ હલ થશે.

# ૪ આસ્માની કિતાબો પર અમલ

રજૂકર્તા : **મુહમ્મદ નઈમ રઝવી–બાકરોલ, જિ. આણંદ** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ અમજદિયા, ઘોસી)*

ઈમામ ગિઝાલી રહમતુલ્લાહિ અલૈહના એક ખાસ શાગિર્દ જે લાંબા સમય સુધી પોતાના ઉસ્તાદની બારગાહમાં રહ્યા અને જ્ઞાન અને વિદ્યાઓને વાસ્તવિકપણે પ્રાપ્ત કરી. એક દિવસ વિચારવા લાગ્યા કે આટલા બધા જ્ઞાનોમાંથી કયુ જ્ઞાન મારા માટે દુનિયા તથા આખેરતમાં નફો પહોંચાડી શકે છે કે તેમાં મગ્ન થઈ જઉં. અને બીજી તમામ વસ્તુનો ત્યાગ કરી દઉં. તો તેમણે પોતાના ઉસ્તાદની બારગાહમાં સવાલ પૂછયો અને વિનંતિ કરી કે આ સવાલનો જવાબ અમુક પાનાં ઉપર લખીને આપો કે તેને જીવતા સુધી સતત મારી સાથે રાખુ. તેના જવાબમાં તેમના ઉસ્તાદ ઈમામ ગિઝાલી રહમતુલ્લાહિ અલૈહએ જે નસીહતો ફર્માવી કે, "અય બેટે !" ના નામથી પ્રસિદ્ધ થઈ. આપે એમાં તે તમામ નસીહતોને દોહરાવી જે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ પોતાની ઉમ્મતને કરી. ફર્માવે છે :–

બેટા ! રસૂલે અક્દસ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ પોતાની ઉમ્મતને જે નસીહત ફર્માવી તેમાંથી એક એ છે કે, અલ્લાહ તઆલા કોઈ બંદાથી પોતાની તવજ્જોહ હટાવી દે તો તેની નિશાની એ છે કે તેને મક્સદ વગરના કામમાં લગાડી દે. જેની ઉંમર ચાલીસ વર્ષથી વધારે થઈ જાય તેમ છતાંય ભલાઈ તેની બુરાઈ પર સવાર ન થાય, **તો તે જહન્નમની તૈયારી કરે** અને આવી રીતે નસીહત કરવી ઈલ્મવાળા માટે પૂરતી છે.

બેટા ! નસીહત કરવી તો આસાન છે પરંતુ તેને કૃબૂલ કરવી મુશ્કેલ છે.

હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ ફર્માવ્યું, પોતાનો હિસાબ જાતે કરો તે પહેલાં કે તમારો હિસાબ કરવામાં આવે, અને પોતાના અમલોને તોલો તે પહેલાં કે તેને તોલવામાં આવે.

હઝરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહિ અલૈહની વફાત થઈ તો તેમને કોઈએ સપનામાં જોયા તો પૂછયું, શું હાલ છે ? ફર્માવ્યું, ઈબાદતો ખત્મ થઈ ગઈ ઈશારાત ફના થઈ ગયા અને અમને તો થોડીક રકાતો કામમાં આવી જેને અમે રાતની અંધારામાં અદા કરી.

બેટા ! કેટલી રાતો જાગીને વિતાવી, ઈલ્મની તકરાર અને કિતાબોને પઢવામાં પોતાની ઉપર ઊંઘ હરામ કરી લીધી, મને નથી ખબર તેનો સબબ શો હતો ? જો દુનિયાની ઈજ્જત અને શોહરતના માટે કે હોદ્દો અથવા મર્તબા માટે અથવા દૌલત કે માલદારી અથવા પોતાના સાથીઓથી આગળ વધવા માટે, તો **આ તમામ નિય્યત રાખવાથી તારી તબાહી છે.** અને જો મક્સદ શરીઅતે મુસ્તફાને ઝિંદા કરવામાં માટે કે પોતાના અખ્લાક્ અને કિરદારને શણગારવા કે પોતાના નફ્સે અમ્મારા (ગુનાહ પ્રતિ દોરનાર નફ્સ)ને તોડવા માટે હોય તો તારા માટે બરકત જ બરકત છે.

યાદ રાખો ! અલ્લાહ તઆલાને ત્રણ અવાજો પસંદ છે :–

(૧) મુરઘીનો અવાજ (૨) તિલાવતે કુર્આનનો અવાજ (૩) અને રાતના પાછલા હિસ્સામાં તૌબા કરવાનો અવાજ.

તમે મને ઈખ્લાસના વિષયે પૂછયું :– તો એ આ છે કે **તમારા તમામ અમલો અલ્લાહ માટે હોય.** તમારું દિલ લોકોની **પ્રશંસા પર ખુશ ન થાય,** અને લોકોની **બુરાઈની પરવા ન કરે.**

યાદ રાખો ! લોકો તમારી તા'ઝીમ કરે તેનાથી જ રિયાકારી આવે છે, જેનો ઈલાજ એ છે કે તેમને

કુદરતે ઈલાહીના હેઠળ બંધન પામેલા સમજો, તેમને કોઈપણ જાતની રાહત કે તકલીફ પહોંચાડવામાં પથ્થરના જેમ કુદરત વિહોણા સમજો.

હઝરત શૈખ શિબ્લી رحمۃ اللہ علیہએ ચારસો ઉસ્તાદોની ખિદમત કરી. અને ફર્માવ્યું, મેં ચાર હજાર હદીષો પઢી, તેમાંથી એક હદીષને પસંદ કરી લીધી અને તેની ઉપર અમલ કર્યો અને બાકીને છોડી દીધી. કેમ કે મેં ઘણુ વિચાર્યું તો મને એહસાસ થયો કે આમાં મારી નજાત છે. તેમાં પહેલેથી લઈને છેલ્લે સુધીનું તમામ જ્ઞાન આવી ગયું અને આ એક હદીષ મારા લીધે પૂરતી છે. અને તે એ છે કે હુઝૂરે અક્દસ ﷺને ફર્માવ્યું : **"પોતાની દુનિયા માટે એટલુ જ કરો કે જેટલુ તમારે અહીંયાં રહેવાનું છે. અને આખેરત માટે એટલુ કામ કરો જેટલું ત્યાં રહેવાનું છે. અને પોતાના રબ માટે તેટલો અમલ કરો જેટલા એના મોહતાજ હોઉ, અને જહન્નમ માટે તેટલુ જ કામ કરો જેટલુ તેના ઉપર સબ્ર કરી શકો."** અને આ હદીષ માલૂમ થઈ જાય તો પછી તમારે વધારે ઈલ્મની જરૂરત નથી.

હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہ હઝરત શફીક બલ્ખીની સાથે હતા. એક વખત હઝરત શફીક બલ્ખીએ તેમને પૂછયું, તમે મારી સાથે ત્રીસ વર્ષથી છો, આટલા સમય સુધીમાં તમે શું પ્રાપ્ત કર્યું ? હાતિમ અસમે કહ્યું, આટલા લાંબા સમયમાં મને તમારી સોહબતથી આઠ ઈલ્મી ફાયદા મળ્યા જે મારા માટે પૂરતુ છે. તો ફર્માવ્યું, તે શું છે ? હાતિમ અસમે અર્ઝ કરી :

### ★ આઠ ઈલ્મી ફાયદાઓ ★

**૧.** મેં લોકોને જોયા કે દરેક માટે કોઈ ન કોઈ મહબૂબ છે જેનાથી તે પ્યાર અને મહોબ્બત કરે છે, પરંતુ તેમાંથી કેટલાક મહબૂબ મૌતની બીમારી સુધી સાથે રહે છે, કેટલાક કબ્રના કિનારા સુધી, પરંતુ તેમાંથી તમામે તમામ લોકો કબ્રમાં એકલો મૂકીને જતા રહે છે અને કોઈ તેની સાથે નથી જતા. તો મેં વિચાર્યું તો દિલે કહ્યું કે **સારો સાથી** તે છે કે જે કબ્રમાં પણ સાથે આપે. તો આ મામલામાં **"સારા અમલો"** મળ્યા જે કબ્ર અને આખેરત સુધી આપણો સાથ આપે છે, પછી તો મેં તેમનાથી મહોબ્બત કરી લીધી.

**૨.** મેં જોયું કે લોકો પોતાની ખ્વાહિશાતની પૈરવી કરે છે અને દિલની આરઝૂ તરફ દોડે છે. તો મેં અલ્લાહના તે ફર્માન પર વિચાર કર્યો કે, **"જે રબની બારગાહમાં ઊભા રહેવાથી ડરે અને નફ્સની ખ્વાહિશાતને રોકે તો તેની જગ્યા જન્નત છે."** તો મેં સમજી લીધું કે કુર્આન હક્ક છે અને હું પોતાના નફ્સની ખ્વાહિશાતની વિરુદ્ધ તૈયાર થઈ ગયો.

**૩.** મેં જોયું કે તમામ લોકો દુનિયાની દૌલત જમા કરવામાં મગ્ન છે, પછી તેને જમા કરીને રોકી લેતા. તો મેં રબના તે ફર્માન પર વિચાર કર્યો, **"જે તમારી પાસે છે તે ખત્મ થઈ જશે અને જે રબની જોડે છે તે બાકી રહેશે."** તો પોતાની પાસે જમા કરેલી દૌલતને રાહે ખુદામાં ફકીરોને વહેંચી દીધી જેથી મારા પરવરદિગાર પાસે મારા માટે ખજાનો થઈ જાય !

**૪.** મેં જોયું કે કેટલાક લોકો બીજા લોકો સાથે સંબંધ રાખીને પોતાની ઈજ્જત સમજે છે, કેટલાક માલ અથવા ઔલાદના વધારાને ફખ્રનું કારણ સમજે છે, કેટલાક જુલ્મ અને ખૂનરેજીમાં પોતાની મહાનતા મેહસૂસ કરે છે, અને કેટલાક લોકો માલની ફુઝૂલખર્ચીમાં બડાઈ સમજે છે. તો મેં અલ્લાહના તે ફર્માન પર વિચાર કર્યો કે, **"બારગાહે ઈલાહીમાં તમારામાંથી વધારે ઈજ્જતવાળો તે છે જે વધારે તક્વાવાળો હોય."** તો મેં તક્વાને પસંદ કર્યો અને લોકોના બાતિલ ખયાલોથી દૂર થઈ ગયો.

**૫.** મેં જોયું કે લોકો એકબીજાની **ગીબત અને બુરાઈ** કરતા રહે છે. મેં એહસાસ કર્યો કે આ દૌલત, હોદ્દો, ઈલ્મમાં **હસદના કારણે થાય છે.** તો મેં રબના તે ફર્માન પર વિચાર કર્યો કે, **"મેં દુનિયાવી જિંદગીમાં જિંદગીનો સામાન તેમના દરમિયાન વહેંચી દીધો છે."** તો મેં જાણી લીધું કે આ વહેંચણી તો અઝલથી પરવરદિગાર તરફથી છે. પછી મેં કોઈના સાથે હસદ ન કર્યો અને પોતાના રબની વહેંચણી પર ખુશ થઈ ગયો.

પેજ નં. ૧૪ નું ચાલુ...

**૬.** મેં જોયું કે લોકો કોઈ ન કોઈ કારણ અથવા મક્સદથી એકબીજાની સાથે દુશ્મની રાખે છે. તો મેં રબના તે ફર્માનને યાદ કર્યું કે, **"શૈતાન તમારો દુશ્મન છે, તો તેને દુશ્મન બનાવી લો."** તો મેં જાણી લીધું કે શૈતાનના સિવાય બીજાથી દુશ્મની દુરુસ્ત નથી.

**૭.** મેં જોયું કે લોકો રોજીની તલાશમાં એટલી બધી મેહનત કરે છે કે કેટલીક વસ્તુ હરામ અથવા હરામના શકમાં પડી જાય છે અને કેટલીક જગ્યાએ બેઈજ્જતીનો શિકાર બની બેસે છે. તો મેં રબના તે ફર્માન પર વિચાર કર્યો કે, **"દુનિયાના તમામ જાનદારનું રિઝ્ક અલ્લાહ તઆલા પર છે."** તો હું સમજી ગયો કે મારું રિઝ્ક અલ્લાહ તઆલા પર છે તો મેં લાલચને છોડી દીધી અને રબની ઈબાદતમાં વ્યસ્ત થઈ ગયો.

**૮.** મેં જોયું કે તમામ લોકો કોઈ ન કોઈ મખ્લૂક પર ભરોસો કરી બેઠા છે. કેટલાક દીનાર તથા દિરહમ પર, કેટલાક મુલ્ક તથા માલ પર અને આવી ઘણી વસ્તુઓ પર. તો મેં રબના તે ફર્માન પર વિચાર કર્યો કે, **"જે ખુદા પર ભરોસો કરે તો તે જ તેના માટે પૂરતો છે, બેશક ! તે પોતાનો હુકમ લાગુ કરનારો છે અને તેણે દરેક વસ્તુ માટે એક હદ રાખી છે."** તો મેં ખુદા પર ભરોસો કર્યો અને તે જ મને પૂરતો છે.

આના ઉપર હઝરત શકીક બલ્ખી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, પરવરદિગાર તમને તૌફીક આપે, મેં તૌરાત, ઝબૂર, ઈન્જીલ અને કુર્આનમાં વાંચ્યું તો મને એહસાસ થયો કે આ ચાર આસ્માની કિતાબો આ આઠ ફાયદાના ચો તરફ તરફ ઘુમી રહી છે, તો જે લોકો આ આઠ વસ્તુઓ પર અમલ કરે તો તેઓ આ ચારેય કિતાબો પર અમલ કરવાવાળા છે. *(અમજદિયા, ઓકટો. થી ડિસે. ૨૦૧૦)*

જે મારા માટે વસીલાની દુઆ કરશે તેના માટે મારી શફાઅત હલાલ થઈ ગઈ. બીજી હદીષમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી છે કે વસીલા (જન્નતનો દરજ્જો) સૌથી ઉચ્ચ દરજ્જો છે. વસીલો શું છે ? હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે હું જન્નતનો પ્રવાસ કરી રહ્યો હતો. મારા સામે એક નહેર આવી જેના બંને તરફ મોતીઓના ગુંબદ હતા. મેં હઝરત જિબ્રઈલ علیہ السلامથી કહ્યું કે આ શું છે ? તેમણે જવાબ આપ્યો, કૌષર આ જ છે જે અલ્લાહ તઆલાએ આપને બખ્શિશ કરી છે. તેના પછી તેમણે કૌષરની માટી લેવાના માટે હાથ લંબાવ્યો અને દેખાડયું કે તે મુશ્ક છે.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી પણ આવું જ મરવી છે કે કૌષર એવી નહેર છે જે યાકૂત અને મોતીઓ પર વહે છે. તેનું પાણી મધથી મીઠુ અને બરફથી વધુ સફેદ છે. એક રિવાયતમાં છે કે તેની ઊંડાઈના પછી સાથેની જમીન પર તે વહેવાવાળી છે. કૌનેનના તાજદાર, શફાઅતના દુલ્હા, ખુદાના હબીબ ﷺ પોતાની ઉમ્મતને બરાતના (જાન)ની શકલમાં લઈને તેના કિનારે ઉતાર્યા હશે. આગળ પૂરી હદીષ બયાન કરી. તેના સમાનાર્થી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે તેનાથી એ પણ રિવાયત છે કે કૌષર જે અલ્લાહ તઆલાએ પોતાની બખ્શિશ કરી છે તેનાથી મુરાદ ખૂબ જ ભલાઈ છે. હઝરત સઈદ બિન જુબૈર رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૯૫/ઈ.સ. ૭૧૩) ફર્માવે છે, નહેરે કૌષર પણ ખૈરે કષીર (ખૂબ જ ભલાઈ) છે જે અલ્લાહ તઆલાએ બખ્શિશ કરી છે. હઝરત હુઝૈફા رضی اللہ عنہની હદીષોના વિશે રિવાયત છે કે જે આપે અલ્લાહ عزوجلની તરફથી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને કૌષર બખ્શિશ કરી છે જે જન્નતમાં એક નહેર છે અને મારા હૌઝમાં આવીને પડે છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી આયતે કરીમા وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضَىની તફસીરમાં મરવી છે કે (ફખ્રે દો આલમ ﷺના માટે) હજાર મહેલ મોતીના છે જેની માટી મુશ્ક છે અને તેની અંદર બાકી સામાન પણ તેની શાન પ્રમાણે છે. બીજી રિવાયતમાં છે કે તેના અંદર હુરો ગિલમાન વિગેરે પણ મહેલોની મુખ્ય શાન પ્રમાણે છે.

# કરજ લેનાર તથા આપનાર
# અને ઈસ્લામી શરીઅત



રજૂકર્તા : **હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ-પારખેત** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

લેખ હરીફાઈમાં પ્રથમ નંબરે આવનાર લેખ

મારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! પોતાનો હલાલ માલ ખુદાની રાહમાં ખર્ચ કરવાની ઘણી ફઝીલતો છે. જેમ કે કુર્આને મજીદમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે, "જે લોકો પોતાના માલને અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તે એક દાણા જેમ છે જેમાંથી સાત ડૂંડાં નીકળે અને દરેકમાં સો દાણા અને અલ્લાહ જેને ચાહે એથી પણ વધુ આપે. અને અલ્લાહ તઆલા વિશાળતાવાળો ઈલ્મવાળો છે." *(સૂ. બક્રહ, આ. ૨૬૧)*

આ આયતે કરીમા પરથી સાબિત થયું કે આપણે પોતાનો માલ ખુદાની રાહમાં ખર્ચ કરવો જોઈએ અને ખુદાની રાહમાં માલ ખર્ચ કરવાના કેટલાક તરીકાઓ છે, જેમ કે ઝકાત આપીને, સદકો આપીને, ફિત્રો આપીને.... વગેરે. એવી જ રીતે ખુદાની રાહમાં માલ ખર્ચ કરવાની સારી અને સરળ રીત કરજ પણ છે જેના દ્વારા બહુ સવાબ મેળવી શકાય છે.

### ★ કરજ શું છે ? ★

કોઈ મુસલમાન ભાઈની ભલાઈ તથા તરક્કી માટે તેના માંગવા પર કાંઈક ઉધાર આપી તેની સહાય કરવાને "કરજ" કહે છે. "કરજ"નો અર્થ છે "કાપવું" અને કરજમાં પણ પોતાનો માલ કાઢી બીજાને આપવાનો હોય છે, અને કોઈવાર એનાથી મહોબ્બત તૂટી પણ જાય છે. પરંતુ ધ્યાન રહે કે કરજ બે પ્રકારનું હોય છે : (૧) કર્ઝે હસન (૨) કર્ઝે ખબીષ. કર્ઝે ખબીષ એ છે કે કોઈને કરજ આપનાર વ્યાજ ખાવાની નિય્યતથી કરજ આપે અને લેવાવાળો કરજ અદા કરવાની નિય્યત ન રાખતો હોય. આવુ કરજ દોસ્તી તથા મહોબ્બત બલ્કે રિશ્તેદારને કાપવાવાળુ બની જાય છે. જ્યારે કર્ઝે હસન એ છે કે કરજ આપનાર ફક્ત અને ફક્ત અલ્લાહ તઆલાની રઝા અને મુસલમાન ભાઈની મદદ કરવાની નિય્યતથી કરજ આપે, અને ઈરાદો એ હોય કે ન આપી શકે તો માફ છે. અને લેવાવાળો કરજ અદા કરવાની નિય્યતથી કરજ લે, તો આ કરજ પાછલી દુશ્મની તથા નફરતને કાપવાવાળુ હોય છે અને મહોબ્બત તથા દોસ્તીમાં વધારો કરે છે. એટલા માટે જ્યારે પણ કોઈને કરજ આપો અથવા કોઈની પાસેથી કરજ લો ત્યારે પોતાની નિય્યત સારી રાખો. અને હુઝૂર ﷺએ પણ ઈર્શાદ ફર્માવ્યો, "અમલનો દારોમદાર નિય્યત પર છે." એટલા માટે જ્યારે પણ કરજ આપો ફક્ત અલ્લાહની રઝા માટે, અને જ્યારે પણ કરજ લો તો અદા કરવાની નિય્યતથી લો, જેથી દુનિયા તથા આખેરતમાં કામયાબ થાવ અને જન્નતના હક્કદાર બનો.

### ★ કરજ આપનારની ફઝીલત ★

મારા પ્યારા ભાઈઓ ! હદીષ શરીફમાં કરજ આપવાની બહુ ફઝીલત આવેલી છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો "એક મુસલમાન બીજા મુસલમાનને કરજ આપે તો એવું છે જેમ કે બે વખત સદકો કર્યો હોય." *(અત્તરગીબ વત્તરહીબ)*

આ હદીષ શરીફથી જાણવા મળ્યું કે એક વખત કોઈ મુસલમાન ભાઈને કરજ આપી તેની સહાય કરવી બે વખત સદકો કરવા બરાબર છે. અને બીજી હદીષમાં હઝરત અબૂ અમામા رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "એક નેક આદમી જન્નતમાં દાખલ થયો તો તેણે જન્નતના દરવાજા પર

લખેલું જોયું કે : "સદકાનો સવાબ દસ ગણો છે અને કરજ આપવાનો અઢાર ગણો." *(બયહકી)*

અને એક રિવાયતમાં છે કે રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું, "દરેક કરજ સદકો છે." *(તિબ્રાની)*

પ્યારા મિત્રો ! સદકો આપવાથી દસ ગણો સવાબ મળે છે જ્યારે કે કરજ આપવાથી અઢાર ગણો. એટલા માટે જો તમે સદકો આપશો તો ફક્ત દસ ગણો સવાબ મળશે, પરંતુ કરજ આપશો તો કરજનો અઢાર ગણો સવાબ તો મળશે અને સાથે જ સદકાનો દસ ઘણો સવાબ પણ મળશે, કારણ કે દરેક કરજ સદકો છે. એટલા માટે જ્યારે પણ કોઈ કરજનો સાચો જરૂરતમંદ આપણી પાસે કરજની માંગણી કરે તો તેને કરજ આપી સવાબનો આ અનમોલ ખજાનો લૂટી માલામાલ થવું જોઈએ.

મારા પ્યારા ભાઈઓ ! હઝરત ઈમરાન رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જેનો બીજા પર હક્ક હોય અને તે આપવામાં વિલંબ કરે (આપનાર) તો દરરોજ એટલો માલ સદકો કરવાનો સવાબ મળશે." *(બહારે શરીઅત, ભાગ-૧૧)*

આ હદીષ શરીફથી સાબિત થાય છે કે ખુદાની રહમત જાણે એલાન કરી રહી છે કે, છે કોઈ સવાબનો તલબગાર ! જેને હું સવાબ અતા કરું. પ્યારા ભાઈઓ ! કરજ આપવાની ફઝીલત તો છે જ પરંતુ આપ્યા બાદ લેનાર પરત કરવામાં વિલંબ કરે તો પણ રોજનો સદકો કરવાનો સવાબ ! શું આ મહાન ગનીમત નથી ? તો પછી શા માટે આપવાની તાકત રાખવા છતાં કોઈ જરૂરતમંદને કરજ ન આપીએ ?! બલ્કે જ્યારે પણ કોઈ કરજની માંગણી કરે તો સાચા દિલથી સારી નિય્યત રાખી ખુદાની રઝા માટે તરત જ તેને કરજ આપી સવાબના હક્કદાર બનવું જોઈએ.

### ★ કરજ પર વ્યાજખોરનો અંજામ ★

મારા પ્યારા મિત્રો ! આ બધી ફઝીલતો ફક્ત સારી નિય્યતે કરજ આપનાર માટે છે, પરંતુ આજકાલ લોકો કરજ આપે છે તો તેના પર વ્યાજ ખાય છે અને શરત રાખે છે આટલા વખતમાં પરત ન કરે તો આટલા ટકા વ્યાજ આપવુ પડશે. આ બહુ મોટો ગુનોહ અને હરામ કામ છે. કરજ આપી વ્યાજ લેનાર માટે આકાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "એક દિરહમ વ્યાજ ખાવુ તેત્રીસ વખત ઝિના બરાબર છે. અને જેનો ગોશ્ત હરામ ખાવાથી વધ્યો તો જહન્નમની આગ તેની વધારે હક્કદાર છે." *(જામેઉલ અહાદીષ, ૨/૪૦૩)* તો શું તમારામાં શક્તિ છે કે આટલા મોટા ગુનાહનો અઝાબ વેઠી શકો ?! જો નહીં, તો આજે જ આ ગુનાહે કબીરાથી રોકાય જાવ અને પોતાને જહન્નમની આગથી બચાવો.

### ★ કરજદારને મોહલત આપનાર ★

મારા પ્યારા મિત્રો ! કરજ ખુદાની રાહમાં માલ ખર્ચ કરવાની બહુ સરળ રીત છે અને બહુ જ લાભદાયક છે. કરજ આપવાથી તો નેકી છે જ પરંતુ આપ્યા બાદ કરજદારને તેની મજબૂરીના કારણે મોહલત આપવાનો પણ સવાબ મળે છે. જેમ કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : "અને જો કરજ લેનાર તંગદસ્ત છે તો માલદાર થતા સુધી તેને મોહલત આપો, અને સદકો કરી દો એ તમારા માટે શ્રેષ્ઠ છે જો તમે જાણો." *(સૂ. બકરહ, આ. ૨૮)*

આ આયતે કરીમા પરથી જાણવા મળ્યું કે કરજદાર ખરાબ પરિસ્થિતિવાળો અને ગરીબ હોય તો તેને મોહલત આપવાનો પણ સવાબ છે અને જો તમે માફ કરી દો તો તમારા માટે એથી વધુ સારું છે. અને આ સિવાય પણ હદીષ શરીફમાં કરજ આપવાની ઘણી પણ ફઝીલતો આવેલ છે. હઝરત કતાદા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જેને એ ગમતુ હોય કે અલ્લાહ તઆલા તેને કયામતની સખ્તીઓથી નજાત અતા ફર્માવે તેણે જોઈએ કે ગરીબ કરજદાર પર આસાની કરે અથવા તેના પરથી કરજનો ભાર ઉતારી આપે (માફ કરી દે)." *(મુસ્લિમ શરીફ)*

### ★ કયામતમાં અર્શના સાયામાં ★

બીજી હદીષમાં હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે વ્યક્તિને એ વાત સારી લાગતી હોય કે અલ્લાહ તઆલા તેને કયામતની સખ્તીઓથી નજાત અતા કરે અને પોતાના અર્શનો છાંયડો અતા ફર્માવે તો તેણે જોઈએ કે તંગદસ્તને મોહલત આપે." *(તિબ્રાની)*

અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે શખ્સ

મુસલમાનની કોઈ તકલીફ દૂર કરી દે અલ્લાહ તઆલા કયામતના દિવસે પુલસિરાત પર તેના માટે નૂરના બે હિસ્સા પેદા ફર્માવશે જેની રોશનીથી એટલા આલમ ઉજ્જવળ થશે જેની ગણતરી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના સિવાય કોઈ નથી જાણતું." *(અત્તરગીબ વત્તરહીબ)*

પ્યારા વાંચક મિત્રો ! આજે દરેક મુસલમાન જન્નતમાં જવાનો ઈચ્છુક છે અને જન્નતમાં જવા માટે નેક અમલ તથા સુરક્ષિત ઈમાન જરૂરી છે. આજે દરેક વ્યક્તિ થોડામાં વધારે મેળવવાની કોશિશ કરે છે. ફર્ઝ તથા વાજિબ બાદ આટલી સરળ રીતે ફક્ત કોઈને કરજ આપી અથવા માફ કરી અઢળક સવાબ મેળવી શકાતો હોય તો શા માટે આપણે થોડામાં ઘણી નેકીઓ છોડી બર્બાદ થઈએ.

**★ કરજદારને મોહલત આપનાર જન્નતી ★**

આવો ! તમારી સમક્ષ એક પ્રસંગ જેને હુઝૂરે ખૂદ બયાન ફર્માવ્યો તે રજૂ કરું છું. હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "તમારાથી પહેલાના લોકોમાં એક વ્યક્તિના મૃત્યુ બાદ ફરિશ્તાઓને તેની રૂહ મળી. ફરિશ્તાઓએ પૂછયું, તેં કોઈ નેક અમલ કર્યો છે ? તેણે જવાબ આપ્યો, નહીં ! ફરિશ્તાઓએ કહ્યું, યાદ કર ! તેણે કહ્યું, હું લોકોને કરજ આપતો હતો અને મેં પોતાના ચાકરોને હુકમ આપ્યો હતો કે ગરીબને મોહલત આપ્યા કરે, અને ખાતા પીતા લોકો સાથે નમ્રતા કરે. પછી હુઝૂર ﷺએ આગળ બયાન કર્યું કે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો, "હે ફરિશ્તાઓ ! તેની સાથે દરગુઝર કરો ! અને તેની મગફેરત ફર્માવી દીધી છે." *(સહીહ બુખારી)*

પ્યારા મિત્રો ! આ છે કરજદારને મોહલત આપવાની ફઝીલત ! અને આટલી બધી ફઝીલત બાદ પણ જો કોઈ પોતાના ગરીબ તથા કમજોર કરજદાર સાથે જબરદસ્તી કે જુલ્મ કરે તો તે ખરેખર મૂર્ખ છે, તે એવો જ છે જેના સામે સમુદ્ર હોવા છતાં તે તરસ્યો રહ્યો !

**★ કરજ લેનાર ખોટા કરવાની નિય્યતે ન લે ! ★**

કેટલાક લોકો કરજ માગતી વખતે આપનાર સમક્ષ તદન જૂઠો અને ટૂંકો વાયદો કરે છે કે, "કાલે જ અથવા અઠવાડિયામાં જ તમને મળી જશે !" અને પોતાની અતિશય મજબૂરી દર્શાવે છે, જો કે દિલમાં ખોટા કરવાનો જ ઈરાદો હોય છે અને પછી વરસોનાં વરસો સુધી રકમ પરત નથી કરતા, તેવા લોકો ધ્યાન આપે !

પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! ફક્ત કરજ આપનાર માટે જરૂરી નથી કે પોતાની નિય્યત સારી રાખે પરંતુ કરજ લેનાર માટે પણ સારી નિય્યત અત્યંત જરૂરી છે. કરજ લેનારને જોઈએ કે કરજ લેતી વખતે નિય્યત સારી રાખે. કારણ કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે વ્યક્તિ લોકોનો માલ અદા કરવાની નિય્યતથી લે અલ્લાહ તઆલા તેના તરફથી અતા ફર્માવી દે છે. અને જે વ્યક્તિ હડપ કરી જવાની નિય્યતથી લે અલ્લાહ તઆલા તેને હલાક કરી દે છે." *(જામેઉલ અહાદીષ, ૨/૪૦૯)*

આ હદીષ શરીફ પરથી અંદાજો લગાડો કે **ખોટી નિય્યતે કરજ લેનાર એટલો ખબીષ છે કે અલ્લાહ તઆલા તેને તબાહ કરી દે છે.** અને જેને અલ્લાહ તઆલા બર્બાદ કરે તેને કોણ બચાવી શકે છે. જો ખુદાના ગઝબથી બચવા ઈચ્છતા હોઉ તો કદી પણ કોઈની પાસેથી ખરાબ નિય્યતે અથવા વગર જરૂરતે કરજ લેવાથી બચો.

**★ કયો કરજદાર માફી પાત્ર નથી ★**

મારા પ્યારા ભાઈઓ ! તમે ઉપરોક્ત લખાણમાં વાંચ્યું કે તંગદસ્ત (ગરીબ) કરજદારને મોહલત આપવા અથવા માફ કરી દેવાનો કેટલો સવાબ છે. આવો નેક વ્યક્તિ કયામતના દિવસે અર્શે ઈલાહીના છાંયડામાં હશે. તેના માટે દુનિયા તથા આખેરતની મુશ્કેલીઓ આસાન થઈ જશે. ગુનાહ માફ કરી દેવામાં આવશે...વગેરે. પરંતુ લગભગ ઉપરની બધી જ હદીષોમાં "તંગદસ્ત કરજદાર"નો શબ્દ છે. જેનો અર્થ એ છે કે કરજદાર (કરજ લેનાર) ગરીબ અને આર્થિક રીતે ખરાબ પરિસ્થિતિવાળો હોય, મક્કાર, દગાખોર કે ધોકાબાઝ ન હોય. આવા કરજ લેનાર વ્યક્તિ પાસેથી કરજ જરૂર વસૂલ કરવુ જ જોઈએ, તેને માફ કરવો અથવા મોહલત આપવી તેને ગુનાહ પર દિલેર (નચિંત) કરવા જેવું છે. એવો વ્યક્તિ (ઢોંગી કરજદાર) ખબીષ છે, માફીના લાયક નથી. અને આજે તો જાણે જૂઠ બોલીને

કરજ લેવાની વબા ફેલાઈ ગઈ છે. બધી રીતે વ્યવસ્થા તથા સુખ હોવા છતાં ફક્ત દુનિયાની હવસ અને લોકો સામે બડાઈનો દેખાવ કરવા માટે લોકો કરજ લે છે અને પરત કરવાનું નામ પણ નથી લેતા ! આ રીતે કરવું એક બહુ મોટો ગુનોહ છે જેનાથી બચવું દરેક મુસલમાન પર જરૂરી છે.

### ★ ફુઝૂલખર્ચી માટે કરજ ન લો ! ★

વ્હાલા વાંચક મિત્રો ! આજે કેટલાક લોકો ફક્ત અને ફક્ત દુનિયાની રંગરેલીઓ માણવા માટે કરજ લે છે. જેમ કે લગ્ન પ્રસંગે પોતાની પાસે પૈસા ન હોવા છતાં બેન્ડ વગાડે છે, ડાન્સપાર્ટીઓ રાખી હજારોની ફુઝૂલખર્ચી કરી હજારોની રકમ ગુનાહોમાં વેડફી નાખે છે. અને એટલું જ નહીં આજે તો મુસલમાનોને ત્યાં જાણે કાફિરો જેમ ખાવાની ફેશન થઈ ગઈ છે. મુસલમાનની શાદીમાં હિંદુ રસોઈ બનાવી લાખો રૂપિયા બર્બાદ કરવામાં આવે છે અને આ બધુ ફક્ત કરજ લઈ કરવામાં આવે છે ! એ પણ એ નિય્યતે કે આપણે ક્યાં પરત કરવું છે ! મૃત્યુ પછી ક્યાં માંગવા આવવાના છે ! અને કેટલાક તો વળી જુએ છે કે મારા પડોશીએ ટી.વી. ખરીદયું તો ભલે પછી ઘરમાં ખાવાના ફાંફાં પડતાં હોય પરંતુ હું તો એ ટી.વી. જરૂર ખરીદીશ ! અને એના માટે જૂઠુ બોલી કરજ લઈ ગુનાહ પણ કરે છે અને તેને પરત કરવાનું તો નામ જ નથી લેતા બલ્કે એક કરજદાર તરીકે મૃત્યુ પામી દુનિયા તથા આખેરતમાં બેઈજ્જત થાય છે.

મારા ભાઈઓ તથા બહેનો ! ઈસ્લામ તમને ઈજાઝત નથી આપતો કે તમે આ રીતે કર્ઝે ખબીષ લો અને બર્બાદ થાવ. ઈસ્લામ દરેક મુસલમાનને ઈજ્જતદાર તથા નેક બની જીવન પસાર કરવાની તા'લીમ આપે છે. એટલા માટે માલદાર મુસલમાને કરજ લેવાથી બચવું બહુ જરૂરી છે અને તેમ છતાં જો કોઈ ઢોંગ કરી કરજ લે તો તેના માટે તે દુનિયા તથા આખેરતની બર્બાદીનો સબબ છે. હઝરત ઈમરાન رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "માલદારનું માગવું કયામતના દિવસે તેના ચહેરામાં ઐબ (બેઈજ્જતીનું નિશાન) હશે." *(તિબ્રાની)* અને બીજી રિવાયતમાં સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "માલદારનુ માગવું આગ છે. માગવા પર તેને થોડુંક મળ્યું તો થોડી આગ અને વધુ મળ્યુ તો વધુ આગ." *(અત્તરગીબ વત્તરહીબ, પેજ : ૩૧૫)*

હવે તમે જાતે જ કહો કે શું તમે જહન્નમમાં જવા ઈચ્છો છો અને કયામતના દિવસે તમને પોતાના ચહેરા પર બેઈજ્જતીનો દાગ સારો લાગે છે ? જો સારો લાગતો હોય તો ઠીક છે ! નહીં તો આજે જ આ કામ છોડી ખુદાની બારગાહમાં તૌબા કરી લો અને જહન્નમની આગથી પોતાને બચાવો.

### ★ કરજ પરત ન કરવાની સજા ★

મારા પ્યારા ભાઈઓ ! આ તો ફક્ત વગર જરૂરતે કરજ માગવાની સજા છે. પરંતુ કરજ પરત ન કરવાની સજા તો આનાથી પણ સખત છે. રસૂલે ખુદા ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "કબીરા (મોટા) ગુનાહ જેનાથી અલ્લાહ તઆલાએ રોકાવાનો હુકમ આપ્યો છે તેના પછી અલ્લાહ તઆલાની નજીક સૌથી મોટો ગુનોહ એ છે કે માણસ પોતાના પર કરજ છોડી મૃત્યુ પામે અને તેને અદા કરવા કાંઈ ન છોડયું હોય." *(અમજદુલ અહાદીષ, પેજ : ૮૦૯)*

અને બીજી રિવાયતમાં હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "કરજના સિવાય શહીદના તમામ ગુનાહ બખ્શી દેવામાં આવશે." *(બહારે શરીઅત)*

મારા પ્યારા ભાઈઓ ! પોતાની આંખો ખોલો ! વગર જરૂરતે અથવા ખોટી નિય્યતે કરજ લઈ મૃત્યુ પામવું એટલું જ સરળ નથી કે તમે એવું કહી દો કે મૃત્યુ બાદ કોણ માગવાનું છે ! બલ્કે કરજ પરત ન કરવું ખુદાની નજીક સૌથી મોટો ગુનોહ છે, એટલે સુધી કે એક શહીદ જે ખુદાની રાહમાં લડતાં લડતાં જીવ અર્પણ કરી દે છે છતાં તેનું કરજ માફ નથી થતું ! તો પછી આપણે શું ગણતરીમાં છીએ ?! એટલા માટે ખુદાના વાસ્તે આ મહાન ગુનાહથી બચો અને એક ઈજ્જતદાર તથા સાચા મુસલમાન બની જિંદગી વિતાવો.

અલ્લાહ તઆલાથી દુઆ છે કે આપણને સારી નિય્યતે કરજ લેવા દેવાની તૌફીક અતા કરે અને ઈલ્મો અમલની તૌફીક આપે. (આમીન)

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**★ બરકાતે ખ્વાજા ગમ્યુ ! ★**

તંત્રી બરકાતે ખ્વાજા (માસિક) મોહતરમ જનાબ શબ્બીરભાઈ પટેલ સલામ બાદ આપનું માસિક ''બરકાતે ખ્વાજા'' બેમિષ્લ અંક છે. આપ જેવી રીતે એનું નિઝામ ચલવો છો, બેશક ! એ દીન માટે ખૂબ લાભદાયી છે. ખાસ કરીને આપના તંત્રી લેખ બહુ જ લાજવાબ છે. હું ચાર પાંચ માસિકો વાંચુ છું, અલ્હમ્દુલિલ્લાહ ! પણ ''બરકાતે ખ્વાજા'' (માસિક) ''ઝરા હટ કે'' છે. ખૈર, અલ્લાહ પાક તમોને રસૂલ ﷺના સદકામાં ઔર વધારે દીની કામ કરવાની તૌફીક આપે. (આમીન) *–અલી મુહમ્મદ અ. સત્તાર મેમણ (ધ્રાગંધ્રા–કચ્છ)*

**જંબુસર** : થી ખાદિમ રઝા અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે જંબુસર કસ્બા સ્ટ્રીટ ખાતે જશ્ને ''ઈમામ અહમદ રઝા'' મનાવવામાં આવ્યો હતો. જેમાં હઝરત અલ્લામા મૌલાના સાદિક સાબરી દહેગામી તથા હઝરત અલ્લામા મૌલાના મુફતી હાફિઝ અશરફ સાહબ (ખલીફ એ તાજુશ્શરીઆહ) પોરબંદરવાલા એ શાનદાર બયાન કર્યું હતું. જેમાં મૌલાના સાદિક સાહબે ''હદાઈકે બખ્શિશ'' ગુજરાતીમાં અનુવાદ અને સમજુતીના લેખ ''બરકાતે ખ્વાજા માસિકમાં'' ચાલુ કરવાની ખબર પડતાં તેઓ તેનાથી બહુ ખુશ થયા અને તેમને ''સાલ'' ઓઢાડીને તથા ''નઝરાણુ હદિયો'' પેશ કરી સન્માન કરી જલ્સામાં દીની દુન્યવી દૌલતથી માલામાલ થાય તેવી દુઆઓથી નવાઝયા હતા. જલ્સો ઘણો જ કામયાબ રહ્યો હતો.

**નબીપુર** : મર્હૂમ ઈસ્માઈલ હાફેઝ નબીપુરી સાહબના અહલિયા (અમારા મિત્ર ગુલામ મુહ્યુદ્દીન હાફેઝનાં વાલિદા) હુરીબેનનો ઈન્તેકાલ તા. ૨–૨–૨૦૧૧ (૨૮ સફર ૧૪૩૨)ના રોજ થઈ ગયો. મર્હૂમાની નમાઝે જનાઝા હઝરત સૈયદ ગુલામ રસૂલ બાવા કારંટવી (પેશ ઈમામ જામા મસ્જિદ–નબીપુર) સાહબે પઢાવી અને કબ્રસ્તાનમાં શાહઝાદએ મોઈને મિલ્લત, હઝરત સૈયદ અમીરુદ્દીનબાવા (ખાનકાહે અહલે સુન્નત–વડોદરા) સાહબે દુઆ ફર્માવી હતી. તઅઝીયત માટે હાફેઝ સાહબના ઘરે જુનાગઢથી પીરે તરીકત હઝરત ગુલઝાર અહમદ મારફાની સાહબ, દા.ઉ. શાહે આલમ અમદાવાદથી મુફતી સગીર અહમદ સાહબ તથા અન્ય ઉલમાએ હાજરી આપી હતી. દફનવિધિમાં દા.ઉ. મોઈનુલ ઈસ્લામ–થામના નાઝિમે આ'લા જનાબ દાઉદભાઈ ગોરજી, બરકાતે ખ્વાજાના તંત્રી જનાબ પટેલ શબ્બીર અલી રઝવી, રૂહાની પયગામના તંત્રી મુહમ્મદ માસ્તર ટંકારવી તથા અન્ય ઉલમા હુફફાઝે તેમજ બહોળી સંખ્યામાં સુન્ની અવામે હાજરી આપી હતી. મર્હૂમા નેક સીરત, બાઅખ્લાક હતાં તેમના ત્યાં હુઝૂર મુફતીએ આઝમે હિંદ, હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ, હઝરત રયહાને મિલ્લત... વગેરે બુઝુર્ગોની હાજરી મર્હૂમ હાફેઝ સાહબના જમાનામાં થતી તેમની ખિદમતનો આપને શરફ નસીબ થયો હતો. દા.ઉ. બરકાતે ખ્વાજા–આમોદ, તેમજ દા.ઉ. મોઈનુલ

**''બરકાતે ખ્વાજા'' માસિક નોંધાવવા મળો**

★ **ડૉ. મોહમ્મદ નઝીર અહમદ દેવલા** : ૫/૮૫૬, દારૂશિફા તસ્નીમ હાઉસ, મુસ્તુફા મસ્જિદ પાસે, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર, મો. : ૯૮૨૫૬ ૩૨૭૮૧

★ **હાફિઝ હાજી નિઝામુદ્દીન ડોઈ** :અંજુમન સ્ટ્રીટ, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર, મો. : ૯૮૨૫૨ ૪૬૨૨૩ ટૂંક સમયમાં ૩૧ ગ્રાહકો આપ હઝરાતે કરીને મોકલ્યાં છે.

જઝાકલ્લાહ ! રબ્બે કરીમ ઈલ્મે દીનના પ્રચારમાં સહાય કરનારાઓને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

ઈસ્લામ–થામ, દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચ વગેરે ઠેકાણે મર્હૂમાના ઈસાલે સવાબ અર્થે કુર્આન ખ્વાની પણ કરવામાં આવી. રબ્બે કરીમ મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*

### શાદી મુબારક !

**ધોરાજી** : થી અસ્ફાક ઉમર સુર્યા જણાવે છે કે તા. ૧–૧–૨૦૧૧ શનિવારના રોજ તેમનાં બહેન ''તબસ્સુમબાનુ''ની શાદી ઉપલેટાના રહેવાસી અબ્દુલભાઈ બાટવીયાના નેક ફરઝંદ ''મુહમ્મદ ઈરફાન'' સાથે થયેલ છે. (મુબારકબાદ ! *–તંત્રી*)

**વોરાસમની** : મુક઼ામે દાઉદ મુહમ્મદ અક્કુના નેક ફરઝંદ મૌલાના મુબારક મિસ્બાહીની શાદી કોસાદ આવાસ નિવાસી મૂસા અહમદ ભજીયાવાલાની નેક પુત્રી સુમૈયાબાનુ સાથે તા. ૫–૨–૨૦૧૧ના રોજ થઈ. સવારે નવ વાગ્યે મસ્જિદમાં મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગ : સુન્ની દા'વતે ઈસ્લામી)એ નૂરાની બયાન કર્યું અને નિકાહ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી સાહબે પઢાવ્યા. (દુલ્હા દુલ્હન સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*)

### ★ જશ્ને દસ્તારબંદી વ જશ્ને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ★

દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ : ખાતે તા. ૨૧–૧–૨૦૧૦ના રોજ રાત્રે ઈશાની નમાઝ બાદ દારુલ ઉલૂમમાંથી હાફેઝ થનાર ૧૬ હાફિઝો અને ૨ ક઼ારી સાહબોની દસ્તારબંદીનો શાનદાર પ્રોગ્રામ બનામે ''જશ્ને ઈમામ અહમદ રઝા'' رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં અતાએ મુફતીએ આ'ઝમ મુબલ્લિગે ઈસ્લામ હઝરત મૌલાના હાફિઝ ક઼ારી મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ શાને આ'લા હઝરતમાં અનોખા અંદાઝમાં બયાન કર્યું હતું. અને મસ્લકે આ'લા હઝરતને મજબૂતથી થામવા અને બાતિલ ફિર્કાઓથી સાવધાન રહેવા તાકીદ કરી હતી. નિઝામત હઝરત મૌલાના કલીમુલ્લાહ નિઝામી સાહબ (સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ હાઝા)એ સંભાળી હતી. ઉપરાંત ઉસ્તાઝુલ હુફ્ફાઝ જનાબ હાફેઝ ઈબ્રાહીમ કાપોદ્રવી સાહબ અન્ય સાદાતે કિરામ, ઉલમા તથા મુબલ્લિગોની ભરચક હાજરી રહી હતી.

**ભરૂચ** : (અલ ફલાહ પાર્ક) જનાબ દાઊદભાઈ આદમ ઝંઘારવીના સાહબઝાદા ઈમ્તેયાઝના ત્યાં (અમેરિકા) બેબીનો જન્મ થયો જેનું નામ ''ફાતિમા'' રાખવામાં આવ્યું. જેની ખુશીમાં દાદા તરફથી રૂા. ૧૦૦ ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ ''બેબી ફાતિમા''ને ''હઝરત ફાતિમા ઝહરા'' رضی اللہ عنہاના સદક઼ામાં બંને જહાનમાં આબાદ રાખે અને મા બાપ તથા સર્વ ઘરવાળાંની આંખોની ઠંડક બનાવે. (આમીન) *–તંત્રી*

### લેખ હરીફાઈનું પરિણામ......

**વિષય : કરજ લેનાર તથા આપનાર અને ઈસ્લામી શરીઅત**

**પ્રથમ નં** : અબ્દુર્રહમાન દાઉદ પટેલ-પારખેત
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**બીજો નં.** : મુહમ્મદ તૌસીફશરીફ-પાલેજ
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**ત્રીજો નં.** : સૈયદ મુહમ્મદ મુનાદિન હકીમ
*(જામે મસ્જિદ પાસે, મુકામ હાડગુડ, તા. જિ. આણંદ)*

### હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!

## ઈલ્મ તથા ઉલમાની ફઝીલત અને આપણે

કુર્આન હદીષની રોશનીમાં ઈલ્મે દીનનું શું મહત્વ છે ? તથા ઉલમાએ દીનની શી ફઝીલત છે ? એ સંબંધે તેહક઼ીક઼ી લેખ રજૂ કરવામાં આવે અને વર્તમાન સમયમાં લોકો ઈલ્મ તથા ઉલમાથી કેટલી ગફલત વર્તે છે અને તેમના મર્તબાથી કેટલી હદે ગાફિલ રહી અયોગ્ય વર્તાવ વર્તે છે એ સંબંધે અસરકારક બોધદાયક લખાણ મોકલવામાં આવે. *–તંત્રી*

**તા. ૧૦–૦૪–૨૦૧૧ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** *-તંત્રી*

## ઉર્સે ખ્વાજા દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ

વિશ્વ વિખ્યાત વલીયુલ્લાહ **હઝરત ખ્વાજાએ ખ્વાજગાં, મહબૂબે સુબ્હાની ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા** رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક ૧૩ માર્ચથી ૧૯ માર્ચ, રબીઉલ આખર ૨ ચાંદ થી ૧૩ સુધી શાનો શૌકતથી મનાવાશે. ૧૦ મા ચાંદે ૧૫–૩–૨૦૧૧ની રાત્રે સંદલ શરીફ કુર્આન ખત્મ, ચાદર તથા ગુલપોશી ફાતેહા, શજરા શરીફ પઢી દુઆઓ થશે. દેશ વિદેશથી અક઼ીદતમંદો પોતાની મુરાદો પામવા બીમારીઓથી નજાત પામવા, જિન પલીત વગેરેની મુસીબતોથી છૂટકારો, બેઔલાદવાળા ઔલાદ માટે આવે છે અને સૌ જોળી ભરીને જાય છે. તો આ મહાન બાકરામત બાકમાલ બુઝુર્ગથી ફયઝ પામવા સૌને આમંત્રણ છે. (લખાણ ટૂંકાવીને) રજૂ. *સજ્જાદાનશીન પીર સૈયદ સફીયુલ્લાહબાવા એફ. દરિયાઈ–બીરપુર શરીફ*

નોંધ : **તીસાનો ચાંદ થશે તો સંદલ ૧૬–૩–૨૦૧૦ના થશે.**

## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે

3 X 2 લકઝરી બસ

**બસ ઉપાડવાની તારીખ :**

**૨૧–૫–૨૦૧૧, રાત્રે : ૧૦ વાગ્યે.**

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ** સાથે, **કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, કલીયર શરીફ, દિલ્હી, આગ્રા, ફતેહપુર સીકી, જયપુર, મીરાદાતાર પરત ધોળકા.**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૭,૨૫૧/– | રૂા. ૩,૭૫૧/– | ૧૭ |

**બસ ઉપાડવાનું સ્થળ :** તાલુકા પંચાયત, સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૮૯૮૭૯૮૮૬૨, ૯૭૨૪૬૫૯૮૫૩**

**નોંધ :** **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી રૂા. ૧૦૦/– પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૭/૫/૧૧ અને ૧/૬/૧૧ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** તા. ૭/૬/૧૧ના રોજ સવારની ચા તેમજ એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે. **૪.** રૂા. ૨૦૦૧/– એડવાન્સ ભરી આપની મનપસંદ શીટ બુક કરાવો.

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. વાઘેર યુવાન :** ઉંમર : ૪૬ વરસ, ઊંચાઈ : ૫'.૫'', વજન 60 Kgs., નવ પાસ, હેન્ડવર્ક–જરીભરત, માસિક આવક : ૫ થી ૬ હજાર રૂા., પરિવાર : હાલ ઘરે એકલા (જુનાગઢ તરફ) મો. ૯૭૧૨૧ ૮૫૯૪૧, ૯૬૮૭૫ ૬૪૨૭૪

**૨. શેખ યુવતી** : જ.તા. ૧૦–૧૦–૧૯૮૫, ઊંચાઈ : ૫.૪' એજ્યુ. B.com (M.S. Office, Tally) Computer (નડિયાદ તરફ) મો. ૯૭૨૭૫ ૫૬૫૦૧

**૩. સૈયદ યુવતી** : જ.તા. ૧૭–૮–૧૯૭૩, ઊંચાઈ : ૪.૧૦' એજ્યુ. B.Com, D.P.C.S. Computer, M.S. Office, હાલ : સર્વિસ : ઓર્થોપેડિક હોસ્પિટલમાં (નવસારી તરફ), મો. ૯૯૭૯૯ ૧૪૭૩૮

**૪. અન્સારી યુવતી** : ઉંમર : ૨૫ વર્ષ, એજ્યુ.. S.Y.B.com (નવસારી તરફ) ફોન : ૦૨૬૩૭ ૨૪૯૪૦૬

**૫. અન્સારી યુવતી** : ઉંમર : ૩૩ વર્ષ, ઊંચાઈ : ૫.૩' એજ્યુ.M.Com. M.Ed. હાલ : ટીચર્સ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ (નવસારી તરફ) ફોન : ૦૨૬૩૭–૨૪૯૪૦૬

**નોંધ :** વધુ માટે **'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈસ ૧૫ વીં સદી કા મુજદ્દિદ કોન ?

બિલા શુબા    બિલા શુબા



# હુઝુર મુફતી-એ-આઝમે-હિન્દ

## (ફરઝન્દે આલા હઝરત)

## મોહમ્મદ મુસ્તફા રઝા ખાં કાદરી નૂરી બરેલવી رضی اللہ عنہ

### → શરાઈતે મુજદ્દિદ ←

૧. સદી કે આખિર મેં શોહરતે તાઅમ્મા ખાસો આમ મેં હાસીલ હો. અગલી સદી કા કુછ વકત હયાતે ઝાહિરી મેં પાલે.
૨. કુર્આન, હદીસ, તફસીર, ફિકહ કા ઝબરદસ્ત આલિમ હો.
૩. શરીયતે મુસ્તફા ﷺ કા ઝબરદસ્ત હામી ઔર ખુદ પાબંદે શરાહ હો.
૪. ઓલમા વ મશાએખ ઉસે અપના મુકતદા તસ્લીમ કરતે હોં. ઔર દીની મસાઈલ મેં ઉસી સે રૂજૂ કરતે હોં.
૫. ઉસકા હર અમલ અલ્લાહ عزوجل કી રઝા ઔર દીન કે ફાયદે કે લિયે હો.
૬. અપને ઝાતી મફાદ કે લિયે કિસી કે આગે દસ્તે તલબ દરાઝ ના કરતા હો.

**ઉપર લીખે શરાઈત પર અગર કોઈ જાત પૂરી ઉતરતી હો. તો વોહ સરકાર મુફતી-એ-અઝિમ કી જાત હૈ.**

**ખૂશ ખબર IT'S A GREAT PLEASURE TO ANNOUNCE ખૂશ ખબર**

## THE OFFICIAL WEB SITE OF THIS 15TH CENTURY MUJADDID

## HUZUR MUFTI-E-AAZAM -E-HIND

# www.muftiaazam.com
# www.15thcenturymujaddid.com

BY : NAWASA-E-MUFTI-E-AAZAM HAZRAT JAMAL RAZA KHAN SAHAB
QADRI RAZVI NOORIE, BAREILLY SHARIF UP., INDIA. PH. 094128 23532